Extra No.6 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**EXTRA ORDINARY**

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, JANUARY 25, 2005/MAGHA 5, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IX**

**Gujarati translations of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૫.

તારીખ : ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૫ ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં** અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૫ ના **ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧ નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

**ડી. ડી. ઉપાધ્યાય**

સરકારના સંયુક્ત સચિવ.

**GUJARAT ACT NO. 1 OF 2005.**

**THE GUJARAT VALUE ADDED TAX ACT, 2003.**

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૨૦૦૫ ના જાન્યુઆરી મહિનાની ૧૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**એસ. એસ. પરમાર,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 1 OF 2005.**

***AN ACT***

***to consolidate and amend the laws relating to the levy and collection of tax on value added basis in respect of sale or purchases of goods in the State of Gujarat.***

**સન ૨૦૦૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧.**

**(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૫ના જાન્યુઆરી મહિનાની ૨૫મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર'' માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)**

**ગુજરાત રાજ્યમાં માલના વેચાણ અથવા ખરીદીઓના સંબંધમાં મૂલ્યવર્ધિત ધોરણે વેરો લેવા અને વસૂલ કરવાને લગતાં કાયદા એકત્રિત કરવા અને સુધારવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજ્યના ચોપનમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:

**પ્રકરણ ૧**

**પ્રારંભિક**

**ટૂંકી સંજ્ઞા વ્યાપ્તિ અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને આ અધિનિયમની બાકીની જોગવાઇઓ, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે અને જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો

(૧) ''ખેતી'' એ શબ્દમાં અને તેના વ્યાકરણીય રૂપાંતરો અને સમૂલીય શબ્દોપ્રયોગોમાં ફૂલઉછેરનો, બાગબાનીનો, પાક, ઘાસ અથવા બગીચાના ઉત્પન્ન ઉગાડવાનો અને ચરાણનો પણ સમાવેશ થાય છે; પરંતુ તેમાં ડેરી ઉદ્યોગ, મરઘાં ઉછેર, પશુસંવર્ધન અથવા માત્ર લાકડાં અથવા ઘાસ કાપવાનો અથવા ફળ વેડવાનો સમાવેશ થતો નથી;

(૨) ''ખેડૂત'' એટલે ખેતીના હેતુ માટે જમીનની ખેતી જાતે કરનાર વ્યકિત :

(૩) ''નિયત દિવસ'' એટલે સન ૨૦૦૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ;

P. III--A.--Bill/385F. Dt. 20/6/2001

(૪) ''ધંધો'' એ શબ્દમાં

(૧) કોઇ વેપાર, વાણિજય કે ઉત્પાદનનો અથવા વેપાર, વાણિજય કે ઉત્પાદન સ્વરૂપના કોઇ સાહસ અથવા કામકાજનો, પછી એવો વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજ નફો અથવા મળતરના હેતુથી કરવામાં આવતા હોય કે ન હોય અને એવા વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજમાંથી કશો નફો અથવા મળતર થતો હોય કે ન હોય તો પણ તેનો; અને

(૨) પ્લાન્ટ, યંત્રસામગ્રી, કાચા પદાર્થો, પ્રક્રિયાનો માલસામાન, પેકીંગ માટેની સામગ્રી, ખોખાં, વપરાશી માલ, વેસ્ટમાંની બનાવટોનો અથવા એવા વેપાર, વાણિજય, ઉત્પાદન, સાહસ અથવા કામકાજને સહાયક અથવા આનુષંગિક અથવા તેમાંથી પરિણમતો એવો બીજો માલ અથવા તેમાંનો વેસ્ટ અથવા ભંગાર, ખરીદવાના, વેચવાના અથવા પૂરાં પાડવાના કોઇ સોદાનો સમાવેશ થાય છે :

(૫) ''કેપીટલ ગુડઝ'' એટલે ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાના હોય તે પ્લાન્ટ અને યંત્રસામગ્રી અને રાજ્ય સરકાર, રાજપત્રમાં વખતોવખત જાહેર કરે તેવો બીજો માલ; **સન ૧૯૫૬નો ૭૪મો**

(૬) ''કેન્દ્રીય અધિનિયમ'' એટલે કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬;

(૭) ''કમિશન એજન્ટ'' એટલે જે કોઇ વેપારી, કબૂલ કરેલા કમિશનથી તેના મુખ્ય વેપારીઓના વતી શુદ્ધબુદ્ધિથી કોઇ માલ ખરીદે અથવા વેચે તે વેપારી;

(૮) ''કમિશનર'' એટલે આ અધિનિયમના હેતુઓ સારુ વાણિજ્યિક વેરા કમિશનર તરીકે નીમાયેલી વ્યક્તિ;

(૯) (ક) ''ખેતી કરવી'' એટલે કોઇપણ ખેતીનું કામ કરવું; અને

(ખ) ''જાતે ખેતી કરવી'' એટલે

(૧) પોતાના શ્રમથી, અથવા

(૨) પોતાના જ કુટુંબના શ્રમથી, અથવા

(૩) રોકડ કે વસ્તુરૂપે (પાકના ભાગના રૂપમાં નહિ પરંતુ) આપવાની મજુરીથી નોકરો રાખીને અથવા પોતાની અંગત દેખરેખ હેઠળ અથવા પોતાના કુટુંબના કોઇપણ સભ્યની અંગત દેખરેખ હેઠળ દહાડિયા રાખીને, પોતાને માટે ખેતી કરવી.

**સ્પષ્ટીકરણ ૧.**કોઇ વિધવા અથવા સગીર અથવા કોઇ શારિરીક અથવા માનસિક અશક્તતાને અધીન વ્યક્તિ, તેણીના અથવા તેના નોકરોથી અથવા કોઇ દહાડિયાથી ખેતી કરવામાં આવી હોય તો તેણે જાતે ખેતી કરી છે તેમ ગણાશે.

**સ્પષ્ટીકરણ ૨.**હિંદુ અવિભક્ત કુટુંબના કિસ્સામાં, એવા કુટુંબના કોઇ સભ્ય દ્વારા ખેતી કરવામાં આવી હોય તો જમીનની જાતે ખેતી કરી છે તેમ ગણાશે.

(૧૦) ''વેપારી'' એટલે રોકડ અથવા વિલંબિત ચૂકવણી બદલ અથવા કમિશન, મહેનતાણું અથવા અન્યથા પોતાના ધંધાના હેતુ માટે અથવા તેવા ધંધામાં રોકાયેલ હોય તેના પરિણામરૂપે અથવા તેને સંકળાયેલી અથવા આનુષાંગિક રીતે અથવા તે દરમિયાન, પ્રત્યક્ષ અથવા અન્યથા માલ ખરીદતી હોય, વેચતી હોય, ઉત્પાદન કરતી હોય, બનાવતી હોય, પૂરો પાડતી હોય અથવા વિતરણ કરતી હોય તે વ્યક્તિ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે,

(ક) કેન્દ્ર સરકાર, અથવા રાજ્ય સરકાર અથવા નગરપાલિકા અથવા

મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયત અથવા વૈધાનિક સત્તામંડળ જેવા કોઇ સ્થાનિક સત્તામંડળ, કંપની, ભાગીદાર પેઢી, હિંદુ અવિભક્ત કુટુંબ અથવા ધંધો કરતી વ્યક્તિઓની કોઇ મંડળી, કલબ, એસોસીયેશન અથવા સંસ્થાપિત હોય કે ન હોય તેવું મંડળ;

(ખ) પ્રાસંગિક વેપારી એટલે કે રાજ્યમાંના કોઇપણ પ્રદર્શન સહવેચાણ અથવા હરાજી અથવા અન્યથા રોકડ, વિલંબિત ચુકવણી, કમિશન, મહેનતાણા અથવા બીજા કીમતી અવેજ બદલ, તે પ્રકારના ધંધાથી પ્રાસંગિક કામગીરી, મુખ્યવેપારી, એજન્ટ અથવા બીજી કોઇ હેસિયતથી હાથ ધરે તે વ્યક્તિ;

(ગ) કોઇ હરાજી કરનાર, જે પ્રગટ હોય કે ન હોય તેવા કોઇ મુખ્ય વેપારીની માલિકીનો માલ વેચતો હોય અથવા હરાજી કરતો હોય અને એવા ઇરાદાવાળા ખરીદનારની દરખાસ્ત (ઓફર) તેના દ્વારા અથવા મુખ્યવેપારી દ્વારા અથવા મુખ્યવેપારીના નામનિયુક્ત કરેલ વ્યક્તિ દ્વારા સ્વીકારવામાં આવી હોય કે ન હોય;

(ઘ) પ્રગટ હોય કે ન હોય તેવા કોઇ મુખ્ય વેપારી વતી ધંધો કરતાં કોઇ ફેકટર (આડતિયા), બ્રોકર (દલાલ), કમિશન એજન્ટ, ડેલ ક્રેડીરી એજન્ટ અથવા હરાજી કરનાર અથવા ગમે તે નામે ઓળખાતા કોઇ મર્કેન્ટાઇલ એજન્ટ;

(ચ) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ, કરાર અનુસાર હોય તે સિવાય અન્યથા કોઇ માલમાંની મિલકતની તબદીલી કરતી કોઇ વ્યક્તિ;

(છ) બાંધકામ કરારની અમલબજવણીમાં સમાવિષ્ટ માલમાંની મિલકતની (માલ તરીકે અથવા કોઈ બીજા સ્વરૂપે) તબદીલી કરતી કોઈ વ્યકિત;

(જ) ભાડાખરીદીથી અથવા હપ્તેથી ચુકવણીની કોઈ પધ્ધતિથી માલ પહોંચાડતી હોય તેવી કોઈ વ્યકિત;

(ઝ) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ કોઈ હેતુ માટે, (નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય) કોઈ માલનો ઉપયોગ કરવાનો હક તબદીલ કરતી હોય તેવી કોઈ વ્યકિત; અને

(ટ) કોઈ સેવાની રીતે અથવા તેના કોઈ ભાગ તરીકે અથવા બીજી ગમે તે રીતે, ખોરાક અથવા માનવ વપરાશ માટેની કોઈ બીજી ચીજવસ્તુ અથવા કોઈ પીણું (કેફી હોય કે ન હોય તેવું) પૂરું પાડતી કોઈ વ્યકિત, જયારે એવો પૂરવઠો અથવા સેવા, રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ હોય ત્યારે.

**સ્પષ્ટીકરણ :** (૧) કોઈ મંડળી (સહકારી મંડળી સહિત), કલબ અથવા પેઢી અથવા એસોસિયેશન, જે રોકડ, વિલંબિત ચૂકવણી, કમિશન, મહેનતાણું અથવા બીજા કીમતી અવેજ બદલ, ધંધા દરમિયાન હોય કે ન હોય તો પણ પ્રત્યક્ષ રીતે અથવા અન્યથા પોતાના સભ્યો અથવા બીજી વ્યકિતઓ પાસેથી માલ ખરીદે કે તેમને વેચે, પૂરો પાડે અથવા વિતરણ કરે, તો તે, આ અધિનિયમના હેતુઓ માટે વેપારી ગણાશે.

(૨) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ અથવા રેલવે તંત્ર અથવા પોર્ટ ટ્રસ્ટ અથવા વૈધાનિક મંડળ, જે રોકડ, વિલંબિત ચૂકવણી, કમિશન, મહેનતાણું અથવા બીજા કીમતી અવેજ બદલ, ધંધા દરમિયાન હોય કે ન હોય તો પણ પ્રત્યક્ષ રીતે અથવા અન્યથા માલ ખરીદે, વેચે, પૂરો પાડે અથવા વિતરણ કરે, તો તે, આ અધિનિયમના હેતુઓ માટે વેપારી ગણાશે.

(૩) કોઈ વ્યકિત અથવા મંડળ, રોકડ, વિલંબિત ચૂકવણી, કમિશન, મહેનતાણું

અથવા બીજા કીમતી અવેજ બદલ, હરાજીથી અથવા અન્યથા પ્રત્યક્ષ રીતે અથવા કોઈ એજન્ટ મારફતે નધણિયાતો, જપ્ત કરેલ, નકામો, ભંગાર, ફાજલ, જૂનો, અપ્રચલિત, કાઢી નાખેલ, રદ્દી અથવા ફાજલ પેદાશ અથવા માલ સહિતનાં કોઈ માલનો નિકાલ કરે, તો તે, આ અધિનિયમના હેતુઓ માટે વેપારી ગણાશે.

સન ૧૯૫૬નો ૭૪મો.

**અપવાદો :** આ ખંડના અર્થ મુજબ નીચેનામાંનું કોઈ વેપારી ગણાશે નહિ :

(૧) જાતે ખેતી કરેલી જમીન ઉપર ઉગાડેલા ખેતીનાં ઉત્પન્નનું જ વેચાણ કરતો હોય તે ખેડૂત;

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

(૨) જે કોઈ વ્યકિત, પોતે જાતે અથવા તેના કુટુંબની કોઈ વ્યકિતએ પકડેલી કોઈ માછલી અથવા કોઈ દરિયાઈ ખોરાકનું જ, આવી વ્યકિત માટે અથવા તેના વતી વેચાણ કરતી હોય તે વ્યકિત;

સન ૧૯૮૯નો ગુજરાતનો ૧૧મો.

(૩) ધંધાના સ્વરૂપના ન હોય તેવા નિર્ધારિત ઉદ્દેશો પાર પાડવા માટે, પોતાનાં કાર્યો બજાવતી વખતે માલનું ઉત્પાદન કરવાની, ખરીદવાની, વેચાણ કરવાની કે તે પૂરાં પાડવાની પ્રવૃત્તિ કરતી સખાવતી, ધાર્મિક અથવા શૈક્ષણિક સંસ્થા.

(૧૧) ''જાહેર કરેલો માલ'' એટલે કેન્દ્રીય અધિનિયમની કલમ ૧૪ હેઠળ આંતરરાજય વેપાર અથવા વાણિજયમાં જાહેર કરેલ વિશેષ મહત્વ ધરાવતા માલ તરીકે જાહેર કરેલો માલ;

(૧૨) ''અગાઉનો કાયદો'' એટલે વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ અને ગુજરાત શેરડી ઉપર ખરીદ વેરા અધિનિયમ, ૧૯૮૯ અને ઉપર્યુકત અધિનિયમો હેઠળ કરેલ કોઈ કૃત્ય અથવા કાર્યલોપને કાયદેસર ઠરાવેલ હોય તેવા અધિનિયમનો.

(૧૩) ''માલ'' એટલે (વર્તમાનપત્રો અથવા દાવાયોગ્ય હકો, વીજળી, સ્ટોક અને શેર અને જામીનગીરીઓ સિવાયની) તમામ પ્રકારની જંગમ મિલકત અને તેમાં પશુધન, તમામ સામગ્રીઓ, ચીજો અને વસ્તુઓ અને બાંધકામ કરારની અમલ બજવણીમાં સમાવિષ્ટ દરેક પ્રકારની મિલકત (માલ તરીકે અથવા કોઈ બીજા સ્વરૂપમાં), તમામ અમૂર્ત ચીજવસ્તુઓ અને ઉગતો પાક, ઘાસ, જમીનને સંપૃકત અથવા તેનો ભાગ બનતા ઉભા ઈમારતી લાકડાં અથવા વસ્તુઓ, જે વેચાણ પહેલા કે વેચાણના કરાર હેઠળ જુદા પાડવાનું કબૂલવામાં આવેલું હોય તે માલ;

(૧૪) ''બનાવટ'' એ શબ્દનો અને તેના વ્યાકરણિય રૂપાંતરો તથા સમૂલીય શબ્દપ્રયોગોનો અર્થ કોઈ માલ ઉત્પન્ન કરવો, બનાવવો, તેમાંથી અર્ક કાઢવો, તે એકઠો કરવો, તેમાં ફેરફાર કરવો, તેને સુશોભિત કરવો, ઓપ આપવો, તેના છૂટા ભાગો જોડવા, અથવા બીજી રીતે તેના ઉપર પ્રક્રિયા કરવી, તેની માવજત કરવી અથવા તેનું સંયોજન કરવું એવો થાય છે; પરંતુ તેમાં ઠરાવવામાં આવે તેવી બનાવટ અથવા માલ બનાવવાની પ્રક્રિયાનો સમાવેશ થતો નથી;

(૧૫) ''વ્યકિત'' માં કોઈ વ્યકિત, સંયુકત કુટુંબ, અથવા હિંદુ અવિભકત કુટુંબ, કંપની, પેઢી, વ્યકિતઓનું એસોસિયેશન અથવા વ્યકિતઓનું મંડળ, પછી તે સંસ્થાપતિ હોય કે ન હોય તો પણ, મંડળી, કલબ અથવા બીજી સંસ્થા, સ્થાનિક સત્તામંડળ, કેન્દ્ર સરકાર, અથવા રાજય સરકાર અને આગળના વર્ણનો પૈકી કોઈ વર્ણનમાં આવતી ન હોય તેવી દરેક કૃત્રિમ કાનૂની વ્યકિતનો સમાવેશ થાય છે.

(૧૬) ''ધંધાનું સ્થળ'' એટલે કોઈ વેપારી ધંધો ચલાવતો હોય તેવું કોઈપણ સ્થળ અને તેમાં, **સન ૧૯૮૬નો ૫મો. સન ૧૯૬૨નો ૫૨મો.**

(ક) વખાર, ગોદામ, અથવા વેપારી પોતાના માલનો સંગ્રહ કરતો હોય અથવા તેની પ્રક્રિયા કરતો હોય તેવું બીજું સ્થળ;

(ખ) વેપારી માલનું ઉત્પાદન કરતો અથવા બનાવતો હોય તેવું કોઈ સ્થળ;

(ગ) વેપારી પોતાના હિસાબના ચોપડા રાખતો હોય તેવું કોઈ સ્થળ;

(ઘ) કોઈ વાહન અથવા વહાણ અથવા બીજું કોઈ કેરિયર કે જેમાં માલનો સંગ્રહ કરવામાં આવતો હોય કે માલની હેરફેર માટેના ઉપયોગમાં લેવામાં આવતું હોય;

(ચ) વેપારી જેના મારફતે ધંધો ચલાવતો હોય તેવા ગમે તે નામે ઓળખાતા એજન્ટના ધંધાનું સ્થળ.

(૧૭) ''ઠરાવેલું'' એટલે નિયમોથી ઠરાવેલું;

(૧૮) ''ખરીદ કિંમત'' એટલે કેન્દ્રીય આબકારી ટેરીફ અધિનિયમ, ૧૯૮૫ અથવા સીમા શુલ્ક અધિનિયમ, ૧૯૬૨ હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર શુલ્કની રકમ સહિત કોઈ ખરીદી માટે વ્યકિતએ ચૂકવેલ અથવા ચૂકવવાપાત્ર કીમતી અવેજની રકમ અને હેરફેર માટે અથવા સ્થાપનના (ઈન્સ્ટોલેશન) વીમાના ખર્ચ (કોસ્ટ), જયારે અલગથી લેવામાં આવેલ હોય તે સિવાય, માલ પહોંચાડતી વખતે અથવા તે પહોંચે તે પહેલાં માલના સંબંધમાં વેચનારે કરેલ કોઈ કામ માટે લીધેલી કોઈ રકમ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે,

(ક) (૧) કરાર અનુસાર હોય તે સિવાય અન્યથા કોઈ માલમાંની મિલકતની તબદીલીના સંબંધમાં;

(૨) વ્યકિતઓના કોઈ બિનસંસ્થાપિત એસોસિયેશને અથવા મંડળે તેના સભ્યને પૂરા પાડેલ માલના સંબંધમા;

(૩) કોઈ સેવા તરીકે અથવા તેના ભાગ તરીકે અથવા ગમે તે પ્રકારની બીજી કોઈ રીતે, ખોરાક અથવા માનવ વપરાશ માટેની બીજી કોઈ પણ ચીજ હોય અથવા એવું કોઈ પીણું (કિફી હોય કે ન હોય) એવો માલ પૂરો પાડવાના સંબંધમાં,

તે માટે ચૂકવેલ અથવા ચૂકવવાની રોકડ રકમ, વિલંબીત ચુકવણી અથવા અન્ય કીમતી અવેજનો;

(ખ) બાંધકામના કરારનો (વર્કર્સ કોન્ટ્રેકટ) અમલ કરવામાં જરૂરી હોય તે માલમાંની મિલકત (પછી તે માલ તરીકે અથવા અન્ય કોઈ સ્વરૂપે હોય તો પણ તે) તબદીલ કરવાના સંબંધમાં, એવા બાંધકામના કરારનો (વર્કર્સ કોન્ટ્રેકટ) અમલ કરવા માટે કોઈ વ્યકિતએ ચુકવેલા અથવા ચૂકવવાના કીમતી અવેજની રકમમાંથી, એવા અમલ માટે મજૂરીના ચાર્જો દર્શાવતી રકમ બાદ કર્યા પછી જે રકમ રહે તે રકમનો;

(ગ) ભાડાખરીદથી અથવા હપ્તાઓ દ્વારા ચુકવણીની કોઈ પધ્ધતિથી, માલ પહોંચાડવાના સંબંધમાં, એવી રીતે પહોંચાડવા માટે કોઈ વ્યકિતએ ચૂકવવાના કીમતી અવેજની રકમનો.

(૧૯) ''કાચો માલ'' એટલે બીજા માલના ઘટક દ્રવ્ય તરીકે વપરાતો હોય તેવો

માલ અને તેમાં, પ્રક્રિયા સામગ્રી, વપરાશી ચીજવસ્તુઓ અને એવી રીતે ઉત્પાદન કરેલ માલના પેકિંગમાં ઉપયોગમાં લીધેલ સામગ્રીનો સમાવેશ થાય છે પણ તેમાં, વીજળી પેદા કરવાના હેતુ માટેના બળતણનો સમાવેશ થતો નથી;

(૨૦) ''રજિસ્ટર થયેલ વેપારી'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રજિસ્ટર થયેલ વેપારી જે, આ અધિનિયમ હેઠળ આપેલ અથવા આપેલ હોવાનું માનવામાં આવતું હોય તેવું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ધરાવતો હોય; તે

(૨૧) ''ફેરવેચાણ'' એટલે ખરીદેલા માલનું,

(૧) જે સ્વરૂપમાં તે માલ ખરીદવામાં આવ્યો હોય તે જ સ્વરૂપમાં વેચાણ; અથવા

(૨) કોઈ માલની બનાવટમાં તેમનો ઉપયોગ કર્યા સિવાય અથવા ઉત્પાદન ગણાય કે ઉત્પાદનમાં પરિણમે તેવી કોઈપણ પ્રક્રિયા તે માલ ઉપર કર્યા વગર કરેલું વેચાણ;

અને ''ફેર વેચાણ'' એ શબ્દનો અર્થ તદનુસાર કરવો;

(૨૨) ''નિયમો'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો;

(૨૩) ''વેચાણ'' એટલે રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ, રાજયની અંદર કરેલું માલનું વેચાણ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે,

(ક) કરાર અનુસાર હોય તે સિવાય બીજી રીતે કોઇ માલમાંની મિલકતની તબદીલીનો;

(ખ) બાંધકામના કરાર (વકર્સ કોન્ટ્રેકટ)નો અમલ કરવામાં સમાવિષ્ટ હોય તે માલમાંની મિલકત (પછી તે માલ તરીકે અથવા અન્ય કોઈ સ્વરૂપે હોય તો પણ તે) તબદીલ કરવાનો;

(ગ) ભાડાખરીદીથી અથવા હપ્તાઓ દ્વારા ચૂકવણીની કોઈ પધ્ધતિથી માલ પહોંચાડવાનો;

(ઘ) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ, કોઈ પણ હેતુ માટે (પછી તે નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય તો પણ) કોઈપણ માલ વાપરવાનો હક તબદીલ કરવાનો;

(ચ) રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ, વ્યકિતઓના કોઈપણ બિનસંસ્થાપિત એસોસિયેશને અથવા મંડળે, તેના સભ્યને માલ પૂરો પાડવાનો;

(છ) કોઈ મંડળીએ અથવા કલબે અથવા એસોસિયેશને, તેના સભ્યોને કિંમત લઈને અથવા ફી અથવા લવાજમ અથવા કોઈ અવેજ લઈને માલ પૂરો પાડવાનો;

(જ) કોઈ સેવા તરીકે અથવા તેના ભાગ તરીકે અથવા ગમે તે પ્રકારની બીજી કોઈ રીતે માલ પૂરો પાડવાનો;

(ઝ) ખોરાક અથવા માનવ વપરાશ માટેની બીજી કોઈપણ ચીજ હોય અથવા કોઈ પીણું (કેફી હોય કે ન હોય એવું) હોય એવો માલ પૂરો પાડવાનો; જયારે એવો પુરવઠો અથવા સેવા, રોકડથી, વિલંબિત ચુકવણી અથવા બીજા કીમતી અવેજ બદલ હોય ત્યારે,

(ટ) માલને વસ્તુવિનિમય પધ્ધતિથી પૂરો પાડવાનો,

(ઠ) ખંડ ૧૦ના સ્પષ્ટીકરણ (૩)માં ઠરાવેલી રીતે વ્યકિતએ માલનો નિકાલ કરવાનો, **સન ૧૯૮૬નો ૫મો.**

પણ તેમાં ગીરો, સાનગીરો, બોજ અથવા આડગીરો મૂકવાનો સમાવેશ થતો નથી; અને ''વેચવું'', ''ખરીદવું'' અને ''ખરીદી'' એ શબ્દોનો તેના તમામ વ્યાકરણિક રૂપાંતરો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિતનો અર્થ તે પ્રમાણે કરવો. **સન ૧૯૬૨નો ૫૨મો.**

**સ્પષ્ટીકરણ :** (૧) આ ખંડના હેતુઓ માટે, ''રાજયની અંદર કરેલા વેચાણ''માં કેન્દ્રીય અધિનિયમની કલમ ૪ની પેટાકલમ (૨)માં ઘડેલા સિધ્ધાંતો અનુસાર રાજયની અંદર થયું હોય તેવાં વેચાણ તરીકે નકકી થયેલા કોઈ વેચાણનો સમાવેશ થાય છે;

(૨) પેટાખંડ (ખ)ના હેતુ માટે ''વર્કસ કોન્ટ્રાકટ'' એટલે બાંધકામના અમલ કરવા માટેનો કરાર અને તેમાં રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા વર્કસ કોન્ટ્રાકટનો સમાવેશ થાય છે;

(૩) ધંધા દરમિયાન હોય કે ન હોય તો પણ રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા ''કીમતી'' અવેજ બદલ, કેન્દ્ર સરકારે, કોઈ રાજય સરકારે, વૈધાનિક મંડળે અથવા સ્થાનિક સત્તામંડળે કરેલ માલમાંની મિલકતની દરેક તબદીલી, આ અધિનિયમના હેતુઓ માટે 'વેચાણ' ગણાશે.

(૨૪) ''વેચાણ કિંમત'' એટલે કેન્દ્રીય આબકારી ટેરીફ અધિનિયમ, ૧૯૮૫ અથવા સીમા શુલ્ક અધિનિયમ, ૧૯૬૨ હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર શુલ્કની રકમ સહિત કોઈ માલના વેચાણ માટે વેપારીને ચુકવેલ અથવા ચુકવવાપાત્ર અથવા વેપારીએ મેળવેલ અથવા મળવાપાત્ર કીમતી અવેજની રકમ અને માલ પહોંચાડતી વખતે અથવા તે પહેલા, તે માલના સંબંધમાં વેપારીએ કરેલ કોઈ કામ માટે લીધેલી કોઈ રકમ અને તેમાં,

(ક) (૧) કરાર અનુસાર હોય તે સિવાય કોઈ માલમાંની મિલકતની તબદીલી,

(૨) કોઈપણ હેતુ માટે કોઈ માલના વપરાશના હકની તબદીલી, પછી તે નિર્દિષ્ટ મુદત માટે હોય કે ન હોય તો પણ,

(૩) કોઈ બિનસંસ્થાપિત એસોસિયેશને અથવા વ્યકિતઓના મંડળે તેના સભ્યને માલ પુરો પાડવાનો,

(૪) કોઈ સેવાની રીતે અથવા તેના કોઈ ભાગ તરીકે અથવા બીજી ગમે તે રીતે ખોરાક અથવા માનવ વપરાશ માટેની કોઈ ચીજવસ્તુ અથવા કોઈ પીણું (કેફી હોય કે ન હોય) પૂરું પાડવાના સંબંધમાં,

ચુકવેલ અથવા ચુકવવાની રોકડ રકમ અથવા વિલંબિત ચૂકવણી અથવા બીજા કીમતી અવેજનો સમાવેશ થાય છે,

(ખ) બાંધકામના કરારની અમલબજવણીમાં સમાવિષ્ટ માલમાંની મિલકતની (માલ તરીકે અથવા કોઈ બીજા સ્વરૂપમાં ) તબદીલીના સંબંધમાં, એવા બાંધકામના કરારની અમલબજવણી માટે વ્યકિતને ચૂકવેલ અથવા ચુકવવાના કીમતી અવેજની રકમમાંથી એવી અમલબજવણી માટે મજૂર ખર્ચ દર્શાવતી રકમો બાદ કરતાં જે રકમ આવે તે;

(ગ) ભાડાંખરીદીથી અથવા હપ્તેથી ચુકવણીની કોઈ પધ્ધતિથી માલ

પહોંચાડવાના સંબંધમાં, એવી રીતે પહોંચાડવા માટે વ્યક્તિને ચુકવવાપાત્ર કીમતી અવેજની રકમ;

(૨૫) ‘‘અનુસૂચિ’’ એટલે આ અધિનિયમને જોડેલી અનુસૂચિ;

(૨૬) ‘‘રાજય’’ એટલે ગુજરાત રાજય;

(૨૭) ‘‘વેરો’’ એટલે આ અધિનિયમ હેઠળ માલના વેચાણો અથવા ખરીદીઓ ઉપર લેવાપાત્ર અને ચુકવવાપાત્ર વેરો અને તેમાં કલમ ૧૪ હેઠળ લેવાપાત્ર અથવા ચુકવવાપાત્ર ઉચકવેરાનો સમાવેશ થાય છે;

(૨૮) ‘‘વેરા મુદત’’ એટલે અંગ્રેજી માસ અથવા રાજય સરકાર ઠરાવે તેવો ત્રિમાસ;

(૨૯) ‘‘વેરાપાત્ર માલ’’ એટલે કલમ ૫ હેઠળ જેના વેચાણો અથવા ખરીદીઓ ઉપર વેરો ચૂકવવાનો ન હોય તે સિવાયનો માલ;

(૩૦) ‘‘વેરાપાત્ર ટર્નઓવર’’ એટલે

(ક) આ અધિનિયમ હેઠળ વેરાને અધીન ન હોય તેવા વેચાણોનું ટર્નઓવર;

(ખ) કલમ ૫ની પેટાકલમ (૧) હેઠળ અથવા કલમ ૫ની પેટાકલમ (૨) હેઠળના જાહેરનામા હેઠળ વેરામુકત જાહેર કરેલ હોય તેવા માલનું ટર્નઓવર, અને

(ગ) બાંધકામના કરારના સંબંધમાં વેચાણોના ટર્નઓવરના કિસ્સામાં, મજૂરી, સેવા અંગેનું ખર્ચ અને ઠરાવવામાં આવે તેવી અન્ય શરતોને અધીન તેના જેવા અન્ય ખર્ચને બાદ કરતાં,

કોઈપણ વર્ષમાં ઠરાવેલ મુદત દરમિયાન કોઇ વેપારીના તમામ વેચાણો અથવા ખરીદીઓનું ટર્નઓવર :

પરંતુ તેવા કરારમાં મજૂરી, સેવાઓનું ખર્ચ અને તેની જેવા અન્ય ખર્ચની રકમ, કરારની બોલીઓ અને શરતોથી નક્કી ન થઇ શકે તેમ હોય ત્યારે તેવા કિસ્સામાં, આવા ખર્ચની રકમ, ઠરાવવામાં આવે તેવી રીતે ગણવી જોઇશે;

(૩૧) ‘‘ટ્રિબ્યુનલ’’ એટલે કલમ ૧૯ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલ;

(૩૨) ‘‘ખરીદીઓનું ટર્ન ઓવર’’ એટલે આપેલી મુદત દરમિયાન કોઇ વેપારીએ કરેલી માલની કોઇ ખરીદીના સંબંધમાં વેપારીએ ચૂકવેલ અથવા ચૂકવવાપાત્ર ખરીદ કિંમતની રકમમાંથી, વેચનાર વેપારી પાસેથી ખરીદેલ અને ઠરાવેલ મુદતની અંદર તેને પરત આપેલ કોઇ માલના સંબંધમાં વેચનારે, વેપારીને રીફંડ આપેલ ખરીદ કિંમતની રકમ, કોઇ હોય, તો તે બાદ કર્યા પછી મળતી એકંદરે રકમ;

(૩૩) ‘‘વેચાણોનુ ટર્નઓવર’’ એટલે આપેલી કોઇ મુદત દરમિયાન કરેલા કોઇપણ માલના વેચાણના સંબંધમાં વેપારીને મળેલી અથવા મળવાની વેચાણકિંમતની રકમમાંથી ઠરાવેલી મુદતની અંદર, ખરીદનારે ખરીદેલા અને પાછા આપેલા કોઇ માલના સંબંધમાં વેપારીએ ખરીદનારને રિફંડ આપેલી વેચાણ કિંમતની રકમ, જો કોઇ હોય, તો તે બાદ કર્યા પછી જે રકમ રહે તે એકંદર રકમ;

(૩૪) ''કુલ ટર્નઓવર'' એટલે વેપારીએ કરેલ નીચે માણેની લેવડદેવડનું એકંદરે ટર્નઓવર:

(ક) રાજ્યની અંદર કરેલ માલના વેચાણો અથવા ખરીદીઓનું ટર્નઓવર પછી આવા માલના વેચાણો અથવા ખરીદીઓ આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય કે માફીપાત્ર હોય;

(ખ) આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન માલના વેચાણોનું ટર્નઓવર,

(ગ) ભારતના રાજ્ય ક્ષેત્રની બહાર નિકાસ દરમિયાનના માલના વેચાણોનું ટર્નઓવર,

(ઘ) વેપારીએ જાતે અથવા મુખ્ય વેપારી (ન્સિીપાલ) વતી કરેલ વેચાણોનું ટર્નઓવર,

(૩૫) ''માલનું મૂલ્ય'' એટલે ખરીદીના ભરતિયાં અથવા બિલમાંથી નક્કી કર્યા મુજબનું મૂલ્ય અને તેમાં વીમા ચાર્જ, આબકારી ડયુટી, તિશુલ્ક, મૂલ્યવર્ધિત વેરો, વેચાણવેરો, હેરફેર ચાર્જ, નૂરચાર્જ અને માલની લેવડદેવડને આનુષંગિક અન્ય તમામ ચાર્જનો સમાવેશ થાય છે :

પરંતુ ખરીદીના ભરતિયાં અથવા બિલ રજૂ કરવામાં આવ્યાં ન હોય અથવા ખરીદીની રીત સિવાયની બીજી કોઇ રીતે માલ સંપાદિત અથવા ઙ્ગ કરવામાં આવ્યો હોય ત્યારે, તેના જેવા કાર અથવા ગુણવત્તાનો માલ ખુલ્લા બજારમાં જે મુલ્યે વેચવામાં આવે અથવા વેચાણ માટે સક્ષમ હોય તે માલનું મૂલ્ય થશે.

(૩૬) ''વર્ષ'' એટલે

(૧) હિસાબોના નિયમિત ચોપડા રાખતો હોય તેવા કોઇ વેપારીના સંબંધમાં, પોતે જે વર્ષના સંદર્ભમાં હિસાબો રાખતો હોય તે વર્ષ; અને

(૨) અન્ય કોઇ વેપારીના સંબંધમાં, નાણાકીય વર્ષ :

પરંતુ રજિસ્ટર થયેલ વેપારી, કમિશનરની સંમતિ અને તે નક્કી કરે તેવી શરતોએ હોય તે સિવાય પોતે જેના સંદર્ભમાં હિસાબોના ચોપડા રાખતો હોય તે વર્ષમાં ફેરફાર કરવા હકદાર ગણાશે નહિ.

## કરણ ૨

## વેરાનું ભારણ અને વેરો લેવા બાબત

**વેરાનું ભારણ.**

**૩.** (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને,

(૧) નિયત દિવસની તરત અગાઉના વર્ષ દરમિયાન જેનું કુલ ટર્નઓવર પાંચ લાખ રૂપિયાથી વધારે હોય અને વેરાપાત્ર ટર્નઓવર વર્ષમાં દસ હજાર રૂપિયાથી વધારે હોય (ઉપર્યુક્ત કુલ ટર્નઓવર અને વેરાપાત્ર ટર્નઓવરની રકમનો, આમાં હવે પછી ''શરૂઆતનું ટર્નઓવર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે), અથવા

(૨) નિયત દિવસે અગાઉના કાયદા અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ હોય તે, અથવા

(૩) કોઇ વર્ષમાં, જેનું કુલ ટર્નઓવર અને વેરાપાત્ર ટર્નઓવર, શરૂઆતના ટર્નઓવર કરતાં પહેલીવાર વધતું હોય તે, અથવા

(૪) નિયત દિવસ પછી કોઇપણ સમયે, આ અધિનિયમ હેઠળ અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ વેપારી તરીકે રજિસ્ટર થયેલ હોય અથવા રજિસ્ટર થવા માટે જવાબદાર હોય તે દરેક વેપારી,

આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર વેરો ચૂકવવા જવાબદાર ગણાશે.

(૨) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ।સંગિક વેપારી અથવા હરાજી કરનાર, જો તેના વેચાણોનું વેરાપાત્ર ટર્નઓવર દસ હજાર રૂપિયાથી વધી જાય, તો તે, રજિસ્ટર થવાને જવાબદાર થશે અને તે આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર વેરો ભરવા જવાબદાર ગણાશે.

(૩) વેપારી,

(ક) પેટાકલમ (૧)ના ખંડો (૧) અને (૨)ના કિસ્સામાં, નિયત દિવસથી;

(ખ) પેટાકલમ (૧)ના ખંડ (૩)ના કિસ્સામાં, તાત્કાલિક અસરથી જ્યારે વર્ષના આરંભથી ગણતરી કરેલ તેનું ટર્નઓવર શરૂઆતના ટર્નઓવરથી થમવાર વધી જાય;

(ગ) પેટાકલમ (૧)ના ખંડ (૪)ના કિસ્સામાં , તે એવી રીતે જવાબદાર બને અથવા આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશનની તારીખ, એ બન્નેમાંથી જે વહેલું બને ત્યારથી, તાત્કાલિક અસરથી વેરો ભરવાને જવાબદાર ગણાશે :

પરંતુ આ પેટાકલમ હેઠળ અમલની સંબંધિત તારીખ પહેલાની મુદત દરમિયાન થતા શરૂઆતના ટર્નઓવરના સંબંધમાં, વેપારી વેરો ભરવાને જવાબદાર ગણાશે નહિ.

**અમુક વેચાણો અથવા ખરીદીઓ વેરાપાત્ર ન હોવા બાબત.**

(૪) આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર બનેલ હોય તેવો દરેક વેપારી, પોતાનું ટર્નઓવર અને વેરાપાત્ર ટર્નઓવર જે વર્ષ દરમિયાન શરૂઆતના ટર્નઓવરથી નીચું રહેલ હોય તે એક વર્ષ પુરૂ ન થાય ત્યાં સુધી અને ઠરાવવામાં આવે તેવી મુદતની તારીખ પછીની વધુ મુદત પૂરી ન થાય ત્યાં સુધી એવી રીતે વેરો ભરવાને જવાબદાર ગણાશે અને આવી વધુ મુદત પુરી થયે વેરો ભરવાની તેની જવાબદારીનો અંત આવશે :

પરંતુ આ અધિનિયમ હેઠળ વેરો ભરવાની જેની જવાબદારીનો અંત આવતો હોય અથવા વર્ષ દરમિયાનનું તેનું કુલ ટર્નઓવર અને વેરાપાત્ર ટર્નઓવર, શરૂઆતના ટર્નઓવરથી નીચું રહેતું હોય તેવો કોઈ વેપારી, પોતાનું રજિસ્ટ્રેશન માણપત્ર રદ કરવા માટે અરજી કરી શકશે અને તેમ થયે, વેરો ભરવાની તેની જવાબદારીનો અંત આવશે અને આવો વેપારી, પોતાનું રજિસ્ટ્રેશન માણપત્ર રદ ન થાય ત્યાં સુધી વેરો ભરવાને જવાબદાર ગણાશે.

**મુક્તિ.**

(૫) પેટાકલમ (૪) હેઠળ આ અધિનિયમ હેઠળની જેની વેરો ભરવાની જવાબદારીનો અંત આવ્યો હોય અથવા જેનું રજિસ્ટ્રેશન માણપત્ર રદ થયેલ હોય તેવો દરેક વેપારી, કોઈ વર્ષ (જે વર્ષમાં તેનું રજિસ્ટ્રેશન રદ થયેલ હોય તે વર્ષ સહિત) ના આરંભથી ગણેલ તેનું કુલ ટર્નઓવર અને વેરાપાત્ર ટર્નઓવરની શરૂઆતના ટર્નઓવરથી આવા વર્ષના કોઇપણ દિવસે ફરીથી વધી જાય તો, જે દિવસે વેચાણોનું તેનુ કુલ ટર્નઓવર, તે તારીખ પહેલા કરેલા વેચાણોનું એવું ટર્નઓવર, શરૂઆતના ટર્નઓવરથી ફરીથી વધી જાય તે દિવસની તરત પછીની તારીખથી વેરો ભરવા જવાબદાર ગણાશે.

(૬) આ અધિનિયમ હેઠળ પસાર થયેલ કોઇ હુકમથી, એવું જણાય કે વેપારી તરીકે રજિસ્ટર થયેલ કોઈ વ્યકિત એવી રીતે રજિસ્ટર થયેલ હોવો જોઈતો ન હતો, તો,

આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, એવી વ્યક્તિ, જાણે કે પોતે વેપારી હોય તેમ, પોતાના રજિસ્ટ્રેશનની તારીખથી શરૂ થતી અને આવા હુકમની તારીખથી પૂરી થતી મુદત માટે વેરો ભરવા જવાબદાર ગણાશે.

**વેપારીએ ચૂકવવાપાત્ર વેરા.**

**૪.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોમાંનો કોઈ મજકૂર, જ્યારે આવું વેચાણ અથવા ખરીદી

(ક) આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન; અથવા

(ખ) રાજ્યની બહાર; અથવા

(ગ) ભારતના રાજ્યક્ષેત્રમાં માલની આયાત અથવા તેની બહાર માલની નિકાસ દરમિયાન થાય, ત્યારે કોઈપણ માલના, વેચાણ અથવા ખરીદી પર વેરો નાખે છે અથવા તેની પર વેરો નાખવા અધિકૃત કરે છે એમ ગણાશે નહિ,

અને આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળના નિયમોનો તદ્નુસાર અર્થ કરવામાં આવશે.

**સ્પષ્ટીકરણ :** કોઈ ખાસ વેચાણ અથવા ખરીદી, ખંડો (ક), (ખ) અથવા (ગ)માં જણાવેલ રીતે થયેલ છે કે કેમ તે નક્કી કરવા માટે, કેન્દ્રીય અધિનિયમની કલમો ૩, ૪ અને ૫ લાગુ પડશે.

**વેચાણના ટર્નઓવર પર વેરા લેવા બાબત અને વેરાના દર.**

**વેરામાં સરભર કરવા બાબત.**

**૫.** (૧) અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલને તેમાં જણાવેલી શરતો અને અપવાદો ને અધીન રહીને વેરામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨) પોતે મૂકે તેવી શરતોને અધીન રહીને, રાજ્ય સરકાર, જાહેર હિતમાં તેમ કરવાનું જરૂરી જણાય તો, રાજપત્રમાં જાહેરનામાંથી,

(ક) વેચાણ અથવા ખરીદીના કોઈ વર્ગને, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ભરવાપાત્ર સમગ્ર વેરામાંથી મુક્તિ આપી શકશે.

(ખ) ખાસ આર્થિક ઝોનની યોજનાને ઉત્તેજન અને નિકાસને ઉત્તેજન આપવાના હેતુ માટે વેચાણ અથવા ખરીદીના કોઈ વર્ગના સંબંધમાં સમગ્ર વેરો ભરવામાંથી મુક્તિ આપી શકશે.

(૩) પેટાકલમ (૨) હેઠળ બહાર પાડવામાં આવેલું દરેક જાહેરનામું, તે બહાર પાડવામાં આવે તે પછી બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવું જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તેમાં અથવા ત્યાર પછીના તરતના સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે. રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં કંઈ ફેરફાર કરે તેને રાજપત્રમાં સિદ્ધ કરવું જોઈશે અને તેમ થયે તે અમલમાં આવશે.

**૬.** આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર હોય તેવા દરેક વેપારીએ, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર લેવાપાત્ર વેરો ભરવાનો રહેશે.

**૭.** (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, અનુસૂચિ ૨માં નિર્દિષ્ટ કરેલ માલના વેચાણોના ટર્નઓવર પર, સદરહુ અનુસૂચિમાં તે દરેકની સામે જણાવેલ દરે વેરો લેવામાં આવશે.

(૨) પોતે મૂકે તેવી શરતોને અધીન રહીને, રાજ્ય સરકારને, જાહેર હિતમાં તેમ

કરવાનું જરૂરી લાગે તો, રાજપત્રમાં જાહેરનામાથી, ભૂતલક્ષી અથવા ભાવિલક્ષી અસરથી, અનુસૂચિમાં ઉમેરો કરી શકશે અથવા તેમાંથી રદ કરી શકશે અથવા અન્યથા સુધારો કે ફેરફાર કરી શકશે અથવા એક અનુસૂચિની કોઇ નોંધ અથવા કોઇ નોંધના ભાગની બીજી અનુસૂચિમાં ફેરબદલી કરી શકશે અથવા કોઇ માલના સંબંધમાં ભરવાપાત્ર વેરાનો દર ઘટાડી શકશે અને તેમ થયે અનુસૂચિ તદ્દનુસાર સુધારેલ છે તેમ ગણાશે.

(૩) પેટાકલમ (૨) હેઠળ બહાર પાડવામાં આવેલું દરેક જાહેરનામું, તે બહાર પાડવામાં આવે તે પછી બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવું જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તેમાં અથવા ત્યારપછીના તરતના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તેને અધીન રહેશે. રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં કંઇ ફેરફાર કરે તેને રાજપત્રમાં પ્રસિદ્ધ કરવું જોઇશે અને તેમ થયે તે અમલમાં આવશે.

**ખરીદ વેરો લેવા બાબત.**

૮. (૧) રજિસ્ટર થયેલ કોઇ વેપારીએ વેરાપાત્ર માલના કરેલ વેચાણોના સંબંધમાં,

(ક) તે વેચાણ રદ કરેલ હોય; અથવા

(ખ) વટાવની દરખાસ્ત અથવા બીજા કોઇ કારણસર, લેનાર સાથેના કરાર દ્વારા તે વેચાણ માટે અગાઉથી કબૂલ કરેલ અવેજમાં ફેરફાર કરેલ હોય; અથવા

(ગ) વેચેલ માલ અથવા માલનો ભાગ, વેચનારને પરત કરવામાં આવેલ હોય અને ઉપર જણાવેલ આવા વેચાણના કોઇ એક અથવા વધુ પ્રસંગોને લીધે વેચનારે,

(૧) તે વેચાણના સંબંધમાં વેરાનું ભરતિયું પુરું પાડયું હોય અને તે વેચાણ ઉપર વેરા તરીકે ચાર્જ કરેલ તેમાં દર્શાવેલ રકમ, તે વેચાણ ઉપર યોગ્ય રીતે ચાર્જ કરવા પાત્ર રકમના સંબંધમાં ખોટી હોય; અથવા

(૨) એવો વેરો જે વેચાણને લીધે હોય તે મુદતના સંબંધમાં પત્રક પૂરૂં પાડેલ હોય અને એવા વેચાણ પર યોગ્ય રીતે ચાર્જ કરવાપાત્ર રકમના સંબંધમાં એવા વેચાણ પરની વેરાની ખોટી રકમ ઉધારેલ હોય;

ત્યારે પેટાકલમ (૨) ની જોગવાઇઓ લાગુ પડશે.

(૨) વેચનારે વેરાના ભરતિયામાં અથવા પત્રકમાં પેટાકલમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણે હિસાબમાં વેરાની ખોટી રકમ ઉધારેલ હોય ત્યારે, એવા વેચનારે, વેરાની જે મુદત દરમિયાન વેરો ખોટો હોય તે બાબત, સ્પષ્ટ થઇ હોત તે મુદત માટેના પત્રકમાં તેના દ્વારા ચુકવવાપાત્ર વેરાની ગણતરી કરતાં સરભર કરવું જોઇશે. એવો વેરો નીચેની રીતે સરભર કરવો જોઇશે.

**પેકીંગની સામગ્રી પરના વેરાનો દર.**

(ક) તે વેચાણના સંબંધમાં ચાર્જ કરવાપાત્ર વેરાની રકમ, વેચનારે હિસાબમાં ખરેખર ઉધારેલ વેરા કરતાં વધે તો તે વધારાની રકમ, વેરાની જે મુદતમાં સરભર કરવાનું હોય તે વેરાપાત્ર વેચાણના સંબંધમાં એવા વેચનારે ચાર્જ કરવાનો વેરો ગણાશે અને તે વેરાની અગાઉની કોઇ મુદતને કારણે છે એમ ઠરાવી શકાશે નહિ; અથવા

**વેરા શાખ.**

(ખ) તે વેચાણના સંબંધમાં હિસાબમાં ઉધારેલ વેરાની રકમ, યોગ્ય રીતે ચાર્જ કરવા પાત્ર વેરાની રકમ કરતાં વધી જાય, તો આવા વેચનાર કલમ ૭ અનુસારની સદરહુ વેરાની મુદતને લીધે થતી વેરાની રકમને વેરાની વધારાની રકમ સુધી ઘટાડી શકશે :

પરંતુ

(ક) માલના ખરીદનારે વધારાનો વેરો ચૂકવ્યો હોય તો, અથવા

(ખ) પેટાકલમ (૧)માં વર્ણવેલ પ્રસ્તુત પ્રસંગ, વેપારીએ કરેલા વેચાણોના છ મહિનાની મુદત પછી થયો હોય તો,

ખંડ (ખ) હેઠળના વેરાની રકમમાં ઘટાડો કરી શકાશે નહિ.

**૯.** (૧) આ અધિનિયમ હેઠળ વેરો ભરવા જવાબદાર હોય તેવો વેપારી, રજિસ્ટર થયેલ વેપારી ન હોય તેવી કોઇ વ્યકિત પાસેથી કોઇ વેરાપાત્ર માલ ખરીદે ત્યારે, આવા વેપારી પાસેથી, આવી ખરીદીના ટર્નઓવર પર, આ અધિનિયમની અનુસૂચિ ૨માં આવા દરેક માલની સામે જણાવેલા દરે ખરીદવેરો લેવામાં આવશે.

(૨) કોઇ રજિસ્ટર થયેલ વેપારી, રજિસ્ટર થયેલ વેપારી ન હોય તેવી કોઇ વ્યકિત પાસેથી ખાંડ અથવા ખાંડસરીના બનાવટના ઉપયોગના હેતુ માટે શેરડી ખરીદે ત્યારે, આવી શેરડીની ખરીદી પર આ અધિનિયમની અનુસૂચિ ૨માં તેના માટે જણાવેલ દરે ખરીદવેરો લેવામાં આવશે.

(૩) આ અધિનિયમ અથવા અગાઉના કાયદા, નિયમ અથવા જાહેરનામાની કોઈ જોગવાઈ હેઠળ પોતે આપેલ પ્રમાણપત્ર અથવા એકરાર હેઠળ કોઈ વ્યકિત અથવા વેપારીએ કોઈ વેરાપાત્ર માલ ખરીદેલ હોય, ત્યારે અને આવા પ્રમાણપત્ર અથવા એકરારની શરતો, નિવેદનો અથવા બાંયેધરીઓનું પાલન ન થયેલ હોય ત્યારે, આવી વ્યક્તિ અથવા વેપારી, આ અધિનિયમની અનુસુચિ ૨માં આવા દરેક માલની સામે જણાવેલા દર અથવા અગાઉના કાયદા હેઠળ લાગુ પડવાપાત્ર વેરાના દર, તે બેમાંથી જે વધુ હોય તે દરે, આવી ખરીદીના ટર્નઓવર પર ખરીદવેરો ભરવા જવાબદાર થશે.

**૧૦.** આ અધિનિયમમાં અને વેચાણના કરારમાં ગમે તે મજકુર હોય તે છતાં, અને વેચાણકરારથી કોઈ સામગ્રીમાં પેક કરેલો માલ વેચવામાં આવે ત્યારે, એવી રીતે માલ જેમાં પેક કરવામાં આવેલ હોય તે સામગ્રીને માલ સહિત વેચેલ કે ખરીદેલ હોય તેમ ગણવામાં આવશે અને સામગ્રીઓના આવા વેચાણ અથવા ખરીદી પર, માલના વેચાણને અથવા યથાપ્રસંગ, માલની ખરીદી પર લાગુ પડવા પાત્ર કોઈ વેરાનો દર હોય, તો તે દરે વેરો લેવામાં આવશે.

**૧૧.** (૧) (ક) વેરા પાત્ર માલ ખરીદેલ હોય તેવા રજિસ્ટર થયેલ કોઈ વેપારી (જેનો આમાં હવે પછી ''ખરીદનાર વેપારી''તરીકે ઉલ્લેખ કર્યો છે તે),

(૧) જેણે આવો માલ તેને વેચેલ હોય તેવા રજિસ્ટર થયેલ વેપારીએ વેરાની મુદત દરમિયાન પોતાની પાસેથી ઉઘરાવેલ વેરાની અથવા જેણે આવો માલ પોતાને વેચેલ હોય તેવા રજિસ્ટર થયેલ વેપારીને પોતે વેરાની મુદત દરમિયાન ભરવાપાત્ર વેરાની; અથવા

(૨) કલમ ૯ ની પેટાકલમ (૧) અથવા (૨) હેઠળ વેરાની મુદત દરમિયાન પોતે ભરેલ વેરાની,

રકમનો દાવો કરવાને જેટલી વેરા શાખ માંગવાને હક્કદાર ગણાશે.

(ખ) આ પેટાકલમ હેઠળ એવી રીતે દાવો કરેલ વેરા શાખ, પેટાકલમો (૨) થી (૧૨)ની જોગવાઈઓને અધીન રહેશે અને ઠરાવવામાં આવે તેવી રીતે વેરા શાખ ગણવી જોઈશે.

(૨) વેરા શાખનો દાવો કરવાનો ઈરાદો ધરાવતો હોય તેવા રજિસ્ટર થયેલ વેપારીએ , રજિસ્ટર અને હિસાબોના ચોપડા, ઠરાવવામાં આવે તેવી રીતે રાખવા જોઈશે.

(૩) (ક) આ કલમની જોગવાઈઓને અધીન રહીને,

ખરીદનાર વેપારીને,

(૧) પોતાના દ્વારા રાજ્યમાં વેચાણ અથવા ફેરવેચાણ;

(૨) આંતર રાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન થતા વેચાણ;

(૩) અન્ય રાજ્યોમાં શાખા તબદીલી અથવા મોકલેલ વેરાપાત્ર માલ (નીચેના પેટાખંડ (ખ)ની જોગવાઈને અધીન રહીને);

(૪) ભારતના સંઘ રાજયક્ષેત્રની બહાર નિકાસ દરમિયાન વેચાણ;

(૫) ભારતના સંઘ રાજયક્ષેત્રની બહાર નિકાસ દરમિયાન વેચાણ માટે નિકાસને લગતા એકમો અથવા ખાસ આર્થિક ઝોનના એકમોને થયેલ વેચાણ;

(૬) ઉપર્યુક્ત ખંડ (૧) થી (૫)માં જણાવેલ વેચાણ કરવા ધારેલ વેરાપાત્ર માલની બનાવટમાં કાચી સામગ્રી તરીકેના ઉપયોગ માટે અથવા એવી રીતે બનાવેલ માલના પેકીંગમાં ઉપયોગ,

ના હેતુ માટે રાજ્યમાં વેરાપાત્ર માલની કરવા ધારેલ ખરીદી પર પેટાકલમ (૧)હેઠળ વેરાશાખ માગવાની છુટ આપી શકાશેઃ

પરંતુ આ પેટાકલમમાં નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે ખરીદીનો અંશતઃ ઉપયોગ થયો હોય તો, આ પેટાકલમમાં નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે ઉપયોગ કરેલ હોય તેટલે સુધી ભાગે પડતી વેરાશાખની છૂટ આપી શકાશે.

(ખ) આ કલમમાં ગમે તે મજકુર હોય તે છતાં, વેપારીના સંબંધમાં વેરાશાખની રકમ,

(૧) શાખા તબદીલી માટે અથવા રાજ્ય બહારના તેના એજન્ટને મોકલેલ અથવા રવાના કરેલ વેરાપાત્ર માલના, અથવા

(૨) શાખા તબદીલી અથવા રાજ્ય બહાર તેના એજન્ટને માલ મોકલવા દરમિયાન રાજ્યની બહાર મોકલેલ હોય તેવા વેરાપાત્ર માલની બનાવટ અથવા પેકીંગમાં કાચા માલસામાન તરીકે ઉપયોગમાં લેવાતો હોય તેવા માલની ખરીદીઓના ટર્નઓવર ઉપર ચાર ટકાના દરે ગણતરી કરેલ રકમ વેરાની રકમ, સુધી ઘટાડી શકાશે;

(૪) ખરીદનાર વેપારી, પોતે જેની પાસેથી વેરાપાત્ર માલ ખરીદેલ હોય તેવા રજિસ્ટર થયેલ વેપારી પાસેથી, વેરાની રકમના પુરાવા આપતું કલમ ૬૦ની પેટાકલમ (૧) હેઠળ ઠરાવવામાં આવે એવી વિગતોવાળું વેરા ભરતિયું (અસલમાં) પોતે ન મેળવે તેવી વેરાની મુદત સુધી વેરા શાખનો દાવો કરી શકશે નહિ.

(૫) આ અધિનિયમમાં ગમે તે મજકુર હોય તે છતાં, નીચેની ખરીદીઓ માટે, કોઈપણ વેરાશાખ આપવામાં આવશે નહિ,

(ક) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ વેપારી સિવાયની બીજી કોઈ વ્યક્તિ પાસેથી કરેલી ખરીદી;

(ખ) આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર ન હોય તેવા વેપારી પાસેથી કરેલી ખરીદી;

(ગ) કલમ ૧૪ હેઠળ વેરાને બદલે ઊચક વેરાની રકમ ભરવાની જેને પરવાનગી આપી હોય તે રજિસ્ટર થયેલ વેપારી પાસેથી કરેલી ખરીદી;

(ઘ) કલમ ૩ની પેટાકલમ(૩)માં જોગવાઈ કરેલી રીતે વેરો

ભરવાની જવાબદારીની સંબંધિત તારીખ પહેલાં કરેલી ખરીદી;

(ચ) આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન કરેલી ખરીદી;

(છ) વેચાણ, ફેરવેચાણ અથવા બનાવટ હોય તે સિવાય નિકાલ કરેલા માલની ખરીદી;

(જ) અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલ અથવા કલમ ૫ની પેટા કલમ (૨) હેઠળ જાહેરનામાથી સમગ્ર વેરામાંથી માફી આપેલ માલની ખરીદી;

(ઝ) અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ માલની બનાવટમાં અથવા એવી રીતે બનાવેલ માલના પેકીંગમાં ઉપયોગમાં લીધેલ હોય તેવા માલની ખરીદી;

(ટ) કલમ ૨ના ખંડ(૫)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના કેપિટલ ગુડઝના પ્રકારની અને બનાવટમાં કેપિટલ ગુડઝ તરીકે ઉપયોગ માટે રાખેલ માલની ખરીદી;

(ઠ) કોઈપણ પ્રકારના વાહનો અને તેની સાધનસામગ્રી, ઉપસાધનો અથવા છૂટા ભાગો (સિવાય કે ખરીદનાર વેપારી આવા માલના વેચાણના ધંધામાં રોકાયેલ હોય ત્યારે)ની ખરીદી;

(ડ) વેપારીના ધંધા સાથે સંકળાયેલ ન હોય તેવી મિલક્ત અથવા માલની ખરીદી;

(ઢ) વિદ્યુત ઊર્જાના ઉત્પાદનમાં કેપ્ટિવયુઝ માટે અથવા અન્યથા ઉપયોગ માટે ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાતા માલની ખરીદી;

(ત) મોટરવાહનોમાં ઈંધણ તરીકે ઉપયોગ કરાતા માલની ખરીદી;

(થ) ધંધો બંધ કરતી વખતે માલના બિન વેચાણ સ્ટોક તરીકે રહેતા માલની ખરીદી;

(દ) ખરીદનાર વેપારીએ જે વેચનાર વેપારી પાસેથી માલ ખરીદ્યો હોય તેણે વેરાની રકમ અલગથી ચાર્જ કરી હોય તેની વિગતો અસલ ભરતિયામાં ન હોય તેવા કિસ્સામાં;

(ધ) ખરીદનાર વેપારી પાસે વેરાનું અસલ ભરતિયું ન હોય તે પ્રસંગે અથવા વેચનાર વેપારીએ જેની પાસેથી માલ ખરીદવાનું ધાર્યુ હોય તેણે વેરાનું અસલ ભરતિયું કાઢી આપેલ ન હોય તેવા કિસ્સામાં;

આ પેટાકલમમાંના ખંડ (ક) અથવા (ખ)માં ગમે તે મજકૂર હોય તે છતાં અને ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, રજિસ્ટર થયેલ વેપારીને, કલમ૯ની પેટાકલમ (૧) અથવા (૨) હેઠળ તેણે ભરેલ ખરીદવેરાના સંબંધમાં વેરાશાખનો દાવો કરવાની છૂટ આપવી જોઈશે.

(૬) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, સંપૂર્ણ અથવા આંશિક વેરાશાખને માટે હક્કદાર ન હોય તેવા કોઈ માલને અથવા વેપારીઓના વર્ગને નિર્દિષ્ટ કરી શકશે.

**સન ૨૦૦૩ના માર્ચ મહિનાની ૩૧મી તારીખના રોજ સ્ટોક માટે વેરા**

(૭) રજિસ્ટર થયેલ વેપારી, સરકારી મહેસૂલ ટાળવાના ઈરાદાથી અથવા સરકારને તેની મહેસૂલ ટાળી શકે તેવા ઈરાદાથી, વેચાણનો વ્યવહાર કર્યા સિવાય બીજા રજિસ્ટર થયેલ વેપારીને વેરા ભરતિયું, છૂટક ભરતિયુ , બિલ અથવા કેશમેમો કાઢી આપે ત્યારે, કમિશનર, પોતે ઉચિત ગણે તેવી તપાસ કર્યા પછી અને સુનાવણીની વાજબી તક આપ્યા પછી આવા વ્યવહારના સંબંધમાં, ભાવિલક્ષી અથવા ભૂતલક્ષી રીતે આવુ વેરા ભરતિયુ, છૂટક ભરતિયુ, બિલ અથવા કેશમેમો કાઢી આપતા અથવા સ્વીકારતા

એવા રજિસ્ટર થયેલ વેપારીને, કેસના સંજોગોને લક્ષમાં લેતાં, કમિશનર નક્કી કરે તેવી તારીખેથી વેરાશાખના લાભનો ઈનકાર કરી શકશે.

(૮) પેટાકલમ (૩) હેઠળ નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટેના ઈરાદાથી માલની ખરીદી કરી હોય અને ત્યારપછી સદરહુ પેટાકલમ હેઠળ નિર્દિષ્ટ કરેલા હેતુઓ સિવાયના હેતુઓ માટે સંપૂર્ણપણે અથવા આંશિક રીતે માલનો ઉપયોગ કર્યો હોય તો અથવા પેટાકલમ (૫)માં જણાવેલ સંજોગો મુજબ સંપૂર્ણપણે અને આંશિક રીતે માલનો ઉપયોગ કર્યો હોય, તો અને વેરાશાખનો લાભ લીધો હોય તો, આવા ઉપયોગના કારણે, આવો ઉપયોગ કર્યો હોય તે વેરાની મુદત દરમિયાન દાવો કરેલ વેરા શાખમાથી ઘટાડવું અને આવો ઘટાડો ઠરાવવામાં આવે તે રીતે કરવો જોઈશે.

(૯) રજિસ્ટર થયેલ વેપારી, ઠરાવવામાં આવે તે રીતે નક્કી થયેલી વેરાશાખની ચોખ્ખી રકમનો દાવો કરી શકશે.

(૧૦) કોઈ ખરીદનાર જે રજિસ્ટર થયેલ વેપારી હોય તેને કલમ ૬૧ અનુસાર જમાનોંધ અથવા ઉધારનોંધ કાઢી આપવામાં આવી હોય અથવા ખરીદેલ માલ પરત કરે અથવા ન સ્વીકારે જેને પરિણામે માલની ખરીદીના જે મુદતના સંબંધમાં હોય તેવી કોઈ મુદતમાં તેણે લાભ લીધેલ વેરાશાખ, ઘટે અથવા વધે, ત્યારે આવો ઘટાડો અથવા વધારો, જે વેરા મુદતની અંદર જમાનોંધ અથવા ઉધારનોંધ કાઢી આપવામાં આવ્યું હોય તે વેરા મુદત અથવા પરત કરેલ માલના સંબંધમાં, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, તેને છૂટ આપવામાં આવેલ વેરાશાખની રકમ સરભર કરીને ભરપાઈ કરી આપવી જોઈશે.

(૧૧) રજિસ્ટર થયેલ વેપારીએ, આ કલમના હેતુ માટે, વેચેલ, ઉપયોગ કરેલ, વાપરેલ અથવા પૂરો પાડેલ માલ અથવા વેચવા, ઉપયોગ કરવા, વાપરવા અથવા પૂરો પાડવા ધારેલ માલનું પ્રમાણ નક્કી કરવા માટે ન્યાયી અને વાજબી પધ્ધતિ અપનાવવી જોઈશે. કમિશનર, વેપારીને સુનાવણીના તક આપ્યા પછી અને લેખિતમાં કારણોની નોંધ કરીને વેપારીએ અપનાવેલી પધ્ધતિ નામંજૂર કરી શકશે અને પોતે ઉચિત ગણે તેવી વેરા શાખની રકમની ગણતરી કરી શકશે.

(૧૨) નિયમોમાં ઠરાવવામાં આવે તેવા અપવાદોને અધીન રહીને, કમિશન એજન્ટ સહિતના કોઈ વેપારીને, પોતાની વેરાશાખને બીજા કોઈ વેપારીને અથવા યથાપ્રસંગ, મુખ્ય વેપારીને તબદીલ કરવાની પરવાનગી આપવી જોઈશે નહિ.

**સ્પષ્ટીકરણ :** આ કલમના હેતુ માટે, માલની કોઈ ખરીદી ઉપર વેરા શાખની રકમ, તે જ માલના સંબંધમાં આ અધિનિયમ હેઠળ ખરેખર ચૂકવેલ અથવા ચૂકવવાપાત્ર વેરાની રકમ કરતાં વધવી જોઈશે નહિ.

**૧૨.**(૧) કલમ ૨૩ હેઠળ રજિસ્ટર થયેલ હોવાનું ગણાતા તમામ વેપારીઓએ, આ અધિનિયમ હેઠળ વેરાશાખનો દાવો કરવાનો ઈરાદો ધરાવનાર વેપારીએ, સન ૨૦૦૩ના માર્ચ મહિનાની ૩૧મી તારીખના રોજ આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર માલના સ્ટોકનું પત્રક ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવા સત્તાધિકારીને ઠરાવવામાં આવે તેવી મુદતની અંદર પુરૂ પાડવું જોઈશે.

**સ્પષ્ટીકરણ :** આ કલમના હેતુ માટે, ''વેરાપાત્ર માલનો સ્ટોક''માં સન ૨૦૦૩ના માર્ચ મહિનાની ૩૧મી તારીખના રોજ બનાવટમાં ઉપયોગમાં હોય તેવો વેરાપાત્ર માલનો સમાવેશ થાય છે.

(૨) પેટાકલમ (૧) હેઠળ વેરાપાત્ર માલનું પત્રક રજૂ કરનાર રજિસ્ટર થયેલ વેપારીને, દાવો કરાયેલ વેરાપાત્ર માલના પત્રકમાં વેરાશાખના વધારામાં પરિણમે તેવા ફેરફારો હોય, તો આવા પત્રકની વિગતોમાં કોઇ ફેરફારો કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

(૩) પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ પત્રકમાં દર્શાવેલ માલ

(ક) અગાઉના કાયદા હેઠળ વેરો ભરવાપાત્ર હોય અને અગાઉના કાયદા હેઠળ ખરીદનાર રજિસ્ટર થયેલ વેપારીએ વેચનાર રજિસ્ટર થયેલ વેપારીને અગાઉના કાયદા હેઠળ વેરાની રકમ ચૂકવી હોય તો અથવા અગાઉના કાયદા હેઠળ ખરીદ વેરો ભર્યો હોય તો, અને

મૂલ્યવર્ધિત વેરાની ચોખ્ખી રકમ વેચાણો ઉપર વેરાને બદલે ઉચક વેરાની ચુકવણીનો વિકલ્પ.

(ખ) કલમ૧૧ ની પેટાકલમ (૩)માં નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે ઉપયોગ કરવાનો ઇરાદો હોય, તો પછી આવા માલ ઉપર ખરીદનાર વેપારીએ આવી રીતે ચૂકવવાની વેરાની રકમ નક્કી કરવામાં આવે તેવી રીતે અને કલમ ૧૧ની જોગવાઇઓ જેટલે સુધી લાગુ પડતી હોય તેને અધીન રહીને અને વધુમાં તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને અને ઠરાવવામાં આવે તેટલા પ્રમાણમાં, પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ વેપારીને વેરાશાખની છૂટ આપવી જોઇશે. આવી વેરાશાખ, ઠરાવવામાં આવે તે રીતે, દાવો કરવા માટે પાછલી બાકી શાખ તરીકે મળશે.

(૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં,

(ક) આ અધિનિયમ અથવા અગાઉના કાયદા હેઠળ વેરાપાત્ર ન હોય તેવા,

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

(ખ) પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ વેરાપાત્ર માલના પત્રકમાં સમાવેશ થયો ન હોય તેવા,

(ગ) સદરહુ માલની ખરીદી સામે અગાઉના કાયદા હેઠળ રજિસ્ટર થયેલ વેપારીએ કાઢી આપેલ વેચાણ વાઉચરો વેપારીના કબજામાં ન હોય તેવા; અથવા અગાઉના કાયદા હેઠળ ભરવાપાત્ર ખરીદવેરો ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધીમાં ભર્યો ન હોય તેવા;

(ઘ) આ કલમ હેઠળ વેરાશાખનો દાવો કરનાર વેપારીના હિસાબોના ચોપડામાં નોંધાયેલ ન હોય તેવા; અથવા

(ચ) ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૨ના ખંડ (૨૧) હેઠળ ''પ્રતિબંધિત માલ'' તરીકે જાહેર કર્યા હોય તેવા, માલના સંબંધમાં, આ કલમ હેઠળ કોઇપણ વેરાશાખની છૂટ આપવી જોઇશે નહિ.

(૫) ખરીદેલ માલ ઉપર વેરાની રકમ વેચાણ વાઉચરો ઉપર અલગ રીતે દર્શાવી ન હોય ત્યારે, આ કલમ હેઠળ વેરાશાખ ઠરાવવામાં આવે તે રીતે ગણવી જોઇશે.

(૬) કલમ૧૧ની જોગવાઇઓ, આ કલમ હેઠળ મળવાપાત્ર વેરાશાખને ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે.

(૭) કમિશનરને એમ ખાતરી થાય કે વેપારીએ

(ક) કલમ ૧૧ની અને કલમ ૧૨ની પેટાકલમો (૩) અને (૪)ની જોગવાઇઓ મુજબ વેરાશાખના દાવા માટે હક્કદાર થતો ન હોય તેવા સ્ટોક માટે

વેરાશાખનો દાવો કરેલ છે, અથવા

(ખ) કલમ ૧૧ હેઠળ અથવા આ કલમ હેઠળ તે હકદાર હોય તેના કરતાં વધુ વેરાશાખનો દાવો કરેલ છે, તો, કમિશનર, વેપારીને સુનાવણીની તક આપ્યા પછી, એવી રીતે દાવો કરેલ વેરાશાખની રકમના બે ગણા જેટલો દંડ ભરવાનો તેને આદેશ આપી શકશે.

**૧૩.** વેરા મુદત માટે ચૂકવવા પાત્ર મુલ્ય વર્ધિત વેરાની ચોખ્ખી રકમ, ઠરાવવામાં આવે તેવી રીતે વેરાશાખને સરભર કર્યા પછી નક્કી કરવી જોઈશે.

**સાબિતીનો બોજો.**

**૧૪.** (૧) (ક) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કમિશનર, ઠરાવવામાં આવે એવા સંજોગોમાં અને એવી શરતોને અધીન રહીને, જે વેપારી ઉત્પાદનની પ્રવૃત્તિમાં ન સંકળાયેલ હોય અને પાછલા વર્ષમાં જેનું કુલ વેરાપાત્ર ટર્નઓવર રૂપિયા પચ્ચીસ લાખ કરતાં વધ્યુ ન હોય તેવા કોઈપણ વેપારીને, આ અધિનિયમની કલમ ૭ હેઠળ ચુકવવાપાત્ર વેરાની રકમને બદલે ઊચક વેરો ભરવાની પરવાનગી આપી શકશે.

(ખ) પેટાકલમ (૧) હેઠળ આપેલ પરવાનગી, જ્યાં સુધી રજિસ્ટર થયેલ વેપારીનું કુલ વેરાપાત્ર ટર્નઓવર રૂપિયા પચ્ચીસ લાખથી વધે નહિ ત્યાં સુધી કાયદેસર ગણાશે. રજિસ્ટર થયેલ વેપારીનું કુલ વેરાપાત્ર ટર્નઓવર વર્ષ દરમિયાન રૂપિયા પચ્ચીસ લાખ કરતાં વધે ત્યારે તેવા કિસ્સામાં, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ હેતુ માટે ઠરાવવામાં આવે તેવી વેરા મુદતમાં વેરો ચૂકવવાને તે જવાબદાર થશે.

**વાણિજ્યિક વેરા સત્તાધિકારીઓ અને હકૂમત.**

**સ્પષ્ટીકરણ :** વર્ષ ૨૦૦૩૨૦૦૪ માટે, ખંડ (ક) હેઠળ પરવાનગીના હેતુ માટે, કુલ વેરાપાત્ર ટર્નઓવર ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ના સંદર્ભમાં ગણવું જોઈશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, ઊચક વેરાનો દર નક્કી કરી શકશે.

(૩) પેટાકલમ (૧) હેઠળ ઊચક વેરો ભરવા પરવાનગી આપેલ હોય તે વેપારી,

(ક) તેની ખરીદીઓ માટે તેણે ભરેલ વેરાના સંબંધમાં વેરાશાખ માટે દાવો કરવા હકદાર થશે નહિ,

(ખ) જેની ઉપર ઊચક વેરો ભરવાપાત્ર હોય તેવા વેચાણોના સંબંધમાં તેના વેચાણ બીલ અથવા વેચાણના ભરતિયામાં આ અધિનિયમ હેઠળ કોઈ વેરો ચાર્જ કરી શકશે નહિ; અને

(ગ) તેની પાસેથી જેણે માલ ખરીદ્યો હોય તેવા કોઈ વેપારીને ટેક્ષ ઈન્વોઈસ (વેરા અંગેનું ભરતિયું) કાઢી આપી શકશે નહિ.

(૪) પેટાકલમ (૧) હેઠળ ઊચક વેરો ભરવા પરવાનગી આપેલ હોય તે વેપારી, આ કલમ હેઠળ ઉચક વેરો ઉપરાંત,

(ક) કલમ૯ની પેટાકલમો (૧) અને (૩) હેઠળ લેવાપાત્ર ખરીદ વેરો;

(ખ) રાજ્યની અંદર કરેલ,

(૧) કોઈપણ રીતે બીજા રાજ્યમાંથી ખરીદાયેલ અથવા લાવવામાં આવેલ હોય તેવા, અથવા

(૨) ભારતના રાજ્ય ક્ષેત્રની બહારથી આયાત દરમિયાન ખરીદાયેલ હોય તેવા, માલના વેચાણોના સંબંધમાં કલમ ૭ હેઠળ નિર્દિષ્ટ કરેલ દરે વેરો,

ભરવાને જવાબદાર થશે.

**સ્પષ્ટીકરણ :** શંકાના નિવારણ માટે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ કલમ હેઠળ પતાવટ માટેનો વિકલ્પ લેવાની પરવાનગી અપાયેલ હોય તે વેપારી, આંતર રાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન તેણે કરેલા વેચાણોના સંબંધમાં કેન્દ્રીય અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે કેન્દ્રીય વેચાણવેરો ભરવા જવાબદાર થશે.

**૧૫.** પોતે કરેલ કોઇ વેચાણના સંબંધમાં આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર નથી અથવા કલમ ૧૧ અને ૧૨ હેઠળની વેરા શાખને પાત્ર છે તેવો દાવો કરતા વેપારી પર સાબિતીનો બોજો રહેશે.

## પ્રકરણ ૩

## વાણિજ્યિક વેરા સત્તાધિકારીઓ અને ટ્રિબ્યુનલ

**૧૬.** (૧) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, રાજ્ય સરકાર, વાણિજ્યિક વેરા કમિશનર તરીકે ઓળખાતા અધિકારીની નિમણૂક કરશે.

**કાર્યવાહી તબદીલ કરવાની સત્તા.**

(૨) આ અધિનિયમ હેઠળના પોતાના કાર્યો બજાવવા માટે કમિશનરને સહાય કરવા માટે, રાજ્ય સરકાર, ખાસ કમિશનરો, અધિક કમિશનરો અને પોતે જરૂરી ગણે તેટલી સંખ્યામાં–

(ક) સંયુક્ત કમિશનરો,

(ખ) નાયબ કમિશનરો,

(ગ) મદદનીશ કમિશનરો,

(ઘ) વાણિજ્યિકવેરા અધિકારીઓ, અને

(ચ) બીજા અધિકારીઓ અને વ્યકિતઓની નિમણૂક કરી શકશે અને તેમને રાજ્ય સરકાર જરૂરી ગણે એવા હોદ્દા આપી શકશે.

(૩) કમિશનરને સમગ્ર રાજ્ય પર હકૂમત રહેશે અને ખાસ કમિશનર અને અધિક કમિશનરને સમગ્ર રાજ્ય પર અથવા રાજ્ય સરકાર આદેશ કરે તે મુજબ તેના કોઇ સ્થાનિક વિસ્તાર પર હકૂમત રહેશે. અન્ય તમામ અધિકારીઓને, સમગ્ર રાજ્ય પર અથવા રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા સ્થાનિક વિસ્તાર પર હકૂમત રહેશે.

(૪) કમિશનરને, આ અધિનિયમથી અથવા તે હેઠળ મળેલી અથવા આપેલી તમામ સત્તા રહેશે અને તેઓ તે સત્તા વાપરશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ તેમને મળેલી અથવા તેમના પર નાંખેલી તમામ ફરજો તે બજાવશે. કોઈ ખાસ કમિશનર અને અધિક કમિશનરને તેમની હકૂમતના વિસ્તારની અંદર, રાજ્ય સરકારે અન્યથા આદેશ કરેલ હોય તે સિવાય, આ અધિનિયમથી અથવા તે હેઠળ કમિશનરને મળેલી અથવા તેના ઉપર નાંખેલી તમામ સત્તા અને ફરજો રહેશે અને તેઓ તે તમામ સત્તા વાપરશે અને ફરજો બજાવશે.

**વેરા સત્તા અધિકારીની હકૂમત સંબંધી તકરારો.**

(૫) સંયુક્ત કમિશનરને મળેલી પોતાની હકૂમતના વિસ્તારની અંદર આ અધિનિયમથી અથવા તે હેઠળ કમિશનરને મળેલી તમામ સત્તા રહેશે અને તેઓ તે સત્તા વાપરશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ કમિશનરને સોંપાયેલી અથવા તેમના

પર નાખેલી તમામ ફરજો બજાવશે. કમિશનર રાજપત્રમાં હુકમ સિધ્ધ કરીને એમ ફરમાવી શકશે કે કોઈ સંયુકત કમિશનરે અથવા તમામ સંયુકત કમિશનરોએ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સત્તા વાપરવી નહિ અથવા તેવી ફરજો બજાવવી નહિ અને તે ઉપરથી, એવા સંયુકત કમિશનર અથવા યથાપ્રસંગ, તમામ સંયુક્ત કમિશનરો તે સત્તા વાપરતા અને તે ફરજો બજાવતા બંધ થશે. કમિશનર આવો કોઈ આદેશ તેવી જ રીતે રદ કરી શકશે, અને તેમ થયે એવો આદેશ કરવામાં આવ્યો હોય તે પહેલાં, એવા સંયુકત કમિશનરે અથવા યથાસંગ, તમામ સંયુકત કમિશનરોએ વાપરવાની સત્તા અથવા બજાવવાની ફરજો તેને અથવા તેમને પાછી સોંપવામાં આવશે.

(૬) નાયબ કમિશનરો, મદદનીશ કમિશનરો, વાણિજ્યિક વેરા અધિકારીઓ અને બીજા અધિકારીઓ પોતપોતાની હકૂમતની અંદર, રાજય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી મૂકે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, કમિશનર, લેખિત હુકમ દ્વારા સામાન્ય રીતે અથવા કોઈ અમુક બાબત અથવા બાબતોના વર્ગના સંબંધમાં તેમને સોંપે તેવી આ અધિનિયમ હેઠળ કમિશનરની સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૭) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી પોતે મૂકે તેવાં નિયંત્રણો અને શરતોને અધીન રહીને, પેટાકલમો (૨) અને (૩) થી રાજ્ય સરકારને મળેલી (ખાસ કમિશનરો, અધિક કમિશનરો અથવા સંયુકત કમિશનરોની નિમણૂક કરવાને લગતી ન હોય તેવી) સત્તાઓ કમિશનરને સોંપી શકશે.

(૮) પેટાકલમ (૨) હેઠળ નિમાયેલા તમામ અધિકારીઓ અને વ્યકિતઓ કમિશનરના તાબા હેઠળ રહેશે અને (કમિશનર સિવાયના) અધિકારીઓની અને તે વ્યકિતઓની એક બીજા પ્રત્યેની તાબેદારી ઠરાવવામાં આવે તેવી રહેશે.

**ટ્રીબ્યુનલ.**

**૧૭.** (૧) કમિશનર, લેખિતમાં હુકમ કરીને, આ અધિનિયમની કોઈ જોગવાઈ હેઠળની કોઈ કાર્યવાહી અથવા અમુક કાર્યવાહીના વર્ગ પોતાની પાસેથી અન્ય કોઈ અધિકારીને સોંપી શકશે અને એવી જ રીતે, (આ કલમ હેઠળ અગાઉ તબદીલ કરેલ હોય તે કાર્યવાહી સહિતની) એવી કોઈ કાર્યવાહી આવા એક અધિકારી પાસેથી બીજા અધિકારીને તબદીલ કરી શકશે અથવા પોતાની પાસે લઈ શકશે.

(૨) પેટાકલમ (૧) હેઠળ જેને કોઈ કાર્યવાહી તબદીલ કરવામાં આવેલ હોય તેવા અધિકારી, જાણે કે આવી કાર્યવાહી તેણે પોતે શરૂ કરેલ હોય તેમ તેનો નિકાલ કરવાની શરૂઆત કરશે.

(૩) કાર્યવાહીની તબદીલીમાં, આવી તબદીલી પહેલાં કોઈ નોટિસ અગાઉ કાઢવામાં આવેલ હોય તો ફરી વાર કોઈ નોટિસ કાઢવી જરૂરી રહેશે નહિ અને કાર્યવાહી જેને તબદીલ કરવામાં આવેલ તે અધિકારી, જેની પાસેથી આવી કાર્યવાહી તબદીલ કરવામાં આવેલ હોય તે અધિકારીએ જે તબક્કે છોડી દીધેલ તે તબક્કાથી ચાલુ રાખી શકશે.

**સ્પષ્ટીકરણ :–** આ કલમના હેતુ માટે, તે હેઠળ કાઢેલ કોઈ હુકમમાં, જેનું નામ નિર્દિષ્ટ કરેલ હોય તેવી કોઈ વ્યકિતના સબંધમાં ''કાર્યવાહી'' એટલે આવા હુકમની તારીખે અનિર્ણિત હોય તેવા કોઈ વર્ષના સંબંધમાં આ અધિનિયમ હેઠળની અથવા આવી તારીખે અથવા આવી તારીખ પહેલા પૂર્ણ થઈ હોય તેવી તમામ કાર્યવાહીઓ અને તેમાં, કોઈ વર્ષના સંબંધમાં આવા હુકમની તારીખ પછી શરૂ થઈ શકે તેવી તમામ કાર્યવાહીઓનો પણ સમાવેશ થાય છે.

**૧૮.** (૧) કોઈ વ્યકિત, આ અધિનિયમ હેઠળ કોઈ વેરા સત્તાધિકારીએ કાઢેલ કોઈ નોટિસ, તેને મળ્યાની તારીખથી ત્રીસ દિવસ વીતી ગયા પછી, કલમ ૧૬

**ટ્રિબ્યુનલ અને કમિશનરની સત્તા.**

હેઠળ નીમાયેલ કોઇપણ આવા વેરા સત્તાધિકારીની હકૂમત અંગે વાંધો ઉઠાવવા હકદાર ગણાશે નહિ.

(૨) આવા કોઈ વેરા સત્તાધિકારીની હકૂમતને લગતા કોઈ વાંધા, તે વેરા સત્તાધિકારી સમક્ષ આવેદનપત્ર સાદર કરીને ઉપર્યુકત મુદતોની અંદર ઉઠાવી શકાશે. જેણે આવો શ્ન કમિશનરને લખી જણાવવો જોઈશે અને કમિશનરે, વાંધો ઉઠાવનાર વ્યકિતને સુનાવણીની વાજબી તક આપીને હકૂમતના શ્નનો નિર્ણય કરતો હુકમ કરવો જોઈશે અને આ અર્થે તેનો નિર્ણય આખરી ગણાશે.

**રજિસ્ટ્રેશન.**

**૧૯.** (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમથી અથવા તે હેઠળ ટ્રિબ્યુનલને મળેલા કાર્યોનો નિકાલ કરવા તેને યોગ્ય લાગે તેટલા સભ્યોની બનેલી એક ટ્રિબ્યુનલ રચશે.

(૨) રાજ્ય સરકાર ટ્રિબ્યુનલના સભ્યો પૈકી એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) ટ્રિબ્યુનલ જે સભ્યોથી બનતી હોય તે સભ્યોની લાયકાતો ઠરાવવામાં આવે તેવી રહેશે અને સભ્ય, રાજય સરકાર નક્કી કરે તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) રાજ્ય સરકાર, ટ્રિબ્યુનલના કોઈ સભ્યની નિમણૂક, તેના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલા, નીચેના સંજોગોમાં સમાપ્ત કરી શકશે, જો આવો સભ્ય,–

(ક) નાદાર ઠરે, અથવા

(ખ) પોતાના હોદ્દાની મુદત દરમિયાન, પોતાના હોદ્દાની ફરજો સિવાયના કોઈ વૈતનિક રોજગારમાં રોકાય, અથવા

(ગ) રાજ્ય સરકાર દ્વારા અથવા તેના વતી કરાયેલા કોઈ કરાર અથવા કબૂલાતમાં કોઈ રીતે સંકળાયેલો હોય અથવા હિતસંબંધ ધરાવતો હોય અથવા ધરાવતો થાય અથવા તેના નફામાં અથવા સભ્ય તરીકેના હોય તે સિવાય, તેમાંથી નીપજતા કોઈ લાભ અથવા મળતરમાં કોઈ રીતે ભાગ લે, અથવા

(ઘ) માનસિક અથવા શારીરિક અશકિતને કારણે, રાજ્ય સરકારના અભિાય મુજબ હોદ્દા ઉપર ચાલુ રહેવાને અયોગ્ય હોય, અથવા

(ચ) નૈતિક અધઃપતનના ગુના બદલ દોષિત ઠરે.

(૫) ટ્રિબ્યુનલના સભ્યોની ખાલી પડતી કોઈ જગા વ્યવહાર્ય હોય તેટલી જલદી રાજ્ય સરકારે ભરવી જોઈશે.

(૬) પેટાકલમ (૯) હેઠળ કરેલા વિનિયમો અનુસાર રચેલી ટ્રિબ્યુનલની એક અથવા વધુ બેન્ચો, ટ્રિબ્યુનલના કાર્યો બજાવી શકશે.

(૭) ટ્રિબ્યુનલ અથવા તેની બેન્ચના સભ્યો ભિન્ન મત ધરાવતા હોય, તો નિર્ણય જો બહુમતીથી હોય, તો બહુમતીના નિર્ણય માણે થશે; પણ જો સભ્યો સરખા મત ધરાવતા હોય તો તેઓએ જે મુદ્દા અથવા મુદ્દાઓ પર તેઓ ભિન્ન મત ધરાવતા હોય તે મુદ્દો અથવા મુદ્દા જણાવવા અને ટ્રિબ્યુનલના અધ્યક્ષે તે બાબત, તે મુદ્દો અથવા મુદ્દાઓની સુનાવણી માટે ટ્રિબ્યુનલના એક અથવા બીજા વધુ સભ્યોને લખી મોકલવો જોઈશે, અને એવો મુદ્દો અથવા મુદ્દાઓની, જે સભ્યોએ પહેલા સુનાવણી કરી હોય તે સભ્યો સહિત ટ્રિબ્યુનલના જે સભ્યોએ તે બાબતની સુનાવણી કરી હોય તે સભ્યોની બહુમતી અનુસાર નિર્ણય કરવામાં આવશે.

(૮) ઠરાવવામાં આવે તેવી શરતો અને મર્યાદાને અધીન રહીને, ટ્રિબ્યુનલને ખર્ચ અપાવવાની સત્તા રહેશે અને એવા ખર્ચની રકમ, તે રકમ ભરવાને હુકમ કરાયેલી વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૯) રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને અધીન રહીને, ટ્રિબ્યુનલે (કયા સ્થળે અથવા સ્થળોએ ટ્રિબ્યુનલ અથવા તેની બેન્ચો બેસશે તે સહિત) પોતાની કાર્યરીતિનું નિયમન તથા પોતાના કામકાજનો નિકાલ કરવાના હેતુ સારૂ આ અધિનિયમની અને નિયમોની જોગવાઈઓ સાથે સુસંગત હોય એવા વિનિયમો કરવા જોઈશે.

(૧૦) પેટાકલમ (૯) હેઠળ કરેલા વિનિયમો રાજપત્રમાં સિદ્ધ કરવા જોઈશે.

**૨૦.** (૧) આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યોનો નિકાલ કરતી વખતે, ટ્રિબ્યુનલ અને કમિશ્નરને નીચેના હેતુ માટે દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે :

(ક) સોગંદનામા પર હકીકતોની સાબિતી મેળવવાની;

(ખ) કોઈપણ વ્યકિતને સમન્સથી બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની અને શપથ અથવા સોગંદ પર ચકાસણી કરવાની;

**સ્વૈચ્છિક રજિસ્ટ્રેશન.**

(ગ) દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવાની; અને

(ઘ) સાક્ષીઓની તપાસ માટે કમિશન કાઢવાની.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કરવાના કોઈ સોગંદનામાના કિસ્સામાં, ટ્રિબ્યુનલ અથવા કમિશનરે નીમેલા કોઈ અધિકારી, સોગંદ ખાઈને જુબાની આપનાર વ્યકિત પાસે સોગંદ લેવરાવી શકશે.

## કરણ ૪

## રજિસ્ટ્રેશન

**૨૧.** (૧) કોઇ વેપારી, આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર હોય ત્યારે, તે આ અધિનિયમથી જોગવાઇ કર્યા માણેનું રજિસ્ટ્રેશનનું માન્ય માણપત્ર ધરાવતો હોય તે સિવાય તેનાથી વેપારી તરીકે ધંધો ચલાવી શકાશે નહિ :

પરંતુ આ કલમમાં ઠરાવ્યા માણે એવા રજિસ્ટ્રેશન માટે અરજી કરીને વેપારી ઠરાવેલા સમયની અંદર, એવો ધંધો ચલાવતો હોય, તો આ પેટાકલમની જોગવાઇઓનું ઉલ્લઘંન કરવામાં આવ્યું છે એમ ગણાશે નહિ.

(૨) અનુસૂચિ૧ માં નિર્દિષ્ટ કરેલ હોય તે જ માલ સાથે સંકળાયેલ વેપારી રજિસ્ટ્રેશન માટે જવાબદાર થશે નહિ.

**રજિસ્ટ્રર થયેલ ગણાવા બાબત.**

(૩) પેટાકલમ (૧) ની રૂએ રજિસ્ટ્રેશનનું માણપત્ર ધરાવવાનું ફરમાવ્યું હોય તે દરેક વેપારીએ, ઠરાવવામાં આવે એવા નમૂનામાં, એવા સત્તાધિકારીને અને એવી અરજી કરવી જોઇશે.

**રજિસ્ટ્રેશનની બીનતબદિલી પાત્રતા.**

(૪) ઠરાવેલા સત્તાધિકારીને એવી ખાતરી થાય કે રજિસ્ટ્રેશનને માટેની અરજી બરાબર છે, તો તેણે અરજદારને રજિસ્ટર કરવો જોઇશે અને ઠરાવેલા નમૂનામાં તેને રજિસ્ટ્રેશનનું માણપત્ર કાઢી આપવું જોઇશે.

**વિસર્જિત પેઢીનું રજિસ્ટ્રેશન ચાલુ રાખવા બાબત.**

(૫) ઠરાવેલા સત્તાધિકારી, અધિનિયમની જોગવાઇઓ હેઠળ પૂરી પાડેલી અથવા બીજી રીતે મળેલી કોઇપણ માહિતી ઉપર વિચારણા કર્યા પછી, કોઇ રજિસ્ટ્રેશનનું માણપત્ર વખતોવખત સુધારી શકશે.

(૬) જ્યારે કોઇ વેપારી, પેટાકલમ (૧)ના ઉલ્લંઘનને અધીન થયેલ હોય અથવા દંડને અધીન થવાને પાત્ર ઠરેલ હોય અથવા તેના સંબંધમાં દોષિત ઠરેલ હોય ત્યારે, ઠરાવેલ સત્તાધિકારી, આવો વેપારી રજિસ્ટર થયેલ વેપારી ન હોય તેમ આવા વેપારીનું રજિસ્ટ્રેશન કરશે અને તેને રજિસ્ટ્રેશનનું માણપત્ર આપી શકશે. આવું

રજિસ્ટ્રેશન, જાણે કે વેપારીએ અરજી કર્યે પેટાકલમ (૩) હેઠળ કાઢી આપ્યું હોય તેમ માણપત્ર કાઢી આપ્યાની તારીખથી દરેક રીતે અમલી બનશે.

(૭) જયારે

(ક) આ કલમ હેઠળ જેના સંબંધમાં રજિસ્ટ્રેશનનું માણપત્ર કાઢી આપેલ હોય તેવો કોઈ ધંધો બંધ થયેલ હોય અથવા તબદીલ કરવામાં આવેલ હોય; અથવા

**રજિસ્ટ્રેશન પ્રમાણપત્રનો સુધારો.**

(ખ) વેપારીના વેચાણનું ટર્ન ઓવર અગાઉના વર્ષ દરમિયાન કલમ ૩ની પેટાકલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ હોય તેવા ટર્નઓવરની સંબંધિત શરૂઆતથી વધી ગયેલ ન હોય અને વેપારી પોતાનું રજિસ્ટ્રેશન રદ કરાવવા માટે ઠરાવેલી રીતે અરજી કરે તો, ઠરાવેલ સત્તાધિકારીએ, પોતે નિયમો અનુસાર નક્કી કરે તેવી તારીખથી રજિસ્ટ્રેશનનું માણપત્ર રદ કરવું જોઈશે :

(૮) કમિશનરને એવી ખાતરી થાય કે આ કલમ હેઠળ જેના સંબંધમાં રજિસ્ટ્રેશનનું માણપત્ર કાઢી આપેલ હોય તેવો કોઇ ધંધો બંધ થયેલ હોય અને વેપારીએ, રજિસ્ટ્રેશન રદ કરવા માટે ઉપર જણાવ્યા મુજબ અરજી ન કરેલ હોય ત્યારે કમિશનર, વેપારીને સુનાવણીની વાજબી તક આપીને, ધંધો બંધ થયેલ હોય તેવી તારીખ તરીકે, પોતે નક્કી કરે તે તારીખથી રજિસ્ટ્રેશન રદ કરી શકશે.

(૯) વેપારીની અરજી પરથી અથવા અન્યથા રજિસ્ટ્રેશનનું માણપત્ર રદ કરવાથી, વેરો, દંડ અથવા વ્યાજ રદ થયાની તારીખ પહેલા આકારેલ હોય પરંતુ વણચુકવાયેલ રહેલ અથવા ત્યાર પછી આકારેલ હોય તો પણ, રદ કરવાની તારીખની પહેલાની કોઇ પણ મુદત માટેના બાકી વેરા, દંડ અથવા વ્યાજ ભરવા માટેની વેપારીની જવાબદારીને અસર થશે નહિ.

**૨૨.** (૧) રાજ્યમાં ધંધાનું નિયત અથવા કાયમી સ્થળ ધરાવતા અને કલમ ૨૧ હેઠળ નોંધણી કરવાની જરૂર ન હોય તેવા વેપારી, કલમ ૨૧ હેઠળના હેતુ માટે, રજિસ્ટ્રેશન માણપત્ર માટે ઠરાવેલી રીતે, ઠરાવેલ સત્તાધિકારીને અરજી કરી શકશે.

(૨) ઠરાવેલ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે પેટાકલમ (૧) હેઠળ વેપારીએ કરેલ અરજી, નિયમાનુસાર છે, તો તે, ઠરાવેલ નમૂનામાં રજિસ્ટ્રેશન માણપત્ર તેને આપી શકશે :

પરંતુ વેપારીએ સરકારી તિજોરીમાં પચીસ હજાર રૂપિયાની રકમ અનામત મૂકી હોય તે સિવાય, આ કલમ હેઠળ આવું કોઇપણ રજિસ્ટ્રેશન માણપત્ર વેપારીને આપી શકાશે નહિ. વેપારી, કલમ ૨૯ અનુસાર પૂરા પાડવાના પોતાના પત્રકમાં આ રીતે અનામત મૂકેલ રકમ, આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર વેરો, દંડ અથવા વ્યાજ ભરવાની તેની જવાબદારી સામે સરભર કરી શકશે.

(૩) કલમ ૨૧ની પેટાકલમ (૪) અને પેટાકલમ (૭)ના ખંડ (ક) અને પેટા કલમ (૮) ની જોગવાઈઓ આ કલમ હેઠળ આપેલ રજિસ્ટ્રેશનના માણપત્રના સુધારા અથવા તેને રદ કરવાના સંબંધમાં લાગુ પડશે.

(૪) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પેટાકલમ (૨) હેઠળ રજિસ્ટર થયેલ દરેક વેપારી તેનું રજિસ્ટ્રેશન ચાલુ રહે ત્યાં સુધી આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને પાત્ર થશે.

**૨૩.** અગાઉના કાયદા હેઠળ અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ નિયત દિવસે રજિસ્ટર થયેલ દરેક વેપારીને, આ અધિનિયમની કલમ ૨૧ હેઠળ રજિસ્ટર થયેલ છે તેમ ગણાશે.

**૨૪.** કલમ ૨૫માં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, રજિસ્ટ્રેશન માણપત્ર, જે વેપારીને આપવામાં આવ્યું હોય તેનું પોતાનું રહેશે અને તે બીજાને નામે તબદીલ કરી શકાશે નહિ.

**૨૫.** (ક) રજિસ્ટર થયેલ વેપારી કોઈ પેઢી હોય અને આવી પેઢીના કોઈ ભાગીદારનું મૃત્યુ થયે, પેઢીનું વિસર્જન થાય, અને

(ખ) એવા વિસર્જનની તરત પહેલાં, પેઢીની ભાગીદાર હોય તેવી વ્યકિત, માલિક તરીકે વિસર્જિત પેઢીનો ધંધો ચાલુ રાખે ત્યારે,

(૧) પેટાખંડ (૨) હેઠળ પેઢીનું વિસર્જન કરતાં અગાઉ તેનું આપેલ રજિસ્ટ્રેશન માણપત્ર સુધારવામાં આવે નહિ ત્યાં સુધી, તેનાં વિસર્જન અગાઉ તે પેઢીને કોઈ રજિસ્ટ્રેશન માણપત્ર આપેલ હોય તો તે, કલમ ૨૭ને અધીન રહીને છ મહિનાની મુદત સુધી કાયદેસર હોવાનું ચાલુ રહેશે.

(૨) રજિસ્ટ્રેશન માણપત્રમાં સુધારો કરવા માટે છ મહિનાની મુદતની અંદર એવી વ્યકિતએ કરેલ અરજી ઉપરથી અને કલમ ૨૯થી ઠરાવેલી રીતે માહિતી પૂરી પાડ્યેથી, પેઢીના વિસર્જન અગાઉ તેને આપેલ રજિસ્ટ્રેશન માણપત્ર, તદ્‌નુસાર સુધારવું જોઈશે.

**રજિસ્ટ્રેશન રદ કરવા બાબત.**

**૨૬.** (૧) રજિસ્ટર થયેલ વેપારી

(ક) પોતાનો ધંધો પૂર્ણતઃ અથવા અંશતઃ વેચાણ, પટા, પરવાનગી અથવા લાઈસન્સ દ્વારા ભાડાથી અથવા કોઈપણ બીજી રીતે બીજાને નામે તબદીલ કરે અથવા અન્યથા પોતાનો ધંધો અથવા તેના કોઈ ભાગનો નિકાલ કરે અથવા ધંધાની માલિકીમાં બીજા કોઈ ફેરફાર કરે અથવા તેવા ફેરફારની તેને જાણ હોય તો,

(ખ) પોતાનો ધંધો બંધ કરે અથવા તેનું સ્થળ બદલે અથવા નવા સ્થળે ધંધો શરૂ કરે અથવા હંગામી રીતે ત્રીસ દિવસ કરતાં વધારે મુદત માટે ધંધો બંધ કરે તો,

(ગ) પોતાના ધંધાના નામ, રીત, રચના અથવા કારમાં ફેરફાર કરે તો, અથવા

(ઘ) પોતાના ધંધાના સંબંધમાં ભાગીદારી કરે અથવા બીજા એસોસિએશનમાં જોડાય અથવા ધંધાની માલિકીમાં કોઈ ફેરફાર કરે તો,

તેણે ઠરાવેલ સમયની અંદર, નિયત સત્તાધિકારીને તદ્દનુસાર માહિતી આપવી જોઈશે અને આવો વેપારી મૃત્યુ પામે ત્યારે, તેના કાયદેસરના તિનિધિએ આવા મૃત્યુની જાણ કરવી જોઈશે અથવા આવો વેપારી પેઢી હોય અને પેઢીના બંધારણમાં કોઈ ફેરફાર થાય અથવા પેઢીનું વિસર્જન થાય તો, તેની ભાગીદાર હતી તેવી દરેક વ્યકિતએ, પેઢીના બંધારણમાં થયેલ ફેરફાર અથવા યથાસંગ, પેઢીના વિસર્જનને લગતી જાણ સદરહુ સત્તાધિકારીને એવી જ રીતે કરવી જોઈશે.

(૨) કમિશનર, આ અધિનિયમ હેઠળ પૂરી પાડવામાં આવેલી અથવા અન્યથા મળેલ માહિતીને વિચારણામાં લીધા પછી પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, રજિસ્ટ્રેશનના કોઇ માણપત્રમાં વખતોવખત સુધારો કરી શકશે :

પરંતુ કમિશનરે, રજિસ્ટ્રેશનનું માણપત્ર આપમેળે સુધારતા પહેલાં, આવા સુધારાથી અસર થનાર વેપારીને કહી સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

(૩) પેટાકલમ (૧) અથવા પેટાકલમ (૨) હેઠળ, રજિસ્ટ્રેશન માણપત્રમાં

કરેલો સુધારો, પેટાકલમ (૧) હેઠળ ઠરાવેલ સમયની અંદર આ અર્થે માહિતી પૂરી પાડેલ હોય કે ન હોય તો પણ, સુધારાને જરૂરી બનાવતી આકસ્મિક તારીખથી અમલમાં આવશે.

(૪) આ કલમ હેઠળ રજિસ્ટ્રેશન માણપત્રમાંનો કોઈ સુધારો, વેરા, વ્યાજ અથવા દંડને અથવા આ અધિનિયમ હેઠળના કોઈ ગુનાની કાર્યવાહીને બાધ આવ્યા સિવાયનો રહેશે.

(૫) જો કોઈ વેપારી, પેટાકલમ (૧)ની જોગવાઈઓનું પૂરતા કારણસર પાલન ન કરે તો, કમિશનર, વેપારીને સુનાવણીની વાજબી તક આપીને, તેને કસૂરના વધુમાં વધુ પાંચ હજાર રૂપિયાને અધીન રહીને દિવસ દીઠ રૂપિયા એકસોની રકમ દંડની રૂએ ભરવા આદેશ આપી શકશે.

(૬) શંકાના નિવારણ માટે આથી એવું જાહેર કરવામાં આવે છે કે રજિસ્ટર થયેલ વેપારી–

(ક) પોતાના ધંધાના નામમાં કોઈ ફેરફાર લાવે;

(ખ) પોતે પેઢી હોય અને તેના વિસર્જન વિના પેઢીના બંધારણમાં કોઈ ફેરફાર થાય;

(ગ) ટ્રસ્ટનો ટ્રસ્ટી હોય અને તેના ટ્રસ્ટીઓમાં ફેરફાર થાય;

(ઘ) હિંદુ વિભકત કુટુંબ હોય અને આવા કુટુંબનો ધંધો, તેના ભાગીદારો તરીકે તમામ અથવા કોઈપણ સહભાગીદારથી ભાગીદારીના ધંધામાં રૂપાંતરીત થાય;

(ચ) પોતે પેઢી અથવા કંપની અથવા ટ્રસ્ટ અથવા બીજુ કોઈ સ્થાપન હોય અને તેના વહીવટમાં ડિરેકટર અથવા કંપનીના મેનેજિંગ ડિરેકટર સહિતનો કોઈ ફેરફાર થાય,

તો માત્ર ઉપર્યુકત કારણોથી, રજિસ્ટ્રેશનના નવા માણપત્ર માટે વેપારીએ અરજી કરવાની જરૂર રહેશે નહિ અને આ કલમથી ફરમાવેલ રીતે માહિતી પૂરી પાડ્યે, રજિસ્ટ્રેશનનું માણપત્ર સુધારવું જોઈશે.

**૨૭.** (૧) (ક) આ અધિનિયમ હેઠળ વેપારીને જેના સંબંધમાં રજિસ્ટ્રેશનનું માણપત્ર આપવામાં આવ્યું હોય તે ધંધો બંધ થાય;

(ખ) વેપારીએ સમગ્ર ધંધો તબદીલ કર્યો હોય તેવા કિસ્સામાં, ધંધો જેને તબદીલ થતો હોય તે વ્યકિત આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન માણપત્ર અગાઉથી ધરાવતો હોય;

(ગ) સંસ્થાપિત મંડળ સમેટી લીધેલું હોય અથવા અન્યથા તે અસ્તિત્વમાં હોતું બંધ થાય;

(ઘ) માલિકીના ધંધાનો માલિક, ધંધો ચલાવવા માટે કોઈ ઉત્તરાધિકારી વગર મૃત્યુ પામે;

(ચ) વ્યકિતઓની પેઢી અને મંડળના કિસ્સામાં, તેનું વિસર્જન થાય; અથવા

(છ) વેપારી આ અધિનિયમ હેઠળ વેરો ચુકવવા જવાબદાર હોતો બંધ થાય તો,

કમિશનર આવા વેપારીનું અથવા યથાસંગ, ધંધો તબદીલ કરનાર વ્યકિતનું રજિસ્ટ્રેશન માણપત્ર પોતે નિર્દિષ્ટ કરે તેવી તારીખથી રદ કરી શકશે.

(૨) જેના રજિસ્ટ્રેશનનું માણપત્ર પેટાકલમ (૧) હેઠળ રદ કરવાને પાત્ર થતું હોય તેવા રજિસ્ટર થયેલ વેપારીએ, તેનું રજિસ્ટ્રેશન રદ કરવા માટે ઠરાવેલ સત્તાધિકારીને, ઠરાવેલી રીતે અને ઠરાવેલ સમયની અંદર અરજી કરવી જોઇશે.

(૩) વેપારી પાસેથી આવી અરજી મળ્યે, રજિસ્ટર કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે વેપારી પેટાકલમ (૧) માં નિર્દિષ્ટ કરેલી શરતો પરિપૂર્ણ કરે છે તો, તે આવા વેપારીનું રજિસ્ટ્રેશન રદ કરી શકશે.

(૪) (ક) પેટાકલમ (૧)ના ખંડ (ક) અથવા (ખ) ના કિસ્સામાં, ધંધો બંધ થવાની અથવા યથાસંગ, તબદીલીની તારીખથી;

(ખ) પેટાકલમ (૧)ના ખંડ (ગ), (ઘ), (ચ) અથવા (છ)ના કિસ્સામાં, વેરો ચુકવવાની વેપારીની જવાબદારી બંધ થવાની તારીખથી

પેટાકલમ (૧૧) હેઠળ ફરમાવ્યા મુજબ ઉપર્યુક્ત તારીખથી માણપત્ર રદ કરવાને લગતો હુકમ પસાર કર્યો હોય અથવા ન કર્યો હોય અથવા રદ કરવાને લગતી વેપારીની વિગતો રાજ્પત્રમાં સિદ્ધ કરવામાં આવી હોય કે ન આવી હોય તેમ છતાં

રજિસ્ટ્રેશનનું માણપત્ર બિનઅમલી બનેલ છે તેમ ગણાશે.

**અમુક વર્ગના વેપારીઓએ જામીનગીરી આપવા બાબત.**

(૫) વેપારીએ–

(ક) આ અધિનિયમ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર સતત ત્રણ પત્રકો ફાઈલ ન કરેલ હોય;

(ખ) પોતાના પત્રકોમાં જાણીબૂઝીને અપૂર્ણ અથવા ખોટી માહિતી પૂરી પાડે;

(ગ) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ પોતાની પાસેથી લેણો નીકળતો કોઈ વેરો ચૂકવેલ ન હોય;

(ઘ) પોતાને વેરા ભરતિયું છૂટક ભરતિયા કાઢી આપવામાં આવ્યા પછી, પોતાના હિસાબોના ચોપડામાં સદરહુ ભરતિયા ખાતે ન લીધેલ હોય;

(ચ) ખોટા હોવાનું પોતે જાણતો હોય અથવા ખોટું હોવાને કારણ હોય તેવો એકરાર કરે, સ્વીકારે અથવા રજૂ કરે અથવા કરાવડાવે;

(છ) જેણે કલમ ૨૮ની જોગવાઈઓ હેઠળ જામીનગીરી પૂરી પાડવા ફરમાવ્યું હોય પણ આવી જામીનગીરી પૂરી ન પાડેલી હોય;

(જ) આ અધિનિયમ અથવા અગાઉના કાયદા હેઠળના ગુના માટે દોષિત ઠરેલ હોય;

(ઝ) પોતાનો ધંધો બંધ કરે અને આવી રીતે ધંધો બંધ કરવા સંબંધી માહિતી પૂરી ન પાડે, અથવા

(ટ) વેચાણનું કામકાજ કર્યા વગર, સરકારી મહેસૂલમાં કપટના ઈરાદાથી બીજા વેપારીને વેરા ભરતિયું, છૂટક ભરતિયું, બિલ અથવા કેશ મેમોરેન્ડમ કાઢી આપે, તો,

કમિશનર, કારણોની લેખિતમાં નોંધ કરીને અને વેપારીને કહી સંભળાવવાની વાજબી તક આપ્યા પછી, પોતે નિર્દિષ્ટ કરે તેવી તારીખથી રજિસ્ટ્રેશનનું માણપત્ર રદ કરી શકશે.

(૬) પેટાકલમ (૫) હેઠળ જેનું માણપત્ર રદ કરેલ હોય તેવી દરેક વ્યકિતએ,

માણપત્ર રદ થયાની તારીખે રાખેલ દરેક વેરાપાત્ર માલના સંબંધમાં સ્ટોક તરીકે અથવા માલ તે તારીખે વાજબી બજાર ભાવે વેચાયો હોત તો, માલના સંબંધમાં ચુકવવા પાત્ર થાય તેટલા વેરા જેટલી અથવા માલના સંબંધમાં અગાઉ દાવો કરેલ કુલ વેરા શાખ એ બે માંથી જે વધુ હોય તેટલી રકમ ભરવી જોઇશે.

(૭) આ કલમ હેઠળ પસાર કરેલ રદ કરવાને લગતો હુકમ, આ અધિનિયમ હેઠળની કોઈ અપીલ અથવા અન્ય કાર્યવાહીને પરીણામે કોરાણે મૂકવામાં આવે ત્યારે, વેપારીના રજિસ્ટ્રેશનનું માણપત્ર યથાવત્ રાખવામાં આવશે અને જાણે કે તેનું માણપત્ર ક્યારેય રદ કરવામાં ન આવ્યું હોય તેમ તે વેરો ભરવાને જવાબદાર રહેશે.

(૮) રજિસ્ટ્રેશનનું માણપત્ર રદ કરવાની અરજી કરતા દરેક વેપારીએ પોતાને આપેલ રજિસ્ટ્રેશન માણપત્ર તેની અરજી સાથે પરત કરવું જોઇશે અને તેણે કરેલ અરજીના આધારે હોય તે સિવાય અન્યથા જેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું હોય તે દરેક વેપારીએ રદ કરવાના હુકમની તેને જાણ થયાની તારીખથી સાત દિવસની અંદર રજિસ્ટ્રેશનનું માણપત્ર પરત કરવું જોઇશે.

પરંતુ એવું રજિસ્ટ્રેશન માણપત્ર ગુમ થઇ જવાને, નાશ પામવાને અથવા વિકૃત થવાને કારણે આવું માણપત્ર પરત કરવા વેપારી અસમર્થ હોય તો આવા વેપારીએ રજિસ્ટ્રેશન માણપત્ર રદ કરવાના હુકમની તેને જાણ થયાની તારીખથી સાત દિવસની અંદર રજિસ્ટ્રેશન કરનાર સત્તાધિકારીને તદ્દનુસાર જાણ કરવી જોઇશે.

(૯) જો કોઈ વેપારી.–

(ક) પેટાકલમ (૨)ની જોગવાઈઓનું પૂરતા કારણ સિવાય પાલન ન કરે; અથવા

(ખ) પેટાકલમ (૮)માં જોગવાઈ કર્યા મુજબ પોતાના રજિસ્ટ્રેશનનું માણપત્ર પરત ન સોંપે,

તો, કમિશનર, લેખિત હુકમથી અને વેપારીને સુનાવણીની તક આપીને એવા આદેશ કરી શકશે કે વેપારીએ કસૂરના દરે દિવસ દીઠ એકસો રૂપિયા જેટલી રકમ દંડ તરીકે ભરવી.

(૧૦) રજિસ્ટ્રેશનનું માણપત્ર રદ કર્યેથી, આવી રીતે રદ થયાની તારીખ સુધીની કોઈ મુદત માટે ભરવાનો બાકી રહેતો વેરો, દંડ અથવા વ્યાજ અને વણચૂકવાયેલ રહેતો વેરો અથવા તેના પછી આકારવામાં આવેલ વેરો ભરવાની કોઈ વેપારીની જવાબદારીને અસર કરશે નહિ.

**પત્રકો.**

(૧૧) કમિશનરે, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ જેનું રજિસ્ટ્રેશન માણપત્ર રદ કરવામાં આવેલ હોય તે વેપારીની વિગતો, ઠરાવવામાં આવે તે રીતે, સિદ્ધ કરવી જોઇશે.

**૨૮.** (૧) જે સત્તાધિકારીને રજિસ્ટ્રેશન માણપત્ર કાઢી આપવા માટે કલમ ૨૧ અથવા ૨૨ હેઠળ અરજી કરવામાં આવી હોય તે સત્તાધિકારીને, આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર વેરો, દંડ અને વ્યાજની યોગ્ય વસુલાત માટે તેમ કરવાનું જરૂરી જણાય, ત્યારે તે, લેખિત હુકમથી અને તેના કારણોની નોંધ કરીને, રજિસ્ટ્રેશન માણપત્ર કાઢી આપવા માટેની શરત તરીકે તે વેપારીએ ઠરાવેલી રીતે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સમયની અંદર, ઉપર્યુક્ત હેતુ માટે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી જામીનગીરી પૂરી પાડવી એવી આવશ્યકતા મૂકી શકશે.

(૨) કલમ ૨૧માં ઉલ્લેખેલ સત્તાધિકારીને અથવા કમિશનરને, કોઇપણ વર્ષની કોઇપણ મુદત માટે ભરવાપાત્ર અથવા ભરવા માટે લેણો બને તેવો વેરો, વ્યાજ અને દંડની યોગ્ય વસૂલાત માટે તેમ કરવાનું જરૂરી જણાય, ત્યારે, તે કોઇપણ સમયે,

લેખિત હુકમ કરીને અને તેમાં કારણોની નોંધ કરીને, રજિસ્ટર થયેલ વેપારીને, ઠરાવેલી રીતે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર આવી જામીનગીરી અથવા આવા વેપારીએ અગાઉ કોઇ જામીનગીરી પૂરી પાડી હોય તો, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી વધારાની જામીનગીરી પૂરી પાડવાનું ફરમાવી શકશે.

(૩) કોઇ વેપારીને સુનાવણીની તક આપ્યા સિવાય, તેને, પેટાકલમ (૧) હેઠળ કોઇ જામીનગીરી અથવા પેટાકલમ (૨) હેઠળ કોઇ જામીનગીરી અથવા કોઇ વધારાની જામીનગીરી આપવા ફરમાવી શકાશે નહિ.

(૪) પેટાકલમ (૧) અથવા પેટાકલમ (૨) હેઠળ વેપારીને આપવા ફરમાવવામાં આવે તેવી જામીનગીરીની રકમ અથવા એવી જામીનગીરીની એકંદર રકમ અને પેટાકલમ (૨) હેઠળ તેમાં ઉલ્લેખેલ સત્તાધિકારી અથવા કમિશનર તેને આપવા ફરમાવે તેવી વધારાની જામીનગીરીની રકમ, કોઇપણ વર્ષની કોઇપણ મુદત માટે, એવા વેપારીના માલના વેચાણોના ટર્નઓવર અથવા ખરીદીના ટર્નઓવર ઉપર, પેટાકલમ (૧) માં ઉલ્લેખેલ સત્તાધિકારીના અથવા કમિશનરના અંદાજ અનુસાર, કોઇપણ વર્ષની કોઇપણ મુદત માટે ભરવાપાત્ર અથવા ભરવા માટે લેણો બને તેવો, વેરો, વ્યાજ અને દંડની રકમ કરતાં વધવી જોઇશે નહિ.

**વેરાની મુદતી ચુકવણી અને વેરાની બિન ચુકવણી ઉપર વ્યાજ.**

(૫) પેટાકલમ (૧) અથવા પેટાકલમ (૨) હેઠળ કોઇ વેપારીએ આપેલી જામીનગીરી જામીનખત રૂપે હોય અને જામીન નાદાર બને અથવા મૃત્યુ પામે ત્યારે, વેપારીએ ઉપરોક્ત બનાવો પૈકી કોઇ બનાવ બન્યાના ત્રીસ દિવસની અંદર, પેટાકલમ (૧) અથવા પેટાકલમ (૨) માં ઉલ્લેખેલ સત્તાધિકારીને અથવા યથાસંગ, કમિશનરને જાણ કરવી જોઇશે અને એવા બનાવના નેવું દિવસની અંદર, ખતના નમૂનામાં અથવા બીજી કોઇપણ ઠરાવેલી રીતે ખતમાંની રકમ જેટલી જ રકમ માટેની, જામીનગીરી નવેસરથી આપવી જોઇશે.

(૬) પેટાકલમ (૧) અથવા પેટાકલમ (૨) માં ઉલ્લેખેલ સત્તાધિકારી અથવા યથાસંગ કમિશનર, હુકમથી અને સબળ અને પૂરતા કારણસર, કોઇ વેપારીએ ભરવાના વેરા, વ્યાજ અથવા દંડની કોઇ રકમ વસુલ કરવા માટે તે વેપારીએ આપેલી પૂરેપૂરી જામીનગીરી અથવા તેનો કોઇ ભાગ જપ્ત કરી શકશે :

પરંતુ તે વેપારીને સુનાવણીની તક આપ્યા સિવાય, આ પેટાકલમ હેઠળ કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૭) પેટાકલમ (૬) હેઠળના હુકમના કારણે કોઇ વેપારીએ આપેલી જામીનગીરી અપૂરતી ઠરાવાય ત્યારે તેણે ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા સમયની અંદર ખૂટતી રકમ ભરપાઇ કરવી જોઇશે.

(૮) પેટાકલમ (૧) અથવા પેટાકલમ (૨)માં ઉલ્લેખેલ સત્તાધિકારી અથવા યથાસંગ કમિશનર, તે અર્થે વેપારીએ કરેલી અરજી ઉપરથી, આ કલમ હેઠળ જામીનગીરી તરીકે તે વેપારીએ મૂકેલ કોઇ રકમ અથવા તેનો ભાગ, વેરો, વ્યાજ અથવા દંડની વસૂલાતના હેતુ માટે જરુરી ન હોય, તો તેના રિફંડ માટે હુકમ કરી શકશે :

**ફક્ત રજિસ્ટર થયેલ વેપારીઓએ જ વેરો લેવા બાબત.**

(૯) કોઇ વેપારી પેટાકલમ (૧), (૨), (૫) અથવા (૭) હેઠળ ઠરાવ્યા માણે, જામીનગીરી ન આપે, ત્યારે કલમ ૨૧માં ઉલ્લેખેલ સત્તાધિકારી, રજિસ્ટ્રેશન માણપત્ર કાઢી આપવાની ના પાડી શકશે અથવા યથાસંગ, તે રદ કરી શકશે :

પરંતુ આ પેટાકલમ હેઠળ રજિસ્ટ્રેશન માણપત્ર કાઢી આપવાની ના પાડવાથી અથવા તે રદ કરવાથી, કલમ ૩ની પેટાકલમ (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં, રજિસ્ટ્રેશન માણપત્ર એવી રીતે કાઢી આપવાની ના પાડયાની અથવા રદ કર્યાની તારીખ

પહેલાંની અથવા તે પછીની કોઈપણ મુદત માટે લેણો થતો વેરો, દંડ અને વ્યાજ સહિત ભરવાની તે વેપારીની જવાબદારીને અસર થશે નહિ અને તદનુસાર આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડવાનું ચાલુ રહેશે.

## પ્રકરણ ૫

## પત્રકો, વેરાની ચુકવણી, આકારણી, વેરાની વસુલાત અને રિફંડ

**પત્રકની ચકાસણી અને કામચલાઉ આકારણી.**

**૨૯.** (૧) દરેક રજિસ્ટર થયેલ વેપારીએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેવી મુદત માટે, તેવી તારીખ સુધીમાં અને તેવા સત્તાધિકારી સમક્ષ પત્રકો રજૂ કરવા જોઈશે.

(૨) કમિશનર, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, કોઈ વેપારીને આવા પત્રકો પૂરા પાડવામાંથી મુકિત આપી શકશે અથવા કોઈ વેપારીને

(ક) આવી જુદી જુદી મુદતો માટે, અથવા

(ખ) સદરહુ મુદત માટે અથવા આવી જુદી જુદી મુદત માટેનું રાજ્યમાં વેપારીના ધંધાના વિવિધ સ્થળોને લગતું અલગ પત્રક પોતે આદેશ કરે તેવા સત્તાધિકારી સમક્ષ રજૂ કરવાની છૂટ આપી શકશે.

(૩) કમિશનરને એમ માનવાને કારણ હોય કે કોઈ વેપારીનું કુલ ટર્નઓવર, કલમ ૩ની પેટાકલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ શરૂઆતના ટર્નઓવર કરતાં વધારે હોવાનો સંભવ છે, તો તે આવો વેપારી, જાણે કે રજિસ્ટર થયેલ વેપારી હોય તેમ તેને ઠરાવેલી રીતે નોટિસ બજાવીને, પત્રકો પૂરા પાડવા ફરમાવી શકશે, પરંતુ આવો વેપારી કલમ ૩ની પેટાકલમ (૧) હેઠળ વેરો ભરવાને પાત્ર થતો હોય તે સિવાય, કોઈ વેરો ભરવાપાત્ર થશે નહિ.

(૪) પેટાકલમો (૧) અથવા (૩) હેઠળ પત્રકો પૂરા પાડેલ કોઈ વેપારીને, તેમાં કોઈ ભૂલ, ખામી, કાર્યલોપ કે ખોટું નિવેદન જણાઈ આવે, તો તેણે, મૂળ પત્રક પૂરૂ પાડવા માટે ઠરાવેલી છેલ્લી તારીખ પછીના તરતના ત્રણ મહિના પૂરા થાય તે પહેલાં સુધારેલું પત્રક પૂરૂ પાડવું જોઈશે.

(૫) આ કલમ હેઠળ પત્રક પૂરા પાડવા ફરમાવેલા રજિસ્ટર થયેલ વેપારી અથવા કોઈ બીજો વેપારી પેટાકલમ (૧) હેઠળ ફરમાવ્યા માણેની ઠરાવેલ તારીખ સુધીથી કોઈ પત્રક પૂરૂં ન પાડે અથવા પેટાકલમ (૩) હેઠળ કાઢેલ નોટિસની જરૂરિયાતોનું પાલન ન કરે, તો કમિશનર, તેને, તેણે ચૂકવવાપાત્ર અથવા ભરવાપાત્ર કોઈ વેરા અને વ્યાજ ઉપરાંત, કસૂરની મુદત દરમિયાન મહિને એક સો રૂપિયાની દંડની રકમ અથવા તેનો ભાગ ભરવા ફરમાવી શકશે. કમિશનરે કલમો ૩૨, ૩૩ અથવા ૩૪ હેઠળ વેપારી સામે આકારણી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ ન હોય તેવી હકીકત છતાં, આ પેટા કલમ હેઠળ નિર્દિષ્ટ કરેલ દંડ નાંખી શકશે. આ પેટાકલમ હેઠળ નાંખેલ કોઈ દંડ, આ અધિનિયમ હેઠળ કોઈ ગુના માટેની કોઈ ફોજદારી કામને બાધ આવ્યા સિવાયનો રહેશે.

**૩૦.** (૧) આમાં હવે પછી જોગવાઈ કરેલી રીતે અને ઠરાવવામાં આવે તેવા સમયાંતરે વેરો ભરવાનો રહેશે.

(૨) કલમ ૨૯ની પેટાકલમ (૧) થી પત્રક પૂરૂં પાડવા ફરમાવેલ હોય તેવા રજિસ્ટર થયેલ દરેક વેપારીએ, આવા પત્રકો અનુસાર તેની પાસેથી લેણી સમગ્ર રકમ ઠરાવવામાં આવે તેવી રીતે સરકારી તિજોરીમાં ભરવી જોઈશે અને આવી રકમની પૂરી ચૂકવણી દર્શાવતી પહોંચ પત્રકની સાથે પૂરી પાડવી જોઈશે.

(૩) કલમ ૨૯ની પેટાકલમ (૪) અનુસાર સુધારેલું પત્રક પૂરૂ પાડવા ફરમાવેલ હોય તેવા રજિસ્ટર થયેલ વેપારીએ, લેણી હોય તેવી વેરાની રકમ, તેણે અગાઉ પૂરા પાડેલ પત્રકમાં દર્શાવેલ હોય તેનાથી વધુ દર્શાવેલ હોય, તો તેણે, સુધારેલ પત્રકમાંથી ઉભી થતી વેરાની બાકી રકમ, આવી બાકી રકમની વિલંબિત ચુકવણી ઉપર વ્યાજ સહિત, સરકારી તિજોરીમાં ભરવી જોઇશે અને આવી ચુકવણી દર્શાવતી પહોંચ સુધારેલ પત્રક સહિત પૂરી પાડવી જોઇશે.

**સ્વઆકારણી.**

(૪) રજિસ્ટર થયેલ વેપારી, પેટાકલમો (૧), (૨) અથવા (૩)ની જોગવાઇઓ અનુસાર ભરવાપાત્ર વેરાની રકમ ન ચુકવે, તો કમિશનર, તાત્કાલિક આ અધિનિયમ હેઠળ વસુલાતની કાર્યવાહી શરૂ કરી શકશે.

(૫) કોઇ વેપારી, આ કલમ હેઠળ વેરાની ચુકવણી માટે ઠરાવેલી સમયની અંદર વેરાની રકમ ન ભરે તો, આવા વેપારીએ, એવી રીતે વણચુકવાયેલ વેરાની રકમ અથવા આવી મુદત દરમિયાન વણચુકવાયેલ રહેતી તેનાથી ઓછી કોઇ રકમ ઉપર, ઉપર્યુકત ઠરાવેલ સમય પૂરો થવાની તારીખથી શરૂ કરીને વેરાની રકમની ચુકવણીની તારીખે પૂરી થતી મુદત માટે, વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

**૩૧.** (૧) રજિસ્ટર થયેલ વેપારી ન હોય તેવી કોઇપણ વ્યકિત, આ અધિનિયમ હેઠળના વેરાની રૂએ કોઇ માલના વેચાણના સંબંધમાં કોઇ રકમ લઇ શકશે નહિ અને રજિસ્ટર થયેલ કોઇપણ વેપારી, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર હોય તે સિવાય આવી કોઇ વસૂલાત કરી શકશે નહિ.

**ઓડિટ આકારણી.**

(૨) કલમ ૧૪ હેઠળ ઉચક રકમની ચુકવણી કરવા માટે કમિશનરે છૂટ આપેલ હોય તેવા રજિસ્ટર થયેલ વેપારી, આવી ઉચક રકમની ચુકવણી સ્વીકાર્ય હોય તે મુદત દરમિયાનના માલના વેચાણ પર વેરાની રૂએ કોઇ રકમ તેના ખરીદનાર પાસેથી લઇ શકશે નહિ.

(૩) આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ ભરવા માટે જેને માટે તે વેપારી જવાબદાર ન ઠરતો હોય તેવા લીધેલ અને જમા કરેલ વેરાનું વેપારીને રિફંડ આપી શકશે નહિ. અને એવા વેરાની રકમ સરકાર દાખલ થશે.

(૪) જો કોઇ વ્યકિત, આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને વેરાની રૂએ કોઇ રકમ લે, તો, તે, જે વેરો ભરવા માટે જવાબદાર હોય તે ઉપરાંત આવી રીતે લીધેલ રકમ જેટલી દંડની રકમ ભરવાપાત્ર થશે.

**૩૨.** (૧) કલમ ૨૯ અનુસાર વેપારીએ પૂરા પાડેલ પત્રકો અથવા સુધારેલ પત્રકો કમિશનરની ચકાસણીને અધીન રહેશે.

(૨) (ક) કોઇ વેપારી પત્રક અથવા સુધારેલ પત્રક પૂરા પાડેલ હોય, જે અનુસાર,

(૧) ભરવાપાત્ર વેરાની ચોખ્ખી રકમ, કલમ ૧૩ અનુસાર, કંઇ ન હોય, અથવા

(૨) વેરા શાખની રકમ પછીના પત્રક માટે આગળ લઇ ગયેલ હોય, અથવા

(૩) રિફંડની રકમનો તેમાં દાવો કરેલ હોય, અથવા

(૪) વેપારીએ, તેના પત્રક અથવા સુધારેલ પત્રકમાં, વેરા શાખની ગ્રાહ્ય રકમ કરતાં વેરાશાખની રકમ કરતાં વધુ રકમનો દાવો કરેલ હોય,

ત્યારે કમિશનર, બનતી ત્વરાએ, આવા પત્રક અથવા યથાસંગ, સુધારેલ

પત્રકની મુદત માટે આવા વેપારીની કામચલાઉ રીતે આકારણી કરી શકશે, ઉપર્યુકત કામચલાઉ આકારણીના હેતુ માટે, કમિશનરે, જેના આધારે વેપારીએ આવા પત્રકો અથવા સુધારેલ પત્રકો પૂરા પાડેલ હોય તેનો, ઉપર્યુકત નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખે અથવા તે પહેલાં લેખિતમાં ખુલાસો કરવા ફરમાવતી નોટિસ ઠરાવેલી રીતે, આવા વેપારી ઉપર બજાવવી જોઇશે. કમિશનર, આવા ખુલાસાની વિચારણા કર્યા પછી આવા વેપારી પાસેથી લેણી વેરાની રકમની કામચલાઉ રીતે આકારણી કરી શકશે અને ઠરાવેલ નમૂનામાં હુકમ કાઢી શકશે.

(ખ) ખંડ (ક) હેઠળ જેની ઉપર નોટિસ બજાવવામાં આવી હોય તે વેપારી, ખંડ (ક)ની જરૂરિયાતનું પાલન કરવામાં કસૂર કરે, તો કમિશનર, ઠરાવવામાં આવે તેવી રીતે ભરવાપાત્ર વેરાની રકમ નક્કી કરી શકશે અને આવા વેપારી ઉપર કામચલાઉ આકારણીનો હુકમ બજાવી શકશે.

(૩) રજિસ્ટર થયેલ વેપારીએ, ઠરાવેલ સમયની અંદર કોઇ મુદત માટેના વેરાના સંબંધમાં પત્રક પૂરૂ પાડેલ ન હોય ત્યારે, કમિશનર, કલમ ૩૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવી કસૂરની મુદત માટે કામચલાઉ રીતે વેપારીની આકારણી કરવાની કાર્યવાહી કરી શકશે. આવી કામચલાઉ આકારણી અગાઉના પત્રકો અથવા અગાઉના રેકર્ડના આધારે અથવા કમિશનરને મળેલ માહિતીને આધારે કરવી જોઇશે અને કમિશનરે વેપારીને ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી તારીખ સુધીમાં આકારેલ વેરાની રકમ ભરવા આદેશ કરવો જોઇશે.

(૪) કમિશનરને એમ માનવાને કારણ હોય કે વેપારીએ વેરો ટાળેલ છે, અથવા વેરા શાખની ગ્રાહ્ય રાખેલ રકમ કરતાં વધુ રકમનો દાવો કરેલ છે તો તે, તેણે એકત્રિત કરેલ તમામ સંબંધિત સામગ્રીને ધ્યાનમાં લીધા પછી અને વેપારીને ઠરાવેલ નમૂનામાં નોટિસ આપ્યા પછી, વેપારીએ ભરવાપાત્ર વેરાની રકમની, પોતાના ઉત્તમ નિર્ણય મુજબ, કામચલાઉ આકારણી કરી શકશે.

(૫) આ અધિનિયમની જોગવાઇઓ, જાણે કે કામચલાઉ આકારણી, આ અધિનિયમ હેઠળ ઓડિટ આકારણી કરવામાં આવી હોય તેમ, ઉચિત ફેરફારો સાથે કામચલાઉ આકારણીને લાગુ પડશે.

(૬) આ કલમમાંનો કોઇપણ મજકૂર, કમિશનરને કલમ ૩૩ અથવા ૩૪ હેઠળ આકારણી કરતાં અટકાવી શકશે નહિ.

**૩૩.** (૧) દરેક રજિસ્ટર થયેલ વેપારીએ, ઠરાવવામાં આવે તેવી વિગતો અને તેને સમર્થન આપતા દસ્તાવેજો, ઠરાવેલા નમૂનામાં સ્વઆકારણીની રીતે ઠરાવવામાં આવે તેવી તારીખોએ અને તેવા સત્તાધિકારીને વાર્ષિક પત્રક પૂરા પાડવા જોઇશે.

(૨) વેપારીએ વાર્ષિક પત્રકમાં કરેલ વેરા શાખ, મુકિત અને અન્ય દાવાની રકમ માટે, આ અધિનિયમ અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ ફરમાવેલ હોય તેવા સમર્થક ભરતિયાં, એકરાર, માણપત્ર અથવા પુરાવો રજૂ ન કરેલ હોય ત્યારે, વેપારીએ આવી વેરાશાખ, મુકિત અને બીજા દાવા નામંજૂર રાખીને અને જાણે કે વેચાણ અથવા ખરીદી વેરાપાત્ર હોત તેમ, વેરાના ઉચિત દર લઇને સ્વયં આકારવાની રહેશે.

(૩) વેપારીએ, તમામ પત્રકો અને જો કોઇ સુધારેલા પત્રકો હોય તો તે અને વાર્ષિક પત્રક ઠરાવેલી મુદતની અંદર પૂરા પાડેલ હોય અને કમિશનરને એવી ખાતરી થાય કે પત્રકો અથવા યથાસંગ, સુધારેલા પત્રકો અને વાર્ષિક પત્રક સાચા અને સંપૂર્ણ છે તો, વેપારીએ સ્વઆકારણીથી ફાઇલ કરેલ વાર્ષિક પત્રક સ્વીકારી શકશે અને આવા પત્રકોના આધારે વેપારી પાસેથી લેણી નીકળતી વેરા અને વ્યાજની રકમ આકારવી જોઇશે. કમિશનરે આવા વેપારીને, આ કલમ હેઠળ કરેલ આકારણીના સંબંધમાં ઠરાવેલ નમૂનામાં જાણ કરવી જોઇશે.

**૩૪.** (૧) પેટાકલમ (૨)ની જોગવાઇઓને અધીન રહીને, રજિસ્ટર થયેલા વેપારી પાસેથી લેણી વેરાની રકમ, વેરો ભરવા માટે પાત્ર હોય તે દરમિયાન, દરેક વર્ષ માટે અલગ રીતે આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે આકારવી જોઇશે.

**આકારવાનું રહી જતું હોય તેવું ટર્નઓવર.**

(૨) (ક) કમિશનરને સ્વઆકારણી સાથેના વેરા શાખ, મુકિત, રિફંડ, કપાત, વળતર, કસરના કોઇ દાવાની વિશ્વસનીયતા અથવા તેના સમર્થનમાં વેપારીએ પૂરા પાડેલ કોઇ એકરાર અથવા પુરાવાની સત્યતા અંગે ખાતરી ન થાય; અથવા

(ખ) કમિશનરને એમ માનવાને કારણ હોય કે કેસની વિગતવાર ચકાસણી જરૂરી છે,

ત્યારે, કલમ ૩૩ હેઠળ વેપારીની આકારણી અગાઉથી થઇ શકી હોત તેવી હકીકત હોવા છતાં, કમિશનર, વેપારીને, ઠરાવેલી રીતે, નિર્દિષ્ટ કરેલી તારીખે અને ધંધાના સ્થળે અથવા નોટિસમાં નિર્દિષ્ટ કરેલા સ્થળે હાજર રહેવા માટે તેને ફરમાવતી નોટિસ બજાવી શકશે અને પોતાના હિસાબના ચોપડા અને તેના સમર્થનમાં એવો વેપારી જેના ઉપર આધાર રાખતો હોય તે તમામ પુરાવા રજૂ કરવા અથવા કરાવડાવવા અથવા નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવો પુરાવો રજૂ કરવા ફરમાવી શકશે.

(૩) આ કલમ હેઠળ કરવાની હોય તેવી કાર્યવાહી પોતાના ધંધાના સ્થળે કરવાની હોય તો, વેપારીએ, ફરમાવવામાં આવે તે મુજબ કમિશનરને તમામ સહકાર અને વાજબી સહાય પૂરી પાડવાની રહેશે.

(૪) જો આ કલમ હેઠળની કાર્યવાહી વેપારીના ધંધાના સ્થળે કરવાની હોય અને એવું જણાય કે વેપારી આવા સ્થળોએ કામ કરતો નથી અથવા આવું સ્થળ અસ્તિત્વમાં નથી, તો કમિશનરે, તેની પાસેથી લેણી નીકળતી વેરાની રકમ પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર આકારવી જોઇશે.

(૫) કમિશનરને આ કલમ હેઠળની કાર્યવાહી કરતા ગેરકાયદે અટકાવવામાં આવે તો, કમિશનર, તેની પાસેથી લેણી નીકળતી વેરાની રકમ પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર આકારી શકશે અને વધુમાં એવો આદેશ કરી શકશે કે આવા વેપારીએ એવી રીતે આકારેલ વેરાની રકમની ઉપરાંત વેરાની રકમના બમણા જેટલી રકમ શિક્ષાની રીતે ભરવી.

(૬) જો કોઇ વેપારીએ,

(ક) કોઇ મુદતને લગતા પત્રકો ઠરાવેલી તારીખ સુધીમાં પૂરા ન પાડેલ હોય;

(ખ) કોઇ મુદત માટે અધૂરા અથવા ખોટા પત્રકો પૂરા પાડેલ હોય;

(ગ) પેટાકલમ (૨) હેઠળ કાઢેલ કોઇ કોઇ નોટિસની બોલીઓનું પાલન કરવામાં કસૂર કરી હોય;

**વધારે ભરેલી રકમનું રિફંડ.**

(ઘ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર હિસાબોના ચોપડા રાખેલ ન હોય અથવા હિસાબની કોઇ નિયમિત પદ્ધતિ અપનાવેલ ન હોય,

તો કમિશનર, તેની પાસેથી લેણી નીકળતી વેરાની રકમ પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર આકારી શકશે.

(૭) કમિશનરને એવી ખાતરી થાય કે વેપારીએ વેરાની ચુકવણી ટાળવા અથવા તેમાંથી છટકવાના હેતુથી,

(ક) કોઇ મુદતને લગતા પત્રકો અથવા સ્વઆકારણી ઠરાવેલી તારીખ

સુધીમા વાજબી કારણ વગર પૂરા પાડેલ નથી;

(ખ) કોઇ મુદત માટે અધૂરા અથવા ખોટા પત્રકો પૂરા પાડેલ છે;

(ગ) જેને માટે પોતે પાત્ર ન હોય તેવી વેરાશાખ તેણે લીધેલ હોય;

(ઘ) હિસાબની એવી પદ્ધતિ અપનાવેલ હોય કે તેનાથી કમિશનર વેપારી પાસેથી લેણી નીકળતી વેરાની રકમ આકારી શકે તેમ ન હોય; અથવા

કામચલાઉ રિફંડ.

(ચ) ખોટી અથવા સાચી ન હોય તેવી સ્વઆકારણી જાણીબૂઝીને પૂરી પાડેલ હોય તો, તે

વેપારીને સુનાવણીની વાજબી તક આપીને એવું ફરમાવી શકશે કે ઓડિટ આકારણીમાંના સદરહુ કારણોસર આકારેલ વેરાની રકમના બમણા જેટલી રકમ દંડની રૂએ ભરવી.

(૮) પોતાને મળેલ હોય તેવી માહિતી પરથી, કમિશનરને એવી ખાતરી થાય કે કોઇ મુદતના સંબંધમાં આ અધિનિયમ હેઠળ વેરો ભરવા માટે જવાબદાર ઠરેલ હોય તેવા કોઇ વેપારીએ રજિસ્ટર થવામાં કસૂર કરી છે, તો, કમિશનર, આવી મુદત અને ત્યાર પછીની મુદતોના સંબંધમાં વેપારી પાસેથી લેણી નીકળતી વેરાની રકમ પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર આકારી શકશે. આવી આકારણી કરતી વખતે, તેણે, વેપારીને સુનાવણીની વાજબી તક આપવી જોઇશે. કમિશનર, પોતાને એવી ખાતરી થાય કે કસૂર વાજબી કારણ વિના થઇ હતી તો, તે, વેપારીને એવું ફરમાવી શકશે કે આવી રીતે આકારેલી વેરાની રકમ ઉપરાંત, આકારેલ વેરા જેટલી અથવા પાંચ હજાર રૂપિયાની તે બેમાંથી જે વધુ હોય તે રકમ શિક્ષાની રૂએ વેપારીએ ભરવી.

(૯) પેટાકલમો (૨), (૫), (૬) અથવા (૭) હેઠળની કોઇપણ આકારણી, જે વર્ષ અથવા તેના કોઇ ભાગ માટે આકારેલ હોય તે વર્ષ અથવા તેના કોઇ ભાગના અંતના ચાર વર્ષ પૂરા થયા પછી આકારી શકાશે નહિ.

રિફંડ પર વ્યાજ.

(૧૦) પેટાકલમ (૮) હેઠળની કોઇપણ આકારણી, જે વર્ષ અથવા તેના કોઇ ભાગ માટે આકારેલ હોય તે વર્ષ અથવા તેના કોઇ ભાગના અંતના આઠ વર્ષ પૂરા થયા પછી આકારી શકાશે નહિઃ

પરંતુ કોઇ કોર્ટ અથવા સત્તાધિકારીના હુકમ અનુસાર આકારણી નવેસરથી કરવાની જરૂર હોય ત્યારે, આવી નવેસરથી કરવાની આકારણી, આવા હુકમની તારીખથી બે વર્ષની મુદતની અંદરના કોઇ પણ સમયે કરી શકાશેઃ

વધુમાં, આ કલમના હેતુ માટે મુદત મર્યાદા ગણતી વખતે, કોઇ કોર્ટ અથવા સત્તાધિકારીના હુકમ અથવા મનાઇ હુકમથી, આકારણીની કાર્યવાહી અટકાવવામાં આવી હોય તેવી કોઇ મુદતને આ મુદતમાંથી બાકાત કરવાની રહેશે.

(૧૧) આ કલમ હેઠળ કરવામાં આવેલ કોઇ આકારણી અથવા કરવામાં આવેલ કોઇ શિક્ષા, આ અધિનિયમ હેઠળના કોઇ ગુના માટે ફોજદારી કામને બાધ આવ્યા સિવાયની રહેશે.

(૧૨) કોઇ વેપારીની આ કલમ હેઠળ કોઇ મુદત માટે આકારેલ અથવા કલમ ૩૫ હેઠળ કોઇ મુદત માટે ફરી આકારેલ વેરાની રકમ, આવી મુદતના સંબંધમાં વેપારીએ કલમ ૩૦ની પેટાકલમો (૧), (૨) અથવા (૩) હેઠળ અગાઉથી ભરેલ વેરાની રકમના પચીસ ટકાથી વધારે હોય તે કિસ્સામાં, આવા વેપારી પાસેથી કલમ ૩૦ હેઠળ ભરેલ વેરા અને આ રીતે આકારેલ અથવા ફરી આકારેલ રકમ વચ્ચેના તફાવતના દોઢ ગણા કરતાં વધુ નહિ તેટલો દંડ લેવો જોઇશે.

**૩૫.** (૧) કલમ ૩૨, ૩૩ અથવા ૩૪ હેઠળ કોઇ વર્ષ અથવા તેના કોઇ

ભાગની આકારણી કરેલ હોય તે પછી, કમિશનરને એવું માનવાને કારણ હોય કે કોઇ મુદતના સંબંધમાં વેપારીનું વેરાપાત્ર પૂરેપૂરા ટર્નઓવર અથવા તેના કોઇ ભાગની

(ક) આકારણી કરવાની રહી ગયેલ છે; અથવા

(ખ) આકારણી ઓછી થઇ છે; અથવા

(ગ) જે દરે તે આકારણીપાત્ર હોય તેનાથી ઓછા દરે આકારણી કરવામાં આવેલ છે;

(ઘ) તેમાંથી ખોટી રીતે કોઇ કપાત થયેલ છે; અથવા

(ચ) તેમાં કોઇ વેરાશાખ ખોટી રીતે ગયેલ છે

તો કમિશનર, વેપારીને સુનાવણીની વાજબી તક આપ્યા પછી અને પોતે જરૂરી ગણે તેવી તપાસ કર્યા પછી, વેપારી પર નોટિસ બજાવી શકશે અને ત્યારબાદ પોતાના ધ્યાન પર આવે તેવા ટર્નઓવરના સંબંધમાં વેપારી પાસેથી લેણી નીકળતી વેરાની રકમ, પોતાના ઉત્તમ નિર્ણય અનુસાર નક્કી કરવા માટેની કાર્યવાહી કરી શકશે, અને આ અધિનિયમની જોગવાઇઓ તદ્નુસાર લાગુ પડશે.

(૨) જે વર્ષ અથવા તેના કોઇ ભાગના સંબંધમાં વેરો આકારણીપાત્ર હોય તે વર્ષ અથવા તેનો કોઇ ભાગપૂરા થયાના પાંચ વર્ષ પૂરા થયા પછી, પેટાકલમ (૧) હેઠળ કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

**૩૬.** (૧) આ અધિનિયમ અને નિયમોની બીજી જોગવાઇઓને અધીન રહીને, કોઇ વ્યકિતએ પોતાની પાસેથી લેણી નીકળતી વેરાની રકમ, દંડ અને વ્યાજ, કોઇ હોય તો, તેના કરતા વધારે રકમ ભરી હોય, તો કમિશનરે એવી વધારાની રકમ તેવી વ્યકિતને રિફંડ કરવી જોઇશે :

પરંતુ એવો વધારો, આ અધિનિયમ અથવા અગાઉના કાયદા હેઠળ લેણી થતી કોઇ રકમ વસૂલ કરવામાં કમિશનરે થમ વાપરવો જોઇશે અને પછી ફકત બાકી રહેતી રકમ, જો કોઇ હોય તો તે રિફંડ કરવી જોઇશે :

વધુમાં, પરંતુક હેઠળની આવી કોઇ પણ સરભર, અપીલ સત્તાધિકારીએ અટકાવી રાખેલ હોય તેવી લેણી રકમના વસૂલાતમાં કરી શકાશે નહિ.

**અમુક કિસ્સાઓમાં રિફંડ અટકાવવાની સત્તા.**

(૨) કોઇ વેપારીએ પોતે પૂરા પાડેલ પત્રક અનુસાર કોઇ મુદત માટે કોઇ રિફંડ લેણું હોય ત્યારે, આવું રિફંડ તેની પાસે લેણા નીકળતા વેરાની સામે કામચલાઉ રીતે સરભર કરી શકાશે અને તે, વર્ષની કોઇ પછીની મુદત માટે કલમ ૨૯ હેઠળ પૂરા પાડેલ પત્રક મુજબ ભરવાપાત્ર થશે :

પરંતુ, વેરાની રકમ અથવા દંડ, વ્યાજ અથવા સરકાર દાખલ થયેલી જામીનગીરીની રકમ અથવા આવા સરભરની તારીખે વેપારી પાસેથી લેણી નીકળતી તમામ અથવા તેણે ભરવાપાત્ર કોઇ રકમ, આવી રીતે સરભર કરતા પહેલા આવા રિફંડમાંથી બાદ કરવી જોઇશે.

**અમુક કક્ષાઓ માટે વેરાના રિફંડ બાબત.**

**૩૭.** (૧) રજિસ્ટર થયેલ કોઇ વેપારીએ, આ અધિનિયમથી અથવા આ હેઠળ ફરમાવ્યા માણે કોઇ પત્રક ફાઇલ કરેલ હોય અને આવું પત્રક કોઇ રકમ વેપારીને રિફંડ કરવાપાત્ર દર્શાવે તો, વેપારી, અનિર્ણિત આકારણીનું કામચલાઉ રિફંડ આપવા માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે કમિશનરને અરજી કરી શકશે.

(૨) પેટાકલમ (૩)ની જોગવાઇઓને અધીન રહીને, કમિશનર, ઉપર્યુકત વેપારીને, રિફંડની રકમ જેટલી રકમ માટે, ઠરાવવામાં આવે તેવી બેંક ગેરંટી અથવા બીજી જામીનગીરીખત રજૂ કરવા ફરમાવી શકશે. એવી ગેરન્ટી અથવા બીજી જામીનગીરી મળ્યે, કમિશનર, નિયમોને અધીન રહીને, કામચલાઉ રિફંડ વેપારીને આપી શકશે.

(૩) કમિશનર, કલમ ૩૨ હેઠળ સદરહુ પત્રકથી આવરી લીધેલ મુદતના સંબંધમાં તેવા વેપારીની, આકારણી વ્યવહાર્ય હોય તેટલી જલદી કરવા આદેશ કરી શકશે અને આકારણીના પરિણામે લેણો થતો વેરો, કોઇ હોય તો, તેની સામે કામચલાઉ રિફંડ આપીને સરભર કરી શકશે.

(૪) આકારણી કર્યે, પેટાકલમ (૨) હેઠળ આપેલ કામચલાઉ રિફંડ વધારે પડતું જણાય, તો વધારાનું રિફંડ જાણે કે આ અધિનિયમ હેઠળ વેપારી પાસેથી લેણો થતો વેરો હોય એમ વસૂલ કરવું જોઇશે અને એવી વધારાની રકમ પર, કામચલાઉ રિફંડ આપ્યાની તારીખથી આકારણીની તારીખ સુધીની મુદત માટે વાર્ષિક અઢાર ટકાના દરે વ્યાજ લેવામાં આવશે.

**વેરો, દંડ અથવા વ્યાજ માફ કરવા બાબત.**

**૩૮.** (૧) કલમ ૩૪ હેઠળ આકારણીના હુકમના કારણે વેરાની કોઈ રકમનું રિફંડ વેપારીને લેણું થતુ હોય, ત્યારે તે આ કલમની જોગવાઈને અધીન રહીને, વેરાની રકમ ઉપરાંત, સદરહુ વેરાની રકમ આકારણીના હુકમની જે તારીખને સંબંધિત હોય તે હિસાબી વર્ષ પૂરુ થવાની તારીખથી તરત પછીની તારીખથી સદરહુ વેરાની રકમ ઉપર વાર્ષિક છ ટકાના સાદુ વ્યાજ મેળવવા હકદાર થશે;

**વેરાની ચૂકવણી અને વસૂલાત અને વિલંબિત ચૂકવણી ઉપર વ્યાજ.**

પરંતુ વેપારીએ હિસાબી વર્ષ પૂરુ થયા પછી વેરાની કોઈ રકમ ભરેલ હોય અને આવી રકમનું રિફંડ આપવા ફરમાવેલ હોય, ત્યારે આવું હિસાબી વર્ષ પૂરુ થવાની તારીખથી આવી રકમની ચુકવણીની તારીખ સુધીની મુદત માટે કોઈ વ્યાજ ચુકવવાપાત્ર થશે નહિ.

(૨) પેટાકલમ (૧) હેઠળ ઉલ્લેખેલ સિવાયના કોઇ હુકમ અનુસાર અથવા કોઈ કોર્ટના કોઇ હુકમ અનુસાર રિફંડ માટે હકદાર હોય તેવો રજિસ્ટર થયેલ વેપારી, નિયમોને અધીન રહીને, એવા હુકમની તારીખના ત્રીસ દિવસ પછી શરૂ કરીને એવા રિફંડની રકમની ચૂકવણીની તારીખ સુધીની મુદત માટે, રિફંડ ઉપરાંત છ ટકાના દરે સાદુ વ્યાજ મેળવવાને હકદાર થશે. વ્યાજની ગણતરી, રિફંડની લેણી રકમમાંથી આ અધિનિયમ અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળનો કોઈ વેરો, વ્યાજ, દંડ અથવા બીજા લેણાં તેમાંથી બાદ કર્યા પછી બાકી રહેતી રિફંડની રકમ પર કરવામાં આવશે. આ અધિનિયમ હેઠળ કરેલ કોઈ હુકમના પરિણામે એવા રિફંડની રકમ વધારવામાં અથવા ઘટાડવામાં આવે, તો એવું વ્યાજ તદ્નુસાર વધારવામાં અથવા ઘટાડવામાં આવશે :

પરંતુ અપીલ સત્તાધિકારી અથવા પુનર્વિલોકન સત્તાધિકારી અથવા કોર્ટના હુકમને લીધે કોઈ રકમ રિફંડને પાત્ર થતી હોય, ત્યારે આ કલમની જોગવાઈઓ હેઠળનું વ્યાજ, જેના હુકમથી અપીલ સત્તાધિકારી અથવા પુનર્વિલોકન સત્તાધિકારી અથવા કોર્ટ સમક્ષ કાર્યવાહીની વિષયવસ્તુ ઉભી થઇ હોય તે અધિકારીને અપીલ સત્તાધિકારી અથવા પુનર્વિલોકન સત્તાધિકારી અથવા કોર્ટનો હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયાની તરત પછીની તારીખથી રિફંડની તારીખ સુધી ચૂકવવાપાત્ર થશે.

**સ્પષ્ટીકરણ ૧.**– આ કલમના હેતુઓ માટે, પૂર્ણતઃ અથવા અંશતઃ એવા વેરાના રિફંડમાં, પત્રકથી આવરી લીધેલ કોઇ મુદત માટેનું છેલ્લું ચૂકવણું કરવા માટે ઠરાવેલ [છેલ્લી] તારીખ પછી ભરેલ વેરાની કોઈ રકમના રિફંડ અને એવી ચૂકવણીમાંથી ઉભા થતાં રિફંડને લાગે વળગે છે ત્યાં સુધી વ્યાજનો સમાવેશ થતો હોય, ત્યારે તેની ગણતરી એવી ચૂકવણીની તારીખથી એવા હુકમની તારીખ સુધી કરવી જોઇશે.

**સ્પષ્ટીકરણ ૨.**– ઉપર્યુકત ત્રીસ દિવસની મુદતની અંદર રિફંડ આપવામાં થયેલ વિલંબ પૂર્ણતઃ અથવા અંશતઃ સદરહુ વેપારીને લીધે થયેલ હોય, તો તેને લીધે થયેલ

વિલંબની મુદત જેના માટે વ્યાજ ચૂકવવાપાત્ર થતું હોય તે મુદતમાંથી બાકાત કરવી જોઈશે.

**સ્પષ્ટીકરણ ૩.**– કલમ ૭૩ ની પેટાકલમ (૪) હેઠળ અપીલ હાથ ધરવા માટેની પૂર્વ શરત તરીકે જમા કરેલ રકમનું રિફંડ, અપીલનો નિર્ણય વેપારીની તરફેણમાં આવવાને લીધે લેણું થતું હોય, ત્યારે આ કલમના હેતુઓ માટે 'હુકમની તારીખ' એટલે–

(ક) કેસ અપીલ સત્તાધિકારીના હવાલામાં હોય, ત્યારે તે કિસ્સામાં અપીલ સત્તાધિકારીના હુકમ અનુસાર કરેલ હુકમની તારીખ; અને

**અમુક વસૂલાતની કાર્યવાહીઓ ચાલુ રાખવા બાબત.**

(ખ) બીજા કોઈ કિસ્સામાં, અપીલ સત્તાધિકારીના હુકમની તારીખ.

(૩) કોઈ કોર્ટ અથવા સત્તાધિકારીના હુકમથી કોઈ રકમની વસૂલાત મોકૂફ રહી હોય અને એવો હુકમ પાછળથી રદ થયો હોય, ત્યારે એવો હુકમ અમલમાં રહ્યો હોય તેવી કોઈ મુદત માટે પણ વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

**૩૯.** (૧) રિફંડમાં વધારો કરતો હુકમ, અપીલ અથવા બીજી વધુ કાર્યવાહીની વિષયવસ્તુ હોય અથવા આ અધિનિયમ હેઠળ બીજી કોઈ કાર્યવાહી નિકાલ બાકી હોય અને કમિશનરનો એવો અભિાય હોય કે આવું રિફંડ મંજૂર કરવાથી મહેસૂલી આવકને પ્રતિકુળ અસર થવાનો સંભવ છે તો, કમિશનર, વેપારીને સુનાવણીની તક આપ્યા પછી, પોતે નક્કી કરે તેટલા સમય સુધી રિફંડ અટકાવી શકશે.

(૨) પેટાકલમ (૧) હેઠળ રિફંડ અટકાવવામાં આવે, ત્યારે, વેપારી અપીલ અથવા વધુ કાર્યવાહીના પરિણામે રિફંડ માટે હકદાર થતો હોય, તો, તે કલમ ૩૮માં જોગવાઈ કર્યા માણે વ્યાજ માટે હકદાર થશે.

**૪૦.** (૧) પોતે લાદે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, રાજ્ય સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી ગણે તો, રાજપત્રમાં જાહેરનામાથી, જેમણે કોઇ રજિસ્ટર થયેલ વેપારી પાસેથી માલ ખરીદયો હોય તેવી વ્યક્તિઓના કોઇ વર્ગને તેવા વેપારીએ અલગથી ચાર્જ કરેલ વેરાની રકમનું રિફંડ આપવા કમિશનરને અધિકૃત કરી શકશે.

(૨) પેટાકલમ (૧) હેઠળ બહાર પાડેલ દરેક જાહેરનામું, તે બહાર પાડવામાં આવે તે પછી શક્ય હોય તેટલું જલદી ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મુકવું જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મુકવામાં આવે તે અથવા તેની તરત પછીના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કાંઈ રદ કરે તે અથવા સુધારો કરે તેને તે અધીન રહેશે. રાજ્ય વિધાનમંડળે એવી રીતે રદ કરેલ અથવા કરેલ કોઇ સુધારો રાજપત્રમાં સિધ્ધ કરવો જોઇશે અને તેમ થયે તે અમલમાં આવશે.

**વસૂલાતની ખાસ રીત.**

(૩) પેટાકલમ (૧)હેઠળ રિફંડ માટે એવી રીતે હકદાર કોઈ વ્યકિત, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા સમયની અંદર ઠરાવેલ સત્તાધિકારીને અરજી કરી શકશે. કમિશનરે, આ અધિનિયમની જોગવાઇઓને અધિન રહીને આવી વ્યકિતને આવું રીફંડ આપવું જોઇશે.

**૪૧.** (૧) પોતે લાદે તેવી શરતોને અધીન રહીને, બેવડા વેરાના કિસ્સામાં અથવા અસમાન પરિસ્થિતિ નિવારવાના કિસ્સામાં, રાજ્ય સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય તો, તે સામાન્ય અથવા ખાસ હુકમથી, કોઇ મુદતના સંબંધમાં કોઈ વેપારી અથવા વેપારીઓના વર્ગ દ્વારા અથવા વેચાણો અથવા ખરીદીના કોઈ નિર્દિષ્ટ કરેલ વર્ગના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરો, દંડ અથવા વ્યાજ સંપૂર્ણતઃ અથવા અંશતઃ માફ કરી શકશે.

(૨) કમિશનર, ઠરાવવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતોને અધીન રહીને અને તેવી મર્યાદા અનુસાર, કોઈ વેપારી દ્વારા કોઈ મુદતના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરો, દંડ અથવા વ્યાજ સંપૂર્ણતઃ અથવા અંશતઃ માફ કરી શકશે.

**૪૨.** (૧) કલમ ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૭૫ અથવા ૭૯ હેઠળ કોઈ મુદત માટે આકારેલ, ફેર આકારેલ અથવા ભરવાપાત્ર થતી વેરાની રકમમાંથી એવી મુદતના સંબંધમાં વેપારીએ અગાઉ ભરેલ કોઈ રકમ બાદ કરીને બાકી રહેતી રકમ આ અધિનિયમની કોઇ જોગવાઈ હેઠળ ભરવાપાત્ર થાય તેવા કોઇ દંડ અને વ્યાજ સહિત, આ હેતુ માટે કમિશનરે કાઢેલ માંગણાની નોટિસ બજાવાયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વેપારીએ અથવા તે માટે જવાબદાર વ્યક્તિએ સરકારી તિજોરીમાં અથવા ઠરાવવામાં આવે તેવી બીજી રીતે ભરવી જોઈશે.

(૨) વેપારીએ અરજી કર્યે, કમિશનર, કોઈ ચોકકસ વેપારી અથવા વ્યકિતના સંબંધમાં લેખિતમાં કારણોની નોંધ કરીને, કેસના સંજોગોમાં તેને લાદવી યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, ચુકવણી માટેનો સમય લંબાવી શકશે અથવા હપ્તાથી ચૂકવણીની મંજૂરી આપી શકશે.

(૩) પેટાકલમ (૨) હેઠળ હપ્તાથી ચૂકવણી કરવાની મંજૂરી આપવામાં આવેલ હોય, ત્યારે તે કિસ્સામાં, તે પેટાકલમ હેઠળ કમિશનરે નક્કી કરેલ સમયની અંદર, વેપારી અથવા એવી ચૂકવણી કરવા માટે જવાબદાર વ્યક્તિ, હપ્તા પૈકીનો કોઈ એક હપ્તો ચૂકવવામાં કસૂર કરે, તો વેપારી અથવા તે વ્યક્તિ સમગ્ર રકમના સંબંધમાં કસૂરવાર હોવાનુ ગણાશે, બાકી રહેતી રકમ અને બીજા હપ્તા, હપ્તો ભરવામાં કસૂર કરવામાં આવે તે જ તારીખથી લેણાં થયેલા હોવાનુ ગણાશે.

(૪) પેટાકલમ (૨) હેઠળ લંબાવવામાં આવે તેવી અથવા મંજૂર કરવામાં આવે તેવી હપ્તાની મુદત માટે વાર્ષિક અઢાર ટકાના દરે વ્યાજ લેવામાં આવશે.

(૫) વેરા અને દંડની રકમ, કોઇ હોય તો, તે, પેટાકલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ અથવા યથાસંગ, પેટાકલમ (૨) હેઠળ લંબાવવામાં આવેલ સમયની અંદર ભરવામાં ન આવે, તો વેપારી અથવા તેના માટે જવાબદાર વ્યકિત, તે રકમના સંબંધમાં કસૂરવાર હોવાનું ગણાશે.

**કામચલાઉ ટાંચ.**

(૬) કલમ૭૫ હેઠળ પુનર્વિલોકનને અધીન, હોય તો, કલમ૩૪ અથવા કલમ૩૫ હેઠળ કોઇ મુદત માટે આકારેલ અથવા ફેરઆકારેલ વેરાની રકમ, તે મુદત માટે વેપારીએ અગાઉ ભરેલ વેરાની રકમ કરતાં વધારે હોય ત્યારે, તેવા વેપારીએ, કલમ૩૦ની પેટા કલમ (૧), (૨) અથવા (૩) હેઠળ વેરો ભરવા માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને આકારણી, ફેરઆકારણી અથવા યથાસંગ, પુનર્વિલોકનના હુકમની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે ન ભરાયેલ વેરાની રકમ અથવા એવી મુદત દરમિયાન વણચૂકવાયેલ તેનાથી ઓછી રકમ પર વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

**જમીન મહેસૂલની બાકી તરીકે વેરાની વસૂલાત કરવા માટે વેરા સત્તાધિકારીઓની ખાસ સત્તા.**

**સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો.**

(૭) કોઇ વેપારી, પેટાકલમ (૧) હેઠળ આવતી વેરાની રકમ, નિર્દિષ્ટ કરેલ તારીખે અથવા તે પહેલાં ભરે નહિ, ત્યારે એવા વેપારીએ નિર્દિષ્ટ તારીખે શરૂ થતી અને ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે એવી રીતે ન ભરેલ વેરાની રકમ અથવા એવી મુદત માટે વણચૂકવાયેલ તેનાથી ઓછી કોઇ રકમ પર વાર્ષિક અઢાર ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે :

પરંતુ વેપારીએ કલમ૨૮ની પેટાકલમો (૧) અને (૨) હેઠળ, જામીનખતના સ્વરૂપમાં હોય તે સિવાયની જામીનગીરી આપેલ હોય ત્યારે, કમિશનર, વાજબી અને પૂરતા કારણો લેખિતમાં નોંધીને ઉપર્યુકત માણે વણચૂકવાયેલ વેરા, દંડ અથવા

વ્યાજની બાકી કોઈ રકમ અથવા તેનો કોઇ ભાગ સમગ્રતઃ જામીનગીરી અથવા તેનો કોઇ ભાગ સરકાર દાખલ કરવાનો હુકમ કરીને વસૂલ કરી શકશે.

**મહેસૂલ ભરવામાં કપટ કરવાના હેતુથી કરેલ તબદીલી નિરર્થક ગણાશે. પર વેરાનો થમ બોજો હોવા બાબત.**

**૪૩.** કોઇ વેપારી પર આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર કોઇ વેરા, દંડ, વ્યાજ અથવા કોઇ બીજી રકમ (જેનો આમાં હવે પછી, ''સરકારી લેણા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં માગણાની કોઈ નોટિસ બજાવવામાં આવી હોય અને એવા સરકારી લેણાના સંબંધમાં કોઇ અપીલ, પુનર્વિલોકન અરજી થયેલ હોય અથવા બીજી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હોય, ત્યારે

(ક) એવી અપીલ, પુનર્વિલોકન અથવા બીજી કાર્યવાહીથી એવા સરકારી લેણામાં વધારો થયો હોય ત્યારે, કમિશનરે, ફકત એવા સરકારી લેણામાં જેટલો વધારો થયો હોય તે રકમના સંબંધમાં વેપારી પર માંગણાની બીજી નોટિસ બજાવવી જોઇશે અને એવી અપીલ, પુનર્વિલોકન અરજી અથવા કાર્યવાહીના નિકાલ પહેલાં તેની પર બજાવાયેલ માંગણાની નોટિસથી આવરી લેવાયેલ હોય તેવા સરકારી લેણા સંબંધી કોઇ વસૂલાતની કાર્યવાહી, માંગણાની કોઇ નવી નોટિસ બજાવ્યા સિવાય એવા નિકાલની તરત પહેલાં એવી કાર્યવાહી જે તબક્કે હોય તે તબક્કાથી ચાલુ રહેશે ;

(ખ) એવી અપીલ, પુનર્વિલોકન અથવા [બીજી] કાર્યવાહીથી એવા સરકારી લેણામાં ઘટાડો થયો હોય ત્યારે

(૧) વેપારી પર માંગણાની નવી નોટિસ બજાવવાનું કમિશનર માટે જરૂરી બનશે નહિ;

(૨) કમિશનરે, એવા ઘટાડાની જાણ તે વેપારીને અને જેની પાસે વસૂલાતની કાર્યવાહી નિકાલ બાકી હોય તે યોગ્ય સત્તાધિકારીને કરવી જોઇશે;

**વેરો ભરવા માટે જવાબદાર બીજી વ્યકિતઓને આ અધિનિયમ અથવા મુખ્ય કાયદા લાગુ પાડવા બાબત.**

(૩) એવી અપીલ, પુનર્વિલોકન અરજી અથવા [બીજી] કાર્યવાહીના નિકાલ પહેલાં તે વેપારી પર બજાવાયેલ માંગણાની નોટિસના આધારે શરૂ કરાયેલ કોઇ વસૂલાતની કાર્યવાહી, એવા નિકાલની તરત પહેલાં એવી કાર્યવાહી જે તબક્કે હોય તે તબક્કે તેમાંથી એવી રીતે ઘટાડવામાં આવેલ રકમના સંબંધમાં ચાલુ રાખી શકાશે.

**કમિશન એજન્ટની અને મુખ્ય વેપારીની જવાબદારી.**

**૪૪.** (૧) કોઇ કાયદા અથવા કરારમાં વિરૂધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, કમિશનર, કોઇપણ સમયે અથવા વખતોવખત, લેખિતમાં નોટિસથી વેપારીને તેના છેલ્લા જાણીતા સરનામા પર તેની એક નકલ મોકલીને,

(ક) પેટાકલમ (૧) હેઠળ વેપારીના નાણાંની કોઇ રકમ જેની પાસેથી લેણી હોય અથવા લેણી થાય અને જેની ઉપર નોટિસ બજાવવામાં આવી હોય તેવી કોઇ વ્યકિતને, અથવા

(ખ) જે કોઇ વ્યકિત એવા વેપારી માટે અથવા તેના વતી ત્યારબાદ નાણાં ધરાવતી હોય અથવા ધરાવે તેને,

તે રકમમાંથી આ અધિનિયમ હેઠળ વેરાની બાકી, દંડ અથવા વ્યાજના સંબંધમાં વેપારીએ આપવાની રકમ ભરવા પૂરતા નાણાં અથવા તે નાણા તે રકમ જેટલાં હોય અથવા તેના કરતાં ઓછા હોય, તો, તે તમામ નાણા લેણાં થાય અથવા તે ધરાવવામાં આવે કે તરત જ અથવા નોટિસમાં નિર્દિષ્ટ કરેલા સમયે અથવા તેની અંદર (પરંતુ ઉપર્યુકત માણે નાણાં લેણાં થાય અથવા તે ધરાવવામાં આવે તે પહેલાં નહિ) કમિશનરને ભરવા ફરમાવી શકશે.

**ધંધાની તબદીલીના કિસ્સામાં જવાબદારી.**

**સ્પષ્ટીકરણ :** આ પેટાકલમના હેતુઓ માટે કમિશનરે, કોઇ વ્યકિત પાસેથી કોઇ વેપારીની લેણી થતી નાણાંની રકમમાંથી અથવા વેપારી માટે અથવા તેના વતી કોઇ વ્યકિત નાણાં ધરાવતી હોય તો તેમાંથી તે વેપારીએ એવી વ્યકિતને ચૂકવવા માટે લેણા

થતા અને કાયદેસર ચાલુ રહેલા હકદાવા, હોય તો, તેની રકમ બાદ કર્યા પછી, ગણતરીમાં લેવી જોઇશે.

(૨) કમિશનર, એવી કોઇ નોટિસ સુધારી અથવા રદ કરી શકશે અથવા નોટિસ અનુસાર કોઈ ચૂકવણી કરવા માટેનો સમય લંબાવી શકશે.

(૩) આ કલમ હેઠળની નોટિસનું પાલન કરીને કોઇ ચૂકવણી કરનાર કોઇ વ્યકિતએ, વેપારીએ આપેલ અધિકાર હેઠળ ચૂકવણી કરી છે એમ ગણાશે અને કમિશનરે આપેલી રસીદથી, તે રસીદમાં નિર્દિષ્ટ કરેલ રકમ પૂરતી તેવી વ્યકિતની જવાબદારી યોગ્ય અને પૂરતી રીતે અદા થઇ છે એમ ગણાશે.

કંપનીઓનું જોડાણ.

(૪) આ કલમમાં ઉલ્લેખેલી નોટિસ મળ્યા પછી, વેપારી ત્યેની કોઇ જવાબદારી અદા કરનાર વ્યકિત, અદા કરેલી જવાબદારીના માણ અથવા વેપારીના વેરો, દંડ અને વ્યાજ ભરવાની જવાબદારીના માણ બંનેમાંથી જે ઓછું હોય તે માણમાં અને તેટલા પૂરતી કમિશનરને અંગત રીતે જવાબદાર રહેશે.

(૫) આ કલમ હેઠળ જેને નોટિસ મોકલવામાં આવી હોય, તેવી કોઇ વ્યકિત લેખિત નિવેદન કરીને એવો વાંધો ઉઠાવે કે માંગેલી રકમ અથવા તેનો કોઇ ભાગ વેપારીનો લેણો નીકળતો નથી અથવા વેપારી ને ભરવાના નથી અથવા વેપારીના અથવા તેના વતી કોઇ નાણાં પોતે ધરાવતી નથી, ત્યારે કમિશનરે તપાસ કરવી જોઇશે અને એવી વ્યક્તિ અથવા વેપારીને સુનાવણીની વાજબી તક આપ્યા પછી પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો જોઇશે.

સન ૧૯૫૬નો ૧લો.

(૬) આ કલમ હેઠળ નાણાંની કોઇ રકમ કમિશનરને ભરવા માટે ઉપર્યુકત વ્યકિતને ફરમાવ્યું હોય અથવા જેને માટે તે અંગત રીતે કમિશનરને જવાબદાર હોય તેવી રકમ ભર્યા વિનાની રહે, તો તે રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

ફડચામાં ગયેલી કંપનીના કિસ્સામાં જવાબદારી.

(૭) કમિશનર, વેપારીએ ભરવાપાત્ર વેરા, વ્યાજ અને દંડની બાકી રકમ અંગેની નાણાંની એવી રકમની ચૂકવણી માટે, વેપારીનો નાણા જેની કસ્ટડીમાં હોય તે કોર્ટને અરજી કરી શકશે.

**૪૫.** (૧) આકારણી ન થયેલ ટર્નઓવરની આકારણી અથવા ફેરઆકારણીની કોઈ કાર્યવાહી નિકાલ બાકી હોય તે દરમિયાન કમિશનરનો એવો અભિાય હોય કે સરકારી મહેસૂલના હિતસંરક્ષણના હેતુ માટે તેમ કરવું જરૂરી છે, તો તે, ઠરાવવામાં આવે તેવી રીતે વેપારીની માલિકીની કોઈ મિલકત, લેખિતમાં હુકમથી કામચલાઉ રીતે ટાંચમાં લઈ શકશે.

(૨) પેટાકલમ (૧) હેઠળ કરેલ હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થયા પછી આવી દરેક કામચલાઉ ટાંચ અમલમાં હોતી બંધ થશે.

**૪૬.** (૧) આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ અથવા અગાઉના કોઇપણ કાયદા હેઠળ કોઇ વેપારી અથવા બીજી વ્યકિત પાસેથી લેણા નીકળતા વેરા, દંડ અથવા વ્યાજની રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાના હેતુ માટે,

(૧) કમિશનર, ખાસ કમિશનર, અધિક કમિશનર અને સંયુકત કમિશનરોને મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ હેઠળ કલેક્ટરની તમામ સત્તા રહેશે અને તેની તમામ સત્તા વાપરશે અને તેની તમામ ફરજો બજાવશે;

(૨) નાયબ કમિશનરો અને મદદનીશ કમિશનરોને, સદરહુ અધિનિયમ હેઠળ મદદનીશ અથવા નાયબ કલેક્ટરની (કસુર કરનારની ધરપકડ કરવાની અને તેને દીવાની જેલમાં અટકાયતમાં રાખવાની સત્તા સિવાયની) તમામ સત્તા રહેશે અને તેની તમામ સત્તા વાપરશે અને તેની તમામ ફરજો બજાવશે;

સન ૧૯૫૬નો ૧લો.

(૩) વાણિજિયકવેરા અધિકારીઓને, સદરહુ અધિનિયમ હેઠળ મામલતદારની (કસુર કરનારની ધરપકડ કરવાની અને તેને દીવાની જેલમાં અટકાયતમાં રાખવાની

**પેઢીના ભાગીદારોની વેરો ભરવાની જવાબદારી.**

સત્તા સિવાયની) તમામ સત્તા રહેશે અને તેવી તમામ સત્તા વાપરશે અને તેની તમામ ફરજો બજાવશે.

(૨) પેટાકલમ (૧)થી મળેલી સત્તા વાપરીને કરેલો દરેક હુકમ, કલમો ૭૩, ૭૫, ૭૮, ૭૯ અથવા ૯૪ના હેતુઓ માટે, આ અધિનિયમ હેઠળ કરેલો હુકમ ગણાશે.

**૪૭.** કોઇ વેપારી પાસેથી કોઇ વેરો લેણો થયા પછી તે વેપારી, સરકારી મહેસૂલ ભરવામાં કપટ કરવાના ઇરાદાથી પોતાની મિલકત અથવા તેના ભાગ ઉપર કોઇ બીજી વ્યકિતની તરફેણમાં બોજો ઉભો કરે અથવા વેચાણ, ગીરો, વિનિમય અથવા બીજા કોઇ કારે તેની મિલકત પૈકીની કોઇ મિલકત ગમે તેમ તબદીલ કરે ત્યારે, વેપારીએ ભરવાપાત્ર કોઇ વેરા અથવા કોઈ બીજી રકમના સંબંધમાંના કોઇ દાવા સામે આવો બોજો અથવા તબદીલી નિરર્થક ગણાશે.

**વાલી, ટ્રસ્ટી વગેરેની જવાબદારી.**

**૪૮.** તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં વિરૂધ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, જેના માટે સરકારને ચૂકવણી કરવા જવાબદાર હોય તેવી વેરા, વ્યાજ અથવા દંડની કોઈ વેપારીએ અથવા કોઈ બીજી વ્યક્તિએ ભરવાપાત્ર કોઈ રકમ, એવા વેપારી અથવા યથાસંગ, તેવી વ્યક્તિની મિલકત પરનો થમ બોજો રહેશે.

## પ્રકરણ ૬

## અમુક કિસ્સામાં વેરો ભરવાની જવાબદારી

**વોર્ડની કોર્ટ વગેરેની જવાબદારી.**

**૪૯.** આ અધિનિયમ અથવા અગાઉના કોઇ કાયદા હેઠળ વેપારી પાસેથી લેણાં થતાં કોઇ વેરા, વ્યાજ અથવા દંડના સંબંધમાં, કોઇ બીજી વ્યકિત આ અધિનિયમ અથવા અગાઉના કોઇ કાયદાની જોગવાઇઓ હેઠળ તેની ચૂકવણી માટે જવાબદાર થતી હોય, ત્યારે, આ અધિનિયમ અથવા યથાસંગ, અગાઉના કાયદાની તમામ સંબંધિત જોગવાઇઓ એવી વ્યકિતને પણ એવી જવાબદારીના સંબંધમાં જાણે કે તે પોતે વેપારી હોય તેમ લાગુ પડશે.

**અમુક કિસ્સામાં વેરો ભરવાની જવાબદારી સંબંધી ખાસ જોગવાઇઓ.**

**૫૦.** (૧) કોઇ કમિશન એજન્ટ તેના મુખ્ય વેપારી વતી કોઇ વેરાપાત્ર માલની ખરીદી અથવા વેચાણ કરે, ત્યારે તેવો કમિશન એજન્ટ અને તેનો મુખ્ય વેપારી અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરો ભરવા માટે સંયુકત અને પૃથક રીતે જવાબદાર થશે.

(૨) કોઇ કમિશન એજન્ટ, ઠરાવવામાં આવે તેવી રીતે કમિશનરને ખાતરી થાય તે રીતે એમ દર્શાવે કે કોઇ માલના સંબંધમાં આ અધિનિયમ હેઠળ તેના દ્વારા ચૂકવવાપાત્ર વેરો જેના વતી પોતે માલ ખરીદ્યો હતો તે મુખ્ય વેપારીએ ભરેલો છે, તો, તે જ વ્યવહારના સંબંધમાં કમિશન એજન્ટ ફરીથી વેરો ભરવાને જવાબદાર થશે નહિ.

(૩) જેના વતી કમિશન એજન્ટે માલ વેચ્યો હોય તે મુખ્ય વેપારી, ઠરાવવામાં આવે તેવી રીતે કમિશનરને ખાતરી થાય તે રીતે એમ દર્શાવે કે કોઇ માલના સંબંધમાં આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વેરો તેના કમિશન એજન્ટે ભરેલ છે, તો, તે જ વ્યવહારના સંબંધમાં મુખ્ય વેપારી ફરીથી વેરો ભરવાને જવાબદાર થશે નહિ.

**૫૧.** (૧) આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઇ વેપારી, વેચાણ, ભેટ, પટા, પરવાનગી અને લાઇસન્સથી, ભાડેથી અથવા ગમે તે બીજી રીતે તેનો ધંધો પૂર્ણતઃ અથવા અંશતઃ તબદીલ કરે ત્યારે, તે વેપારી અને જેને ધંધો તબદીલ કર્યો હોય તે વ્યકિત, એવી તબદીલીના સમય સુધી વેપારી પાસેથી લેણો થતો વેરો, વ્યાજ અથવા કોઇ દંડ ભરવા માટે સંયુકત રીતે અથવા પૃથક રીતે જવાબદાર થશે, પછી ભલે એવો

વેરો, વ્યાજ અથવા દંડ એવી તબદીલી પહેલાં આકારવામાં આવ્યા હોય પરંતુ ભર્યા વિનાનો રહ્યો હોય અથવા ત્યારપછી આકારવામાં આવ્યો હોય.

(૨) પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ ધંધો તબદીલીથી લેનાર અથવા પટે લેનાર, એવો ધંધો તેના પોતાના નામે અથવા કોઈ બીજા નામે ચાલુ રાખે ત્યારે, તે એવી તબદીલીની તારીખથી અમલમાં આવે તે રીતે તેણે કરેલ માલના વેચાણો પર વેરો ભરવાને જવાબદાર થશે. અને તે વિદ્યમાન વેપારી હોય, તો તેના રજિસ્ટ્રેશન માણપત્રના સુધારા માટે ઠરાવેલ સમયની અંદર લાગુ પડશે.

**૫૨.** (૧) કોઈ કોર્ટ અથવા કેન્દ્ર સરકારના કોઇ હુકમથી બે અથવા તેથી વધુ કંપનીઓનું જોડાણ કરવામાં આવે અને હુકમની તારીખથી અગાઉની તારીખે હુકમ અમલી બનાવવાનો હોય અને હુકમ અમલી બન્યાની તારીખથી શરૂ થતી અને હુકમની તારીખે પૂરી થતી મુદત દરમિયાન એવી કોઈ બે અથવા વધુ કંપનીઓએ એકબીજા પાસેથી કોઈ માલ ખરીદ્યો અથવા વેચ્યો હોય ત્યારે વેચાણ અને ખરીદીની એવી લેવડદેવડ સંબંધિત કંપનીઓના વેચાણ અથવા ખરીદીના ટર્નઓવરમાં સમાવિષ્ટ કરાશે અને તદ્નુસાર વેરાની આકારણી કરાશે.

(૨) સદરહુ હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમના તમામ હેતુઓ માટે સદરહુ હુકમની તારીખ સુધીની તમામ મુદત માટે સદરહુ બે અથવા વધુ કંપનીઓ અલગ કંપનીઓ ગણાશે અને જરૂરી હોય, ત્યારે સદરહુ હુકમની તારીખથી અમલી બને તેમ સદરહુ કંપનીઓના રજિસ્ટ્રેશન માણપત્ર રદ કરવા જોઇશે.

**સ્પષ્ટીકરણ .**—આ કલમમાં વાપરેલ પણ વ્યાખ્યાયિત ન કરેલ શબ્દો અને શબ્દયોગોનો, કંપની અધિનિયમ, ૧૯૫૬માં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

**૫૩.** (૧) (ક) કોઇ કોર્ટના હુકમ હેઠળ અથવા અન્યથા સમેટાઇ રહી હોય તેવી કોઇ કંપનીને ફડચામાં લઇ જઇ રહી હોય તે દરેક વ્યકિતએ; અથવા

**બીજા કિસ્સાઓમાં જવાબદારી.**

(ખ) કંપનીની કોઇ અસ્કયામતોના રિસીવર તરીકે નીમાઇ હોય તે (જેનો આમાં હવે પછી ''ફડચામાં લઇ જનાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) દરેક વ્યકિતએ,

પોતાની નિમણૂક પછી ત્રીસ દિવસની અંદર પોતાની એવી નિમણૂકની નોટિસ કમિશનરને આપવી જોઇશે.

(૨) કમિશનરે, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અથવા તેવી માહિતી મંગાવ્યા પછી, ફડચામાં લઇ જનારની નિમણૂકની નોટિસ તેને મળે તે તારીખથી ત્રણ મહિનાની અંદર ફડચામાં લઇ જનારને, કમિશનરના અભિાય મુજબ તે સમયે અથવા ત્યારપછી કંપનીએ ભરવાપાત્ર એવા કોઇ વેરા, વ્યાજ અથવા દંડ માટે પૂરતી હોય તેટલી રકમની જોગવાઇ કરવા જાહેર કરી શકશે.

(૩) કોઈ ખાનગી કંપની સમેટવામાં આવી હોય અને તેને ફડચામાં લઇ જવામાં આવે તે પહેલાં અથવા તે દરમિયાન અથવા તે પછીની કોઇ મુદત માટે કંપનીના આ અધિનિયમ હેઠળ આકારેલ કોઇ વેરા, વ્યાજ અથવા દંડની વસૂલાત ન થઇ શકી હોય, ત્યારે જેના માટે વેરો લેણો થતો હોય તે મુદત દરમિયાન કોઇપણ સમયે ખાનગી કંપનીની ડિરેક્ટર રહી હોય તે દરેક વ્યકિત એવા વેરા, વ્યાજ અથવા દંડની ચૂકવણી માટે સંયુકત અથવા પૃથક્ રીતે જવાબદાર થશે સિવાય કે તે, કમિશનરને ખાતરી થાય તે રીતે એમ સાબિત કરે કે આવી બિનવસૂલાત, કંપનીની બાબતોના સંબંધમાં તેના પક્ષે કોઇ ગંભીર બેદરકારી, નિષ્કાળજી અથવા ફરજ ભંગના કારણે થયેલ છે.

**સ્પષ્ટીકરણ.**આ કલમના હેતુઓ માટે, ''કંપની'' અને ''ખાનગી કંપની'' એ શબ્દયોગોનો અર્થ, કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૩ની પેટાકલમ (૧)ના

ખંડો (૧) અને (૨)માં અનુક્રમે તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

**અમુક સંજોગોમાં નોટિસની બજવણી.**

**૫૪.** કોઇ કરારમાં વિરૂધ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ પેઢી આ અધિનિયમ હેઠળ કોઇ વેરો, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર હોય, ત્યારે પેઢી અને પેઢીના દરેક ભાગીદાર એવી ચૂકવણી માટે સંયુકત અને પૃથક રીતે જવાબદાર થશે :

પરંતુ પેઢીમાંથી કોઇ ભાગીદાર નિવૃત્ત થાય, ત્યારે તેણે તેની નિવૃત્તિની તારીખની જાણ કમિશનરને લેખિતમાં તે અર્થે નોટિસ આપીને કરવી જોઇશે અને તે, તેની નિવૃત્તિના સમયે વણચૂકવાયેલ બાકી વેરો, વ્યાજ અથવા દંડ અને તે તારીખે આકારાયેલ હોય અથવા ન હોય તેવા તેની નિવૃત્તિની તારીખ સુધીના લેણા કોઇ વેરા, વ્યાજ અથવા દંડ ભરવાને જવાબદાર થશે :

વધુમાં, નિવૃત્તિની તારીખથી એક મહિનાની અંદર આવી જાણ કરવામાં ન આવે, તો કમિશનરને આવી જાણ થાય તે તારીખ સુધી થમ પરંતુક હેઠળની ભાગીદારની જવાબદારી ચાલુ રહેશે.

**ભરતિયા (ઇન્વોઇસ).**

**૫૫.** આ અધિનિયમ હેઠળ જેના સંબંધમાં વેરો ભરવાપાત્ર હોય તે ધંધો સગીર અથવા બીજી અક્ષમ વ્યકિતના કોઇ વાલી, ટ્રસ્ટી અથવા એજન્ટ દ્વારા એવા સગીર અથવા બીજી અક્ષમ વ્યકિત વતી અથવા તેના લાભાર્થે ચલાવાતો હોય ત્યારે, જાણે કે એવો સગીર અથવા બીજી અક્ષમ વ્યકિત, પુખ્ત ઉંમરની અને સક્ષમ હોય અને પોતાની જાતે ધંધો ચલાવતી હોય તેમ તેની ઉપર વેરો, વ્યાજ અથવા દંડ આકારવામાં આવે અને વસૂલ કરવાપાત્ર થાય તે જ રીતે અને તેટલા માણમાં વેરો, વ્યાજ અથવા દંડ એવા વાલી, ટ્રસ્ટી અથવા યથાસંગ, એજન્ટ પાસેથી લેવામાં અને વસૂલ કરવામાં આવશે અને આ અધિનિયમની તમામ જોગવાઇઓ શક્ય હોય તેટલે સુધી તદ્નુસાર લાગુ પડશે.

**૫૬.** જેના સંબંધમાં આ અધિનિયમ હેઠળ વેરો ભરવાપાત્ર હોય તે ધંધાની માલિકી ધરાવતા વેપારીની મિલકત અથવા મિલકતનો કોઇ ભાગ કોર્ટના કોઇ હુકમ હેઠળ નીમાયેલ વોર્ડની કોર્ટ, એડમિનિસ્ટ્રેટર જનરલ, સરકારી ટ્રસ્ટી અથવા (કોઇપણ હોદ્દો ધરાવતી, ખરેખર ધંધો ચલાવતી કોઇ વ્યકિત સહિત) કોઇ રિસીવર અથવા મેનેજરના નિયંત્રણ હેઠળ હોય, ત્યારે તે વેપારી પોતે ધંધો ચલાવતો હોત અને તેના પર વેરો આકારવાપાત્ર થાત અને વસૂલ કરવાપાત્ર થાત તે જ રીતે અને તેટલા માણમાં વેરો, વ્યાજ અથવા દંડ એવા વોર્ડની કોર્ટ, એડમિનિસ્ટ્રેટર જનરલ, સરકારી ટ્રસ્ટી, રિસીવર અથવા મેનેજર પાસેથી લેવામાં અને વસૂલ કરવામાં આવશે, અને આ અધિનિયમની તમામ જોગવાઇઓ શક્ય હોય તેટલે સુધી તદ્નુસાર લાગુ પડશે.

**૫૭.** (૧) આ અધિનિયમ હેઠળ વેરો ભરવા જવાબદાર હોય અથવા હતી તેવી વ્યકિત મૃત્યુ પામે, ત્યારે

(ક) વેપારી દ્વારા ચલાવાતો ધંધો તેના મૃત્યુ પછી તેના કાયદેસરના તિનિધિઓ અથવા કોઇ બીજી વ્યકિત દ્વારા ચલાવાતો હોય ત્યારે આવા કાયદેસરના તિનિધિઓ અથવા બીજી વ્યકિત, આ અધિનિયમ અથવા અગાઉના કોઇ કાયદા હેઠળ એવા વેપારી પાસેથી લેણા કોઇ વેરો, વ્યાજ અથવા દંડ ભરવા જવાબદાર થશે, અને

**જમા અને ઉધાર નોંધો.**

(ખ) વેપારી દ્વારા ચલાવાતો ધંધો તેના મૃત્યુ પહેલાં અથવા પછી બંધ કરવામાં આવ્યો હોય, તો તેના કાયદેસરના તિનિધિ, આ અધિનિયમ અથવા અગાઉના કોઇ કાયદા હેઠળ એવા વેપારી પાસેથી લેણા ચાર્જ, વેરા, દંડ અથવા વ્યાજની રકમને પહોંચી વળવા સમર્થ હોય તેટલા માણમાં મૃતકની મિલકતમાંથી ચૂકવણી કરવા જવાબદાર થશે.

પછી તેવા વેરા, વ્યાજ અથવા દંડ તેના મૃત્યુ પહેલાં આકારેલ અને વણચૂકવાયેલ હોય અથવા તેના મૃત્યુ પછી આકારેલ હોય.

(૨) આ અધિનિયમ હેઠળ વેરો ભરવા જવાબદાર વેપારી હિન્દુ અવિભકત કુટુંબ હોય અને સંયુકતહિંદુ અવિભક્ત કુટુંબની મિલકત જુદા જુદા સભ્યો અથવા સભ્યોના સમુહ વચ્ચે વિભાજિત થઇ હોય, ત્યારે દરેક સભ્ય અથવા સભ્યોનો સમૂહ, વિભાજનના સમય સુધી આ અધિનિયમ અથવા અગાઉના કોઇ કાયદા હેઠળ વેપારી પાસેથી લેણા વેરા, વ્યાજ અથવા દંડ ભરવા સંયુકત અને પૃથક રીતે જવાબદાર થશે, પછી તેવા વેરા, દંડ અથવા વ્યાજની આકારણી વિભાજન પહેલા થઇ હોય પણ વણચૂકવાયેલ રહી હોય અથવા વિભાજન પછી આકારેલ હોય.

(૩) આ અધિનિયમ હેઠળ વેરો ભરવા જવાબદાર વેપારી પેઢી હોય અને પેઢી વિસર્જિત થઇ હોય, તો ભાગીદાર હોય તે દરેક વ્યકિત, વિસર્જનના સમય સુધી આ અધિનિયમ અથવા અગાઉના કોઇ કાયદા હેઠળ પેઢી પાસેથી લેણા વેરા, વ્યાજ અથવા દંડ માટે કલમ ૫૪ હેઠળની તેની જવાબદારીના માણમાં ચૂકવણી કરવા સંયુકત અને પૃથક્ રીતે જવાબદાર થશે, પછી તેવા વેરા, વ્યાજ અથવા દંડ વિસર્જન પહેલાં આકારેલ હોય પરંતુ વણચૂકવાયેલ હોય અથવા વિસર્જન પછી આકારેલ હોય.

**હિસાબો.**

(૪) આ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર વેપારી

(ક) કોઇ પાલ્યનો વાલી હોય જે પાલ્યના વતી તે ધંધો ચલાવતો હોય, અથવા

(ખ) ટ્રસ્ટી હોય જે લાભાર્થી ટ્રસ્ટ હેઠળ ધંધો ચલાવતો હોય,

તો વાલીપણા અથવા ટ્રસ્ટની સમાપ્તિ થાય, ત્યારે પાલ્ય અથવા યથાસંગ, લાભાર્થી, વાલીપણા અથવા ટ્રસ્ટની સમાપ્તિના સમય સુધી વેપારી પાસેથી લેણા વેરા, વ્યાજ અથવા દંડ ભરવા જવાબદાર થશે, પછી તેવા વેરા, વ્યાજ અથવા દંડ વાલીપણા અથવા ટ્રસ્ટની સમાપ્તિ પહેલાં આકારેલ હોય અને વણચૂકવાયેલ હોય અથવા ત્યારપછી આકારેલ હોય.

(૫) પેટાકલમ (૧)ના ખંડ (ક) માં વર્ણવેલ રીતે કોઇ વ્યકિત વેરો ભરવા જવાબદાર થાય, ત્યારે તેવી વ્યકિત (કલમ ૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં) એવી વારસદારી અથવા તબદીલીની તારીખે અને તે પછી તેણે કરેલ માલના વેચાણો પર વેરો ભરવા જવાબદાર થશે અને વારસાના કિસ્સામાં (તે અગાઉની રજિસ્ટ્રેશન માણપત્ર ધરાવતી હોય તે સિવાય) તેનાથી છ મહિનાની અંદર અને તબદીલીના કિસ્સામાં તેનાથી ત્રીસ દિવસની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઇશે.

**અમુક કિસ્સાઓમાં હિસાબો ઓડિટ કરાવવા બાબત.**

**૫૮.** (૧) વેપારી પેઢી અથવા વ્યકિતઓનું મંડળ અથવા હિન્દુ અવિભકત કુટુંબ હોય અને આવી પેઢી, મંડળ અથવા કુટુંબે ધંધો બંધ કરેલ હોય, ત્યારે

(ક) એવી રીતે ધંધો બંધ થયાની તારીખ સુધી એવી પેઢી, મંડળ અથવા કુટુંબે આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર વેરો, જાણે કે ધંધો બંધ થયો ન હોય તેમ આકારી શકાશે; અને

**સન ૧૯૪૯નો ૩૮મો. સન ૧૯૫૬નો ૧લી સન ૧૯૫૯નો ૨૩મો.**

(ખ) એવી રીતે ધંધો બંધ થવાના સમયે એવી પેઢીની ભાગીદાર અથવા એવા મંડળ અથવા કુટુંબની સભ્ય હતી તે દરેક વ્યક્તિ, એવી પેઢી, મંડળ અથવા કુટુંબ દ્વારા ભરવાપાત્ર આકારેલ વેરો અને નાંખેલ દંડ અથવા વ્યાજ ભરવા માટે સંયુક્ત અને પૃથક્ રીતે જવાબદાર થશે, પછી તેવો વેરો, દંડ અથવા વ્યાજ એવી રીતે ધંધો બંધ થયા પહેલા અથવા પછી આકારવામાં આવ્યા હોય અને ઉપર્યુક્તને અધીન રહીને, આ અધિનિયમની જોગવાઈઓ શકય હોય તેટલે સુધી એવી રીતે લાગુ પડશે જાણે કે તેવી દરેક વ્યક્તિ અથવા ભાગીદાર અથવા સભ્ય પોતે જ વેપારી હોય.

(૨) કોઈ પેઢી અથવા વ્યક્તિઓના મંડળની રચનામાં કોઈ ફેરફાર થાય, ત્યારે તે

પહેલા જેમ વિદ્યમાન હોય અને તેની પુનઃરચના પછી જે માણે વિદ્યમાન હોય તે પેઢીના ભાગીદારો અથવા મંડળના સભ્યો, કલમ ૫૪ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય તેની પુનઃરચના પહેલાની કોઇપણ મુદત માટે એવી પેઢી અથવા મંડળ પાસેથી લેણા વેરા, વ્યાજ અને દંડ ભરવા સંયુક્ત અને પૃથક રીતે જવાબદાર થશે.

**રેકર્ડની જાળવણી.**

(૩) વેપારી તરીકે પેઢી અથવા વ્યક્તિઓનું મંડળ હોય અને તેનું વિસર્જન થયુ હોય અથવા વેપારી, હિન્દુ અવિભક્ત કુટુંબ હોય અને તેના દ્વારા ચલાવાતા ધંધાનું વિભાજન કર્યું હોય ત્યારે પેટાકલમ (૧)ની જોગવાઈઓ શકય હોય તેટલે સુધી લાગુ પડશે અને તદ્નુસાર, તે પેટાકલમમાંનો ધંધો બંધ કરવાના સંદર્ભનો અર્થ વિસર્જન અથવા યથાસંગ, વિભાજનના સંદર્ભ તરીકે થશે.

**વેપારીએ ધંધાના મેનેજરનું નામ જાહેર કરવા બાબત.**

**૫૯.** (૧) હિન્દુ અવિભક્ત કુટુંબનું વિભાજન થાય ત્યારે, આ અધિનિયમ હેઠળની નોટિસ, હિન્દુ અવિભક્ત કુટુંબની છેલ્લી 'કર્તા' રહી હોય તે વ્યક્તિ અથવા તેવી વ્યક્તિ ન મળે, તો વિભાજનની તરત પહેલાં હિન્દુ અવિભક્ત કુટુંબના સભ્યો હોય તેવી તમામ પુખ્ત વયની વ્યક્તિઓ ઉપર બજાવવી જોઈશે.

(૨) પેઢી અથવા વ્યક્તિઓના મંડળનું વિસર્જન થાય, ત્યારે આ અધિનિયમ હેઠળની નોટિસ, તેના વિસર્જનની તરત પહેલાં પેઢીની (સગીર ન હોય તેવી) ભાગીદાર અથવા યથાસંગ, મંડળની સભ્ય રહી હોય તેવી કોઈપણ વ્યક્તિ પર બજાવી શકાશે.

**વેપારીએ બેન્કના ખાતાની વિગતો જાહેર કરવા બાબત.**

(૩) પેઢી, વ્યક્તિઓના મંડળ અથવા કંપનીનો ધંધો બંધ કરવામાં આવે, ત્યારે આ અધિનિયમ હેઠળની નોટિસ, ધંધો બંધ થવાના સમયે પેઢી અથવા વ્યક્તિઓના મંડળના કિસ્સામાં એવી પેઢી અથવા મંડળની સભ્ય રહી હોય તેવી કોઇપણ વ્યક્તિ ઉપર અને કંપનીના ક્સ્સિામાં તેના મુખ્ય અધિકારી ઉપર બજાવવી જોઈશે.

**હિસાબો અને દસ્તાવેજો રજૂ કરવા અને તપાસવા અને જગાની ઝડતી બાબત.**

## કરણ ૭

## હિસાબો અને રેકર્ડ

**૬૦.** (૧) રજિસ્ટર થયેલ વેપારીએ, રજિસ્ટર થયેલ બીજા વેપારીને વેરાપાત્ર માલનું વેચાણ કરતી વખતે ખરીદનારની વિનંતિ પરથી, તેવા ખરીદનારને, વેચાણ સમયે, ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતું ટેક્ષ ઇન્વોઈસ (વેરા અંગેનું ભરતિયું) પૂરૂ પાડવું જોઇશે અને તેની નકલ પોતાની પાસે રાખવી જોઈશેઃ

પરંતુ વેપારી–

(ક) અનુસૂચિ૧માં નિર્દિષ્ટ કરેલ અથવા કલમ ૫ની પેટાકલમ (૨) હેઠળના જાહેરનામાંથી મુક્તિ આપેલ માલના સંબંધમાં;

(ખ) કલમ૧૪ હેઠળ વેરાને બદલે ઉચક વેરાની રકમ ભરવાનો વિકલ્પ આપેલ હોય તેને;

(ગ) આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય અથવા ભારત બહાર નિકાસ દરમ્યાન વેચાણ માટે; અથવા

(ઘ) રજિસ્ટર થયેલ વેપારી ન હોય તેવી વ્યક્તિને,

વેરા ભરતિયું કાઢી આપી શકશે નહિ :

(૨) પેટાકલમ (૧) હેઠળ કાઢી આપેલ વેરા ભરતીયું હોય તે સિવાય, કોઈ રજિસ્ટર થયેલ વેપારી, કોઇ વ્યક્તિને કોઈ એક જ લેવડ દેવડમાં એકસો રૂપિયા કરતાં વધુ મૂલ્યના

માલનું વેચાણ કરે, તો, તેણે ખરીદનારને ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતું છૂટક ઈન્વોઈસ કાઢી આપવું જોઈશે અને તેની એક નકલ પોતાની પાસે રાખવી જોઈશે.

**૬૧.** કલમો ૮ અને ૬૦ની જોગવાઈઓને અધીન રહીને, કલમ ૬૦ની પેટા કલમ (૧)ને ધ્યાનમાં રાખીને જોગવાઇ કર્યા માણે ટેક્ષ ઈન્વોઇસ પૂરુ પાડેલ હોય ત્યારે, અને–

(ક) વેરા ભરતિયામાં ચાર્જ કરેલ વેરા તરીકે દર્શાવેલ રકમ સંબંધિત વેચાણના સંબંધમાં ચાર્જ કરેલ ખરેખરા વેરા કરતાં વધી જાય, તો વેચનારે, ખરીદનારને વ્યવહારમાં સંકળાયેલ માલોના વેચાણોથી ત્રણ મહિનાની અંદર, ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતી જમા નોંધ (ક્રેડીટનોટ) પૂરી પાડવી જોઇશે.

(ખ) સંબંધિત વેચાણના સંબંધમાં ચાર્જ કરેલ ખરેખરા વેરા, ટેક્ષ ઈન્વોઇસમાં ચાર્જ કરેલ તરીકે દર્શાવેલ વેરા કરતાં વધી જાય, તો વેચનારે, ખરીદનારને ઠરાવવામાં આવે તેવી વિગતો ધરાવતી ઉધાર નોંધ (ડેબિટ નોટ) પૂરી પાડવી જોઈશે.

પરંતુ–

(૧) વધારાની રકમ માટે એક કરતાં વધુ જમા નોંધ અથવા યથાસંગ, ઉધાર નોંધ કાઢી આપવી જોઈશે નહિ.

(૨) વેચનારે આપેલ વળતરનો ખરીદનારે લાભ લીધો હોય ત્યારે, તેમાંથી ઉદ્‌ભવેલ કોઈ વધારાની રકમ માટે કોઈપણ કોઈ જમા નોંધ કાઢી આપવી જોઇશે નહિ.

**૬૨.** (૧) આ અધિનિયમ હેઠળ વેરો ભરવા જવાબદાર દરેક વેપારીએ અને કલમ ૨૯ની પેટાકલમ (૨) હેઠળ પત્રકો સાદર કરવા જેને નોટિસ બજાવાઈ હોય તેવા બીજા દરેક વેપારીએ તેના ધંધાના સ્થળે તેણે ખરીદેલ, વેચેલ, પૂરા પાડેલ અને ડિલીવરી કરેલ (સોંપેલ) માલના મૂલ્યનો ખરો હિસાબ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રાખવો જોઈશે.

(૨) કમિશનરને એમ જણાય કે એવો હિસાબ પર્યાપ્ત રીતે સ્પષ્ટ અને બુદ્ધિગમ્ય નથી જેથી કરીને તે કલમ ૨૯માં ઉલ્લેખેલ પત્રકોની યોગ્ય ચકાસણી કરી શકે, તો તે, તેવા વેપારીને લેખિતમાં નોટિસ આપીને તેમાં નિર્દિષ્ટ કર્યા માણેનો તેવા નમૂનામાં અને તેવી રીતે (ખરીદીઓ અને વેચાણોના રેકર્ડ સહિતનો) તેવો હિસાબ રાખવા ફરમાવી શકશે.

(૩) સરકાર, રજિસ્ટર થયેલ વેપારીઓના કોઇપણ વર્ગને સામાન્ય રીતે (ખરીદીઓ અને વેચાણોના રેકર્ડ સહિતના) હિસાબો ઠરાવવામાં આવે તેવી રીતે રાખવા આદેશ કરી શકશે.

**૬૩.** (૧) કોઈ ચોક્કસ વર્ષના સંબંધમાં, કોઈ વેપારીનું કુલ ટર્નઓવર એક કરોડ રૂપિયા કરતાં વધી જાય, તો તેવા વેપારીએ તે વર્ષ પૂરૂ થયાથી એક વર્ષની અંદર તેના હિસાબો નિર્દિષ્ટ સત્તાધિકારી પાસે ખરાઈ કરાવવા અને ઓડિટ કરાવવા જોઈશે અને તે મુદતની અંદર ઠરાવવામાં આવે તેવી વિગતો સાથેનો યોગ્ય રીતે સહી કરેલ અને ખરાઈ કરાવેલ તેવા ઓડિટનો રિપોર્ટ ઠરાવેલ નમૂનામાં મેળવવો જોઇશે. આવા રિપોર્ટની ખરી નકલ તેવા વેપારીએ ઠરાવવામાં આવે તેવી મુદતની અંદર કમિશનરને રજૂ કરવી જોઇશે.

**સ્પષ્ટીકરણ.**–આ કલમના હેતુઓ માટે

''નિર્દિષ્ટ સત્તાધિકારી'' એટલે

(૧) ''ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ'' એટલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૪૯ના અર્થ

મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને તેમાં કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૨૬ની પેટા કલમ (૨)ની જોગવાઈઓની રૂએ, કંપનીના ઓડિટર તરીકે કામ કરવા માટે નીમાવા હકદાર હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

(૨) કોસ્ટ અને વર્કસ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૫૯ના અર્થ મુજબ કોસ્ટ એકાઉન્ટન્ટ;

(૩) કલમ ૮૧ની જોગવાઈઓ અનુસાર કમિશનર દ્વારા જાળવવામાં આવતી યાદીમાં જેનું નામ સમાવિષ્ટ હોય તેવો કાયદા વ્યવસાયી અથવા વેચાણવેરા વ્યવસાયી;

(૨) પેટાકલમ (૧) હેઠળ તેના હિસાબો ઓડિટ કરાવવા જવાબદાર કોઈ વેપારી ઠરાવેલ સમયની અંદર એવા રિપોર્ટની ખરી નકલ રજૂ કરવામાં ચૂક કરે, તો કમિશનર, વેપારીને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, કોઇ ભરવાપાત્ર વેરા ઉપરાંત, પોતે નક્કી કરે તેવી દસ હજાર રૂપિયા કરતાં વધુ નહિ તેટલી રકમ દંડ તરીકે તેની ઉપર નાખી શકશે.

સન ૧૯૭૪નો ૨જો.

**૬૪.** વેપારીએ પોતાના હિસાબના ચોપડા અને આ અધિનિયમના હેતુઓ માટે સંબંધિત રેકર્ડ, હિસાબના ચોપડા અને રેકર્ડ જેને લગતું હોય તે હિસાબી વર્ષના અંતથી આઠ વર્ષની મુદત સુધી જાળવવા જોઇશે.

## પ્રકરણ ૮

## હિસાબો રજૂ કરવા અને માહિતી પૂરી પાડવાની જવાબદારી

**૬૫.** દરેક રજિસ્ટર થયેલ વેપારીએ, આ અધિનિયમના હેતુઓ માટે એવા વેપારીના ધંધાના મેનેજર અથવા મેનેજરો ગણી શકાય તે વ્યકિત અથવા વ્યકિતઓના નામ જણાવતા એકરાર ઠરાવેલી રીતે ઠરાવેલ મુદતમાં ફાઇલ કરવો જોઇશે અને મેનેજર બદલાવાના કિસ્સામાં, વેપારીએ એવી રીતે બદલાવાની તારીખથી ત્રીસ દિવસની અંદર એકરાર સુધારવો જોઇશે.

**૬૬.** વેરો ભરવા જવાબદાર દરેક વેપારીએ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી મુદતમાં અને તેવા સત્તાધિકારીને, તેના ધંધાના સંબંધમાં તેણે સંચાલન કરેલ બેન્કના ખાતાઓની તેમાં વિગતો દર્શાવતો એકરાર મોકલવો જોઇશે અને એકરારની વિગતોમાંના ફેરફારની જાણ સત્તાધિકારીને ઠરાવેલ મુદતની અંદર કરવી જોઇશે.

**૬૭.** (૧) કમિશનર, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને કોઇ વેપારી અથવા કોઇ બીજી વ્યકિતને

(ક) પોતાની સમક્ષ તેવા હિસાબના ચોપડા, રજિસ્ટર અથવા દસ્તાવેજ રજૂ કરવા;

(ખ) માલના સ્ટોક, ખરીદીઓ, વેચાણો, વેપારીએ કરેલ માલની ડિલીવરીને લગતી તેવી માહિતી અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી ગણાય તેવી તેના ધંધાને લગતી બીજી કોઇ માહિતી પૂરી પાડવા,

ફરમાવી શકશે.

(૨) કોઇ વેપારીએ કરેલા માલના સ્ટોક, ખરીદીઓ, વેચાણો અને ડિલીવરીને લગતા તમામ હિસાબના ચોપડા, રજિસ્ટર અને દસ્તાવેજો અને કોઇ વેપારીના કોઇ ધંધાના સ્થળે અથવા વખારમાં અથવા વેપારી માટે અથવા તેના વતી કોઇ બીજા સ્થળે રાખેલ તમામ માલ, કમિશનરની તપાસણી માટે તમામ વાજબી સમયે ખુલ્લો રાખવો

જોઈશે. કમિશનર આ અધિનિયમના હેતુઓ સારૂ તેને જરૂરી જણાય તેવી નકલો અથવા ઉતારા તેમાંથી કરી અથવા કરાવી શકશે અથવા તેની યાદી બનાવી કે બનાવડાવી શકશે.

(૩) કમિશનરને એમ માનવાને વાજબી કારણ હોય કે

(ક) આ અધિનિયમ હેઠળ કોઇ હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજ રજૂ કરવા અથવા કરાવવા નોટિસ આપવામાં આવી હતી તે વ્યકિતએ તેવી નોટિસથી ફરમાવ્યા માણે તેવા હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજ રજૂ કરવા અથવા કરાવવામાં ચૂક કરી છે; અથવા

(ખ) ઉપર્યુકત માણે નોટિસ આપેલ હોય અથવા આપવાની હોય તે કોઈ વ્યકિત, અગાઉના કાયદા હેઠળ અથવા આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી માટે ઉપયોગી હોય અથવા તેને સંબંધિત હોય તેવા હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજ રજૂ કરશે નહીં અથવા કરાવશે નહિ; અથવા

(ગ) અગાઉના કાયદા અથવા આ અધિનિયમ હેઠળ લેણો વેરો ચૂકવવાનું ટાળવા અથવા ટાળવાનો યત્ન કરવાને ધ્યાનમાં રાખીને કોઇ વેપારીના હિસાબના ચોપડા, રજિસ્ટર અથવા દસ્તાવેજ નાશ કર્યા છે, વિકૃત કર્યા છે, તેમાં ફેરફાર કર્યો છે અથવા તે ખોટા છે અથવા તેવા વેપારી દ્વારા કોઇ વેચાણ અથવા ખરીદીઓ છૂપાવાઇ છે અથવા છૂપાવાય તેમ છે અથવા આ અધિનિયમ હેઠળ જાળવવા ફરમાવેલ હિસાબના ચોપડા, રજિસ્ટર અથવા બીજા દસ્તાવેજમાં કોઇ માલ ગણતરીમાં લીધો નથી અથવા લેવાશે નહિ, તો

કમિશનર અથવા કમિશનર દ્વારા એ રીતે અધિકૃત થયેલ કલમ ૧૬ની પેટાકલમ (૨) હેઠળ નીમાયેલ કોઇ બીજી વ્યકિત,

(૧) તેને એમ શંકા રાખવાને કારણ હોય કે હિસાબના ચોપડા, બીજા દસ્તાવેજ અથવા માલ અથવા વેચાણ નીપજ રાખવામાં આવ્યા છે તેવા કોઇ મકાન અથવા સ્થળમાં વેશી શકશે અને ઝડતી લઇ શકશે;

(૨) પેટાખંડ (૧)થી મળેલી સત્તા વાપરતી વખતે જેની ચાવીઓ ઉપલબ્ધ ન હોય તેવા કોઇ બારણા, ખોખા, લોકર, તિજોરી અથવા બીજા પાત્રનું તાળુ તોડીને ખોલી શકશે;

(૩) આ અધિનિયમના હેતુઓ માટે તેને જરૂરી જણાય તેવા કોઇ હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજ અથવા માલની કોઇ યાદી અથવા કોઇ માલ કબજે લઇ શકશે;

(૪) હિસાબના કોઇ ચોપડા અથવા બીજા દસ્તાવેજ ઉપર ઓળખની નિશાની કરી શકશે અથવા તેમાંથી ઉતારા કરી અથવા કરાવી શકશે.

(૫) એવી ઝડતીના પરિણામે મળેલ હોય તેવા નાણા અથવા માલની નોંધ અથવા યાદી કરી શકશે અથવા એવા માલ ઉપર ઓળખની નિશાની કરી શકશે;

(૬) કોઇ ઓફીસ, દુકાન, ગોડાઉન, ખોખા, લોકર, તિજોરી, અલમારી અથવા બીજા પાત્રનો માલિક અથવા તેનો કબજો અથવા હવાલો ધરાવતી વ્યકિત જગ્યા છોડી જાય અથવા હાજર ન હોય અથવા ખોલવાનું કહેવામાં આવે ત્યારે તેમ કરવામાં કસૂર કરે અથવા ઇન્કાર કરે અથવા આ કલમ હેઠળની તેની ફરજો બજાવવામાં કમિશનર અથવા અધિકૃત અધિકારીને અવરોધ કરાવે અથવા કરાવવાનો યત્ન કરે, તો ઓફીસ, દુકાન, ગોડાઉન, ખોખા, લોકર, તિજોરી, અલમારી અથવા બીજા પાત્ર સહિત જગાને સીલ કરી શકશે.

(૪) કમિશનર, પેટાકલમ (૩)માં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા તે પૈકીના કોઇ

હેતુઓ માટે તેને મદદ કરવા કોઇ પોલીસ અધિકારી અથવા કોઇ રાજ્ય સેવકની અથવા તે બંનેની સેવાઓની માંગણી કરી શકશે.

**માર્ગસ્થ માલની તપાસણી વગેરે.**

(૫) કમિશનર હિસાબના કોઇ ચોપડા અથવા બીજા દસ્તાવેજ અથવા કોઇ માલ કબજે લે, ત્યારે તેણે વેપારી અથવા તેના વતી હાજર વ્યકિતને તેની પહોંચ આપવી જોઇશે અને તેને એવી રીતે અપાયેલ પહોંચની રસીદ મેળવવી જોઇશે :

પરંતુ જેની કસ્ટડીમાંથી હિસાબના કોઇ ચોપડા અથવા બીજા દસ્તાવેજ અથવા કોઇ માલ કબજે લેવાયો હોય તે વેપારી અથવા વ્યકિત રસીદ આપવાની ના પાડે, તો કમિશનર પહોંચ તે જગામાં રાખી દઇ શકશે અને હકીકતની નોંધ કરશે.

(૬) પેટાકલમ (૩) હેઠળ હિસાબો અથવા બીજા દસ્તાવેજ અથવા માલ કબજે લેવાનું શક્ય ન હોય, તો કમિશનર અથવા અધિકૃત અધિકારી, માલિક અથવા તેનો ત્યક્ષ કબજો અથવા નિયંત્રણ ધરાવતી વ્યકિતને એવો હુકમ કરી શકશે કે કમિશનર અથવા એવા અધિકૃત અધિકારીની પૂર્વ પરવાનગી સિવાય તેણે તે દૂર કરવા નહિ અથવા ઉપયોગ કરવા નહિ અથવા અન્યથા તેની તજવીજ કરવી નહિ.

(૭) પેટાકલમ (૩) હેઠળ કબજે કરાયેલ હિસાબના ચોપડા, રજિસ્ટર અથવા દસ્તાવેજ, કમિશનરે, પોતે જરૂરી ગણે તેટલી, તે હિસાબના ચોપડા, રજિસ્ટર અથવા દસ્તાવેજ જે વર્ષ સાથે સંબંધિત હોય તેના સંબંધમાં આ અધિનિયમ હેઠળની તમામ કાર્યવાહી પૂરી થાય તેનાથી મોડી નહિ તેવી મુદત માટે પોતાના કબજામાં રાખવા જોઇશે અને ત્યારપછી, જેના કબજામાંથી તે કબજે લેવાયેલ હોય તે વેપારી અથવા કોઇ બીજી વ્યકિતને તે પરત કરવા જોઇશે :

પરંતુ ઉપર્યુકત માણેના એવા હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજ પરત કરતાં પહેલાં કમિશનરે, પોતાને જરૂરી જણાય તેવા ઓળખ ચિહનો તેની પર કરવા અથવા કરાવવા જોઇશે :

વધુમાં, કમિશનર, હિસાબના ચોપડા અને બીજા દસ્તાવેજ પરત કરતાં પહેલાં એમ ફરમાવી શકશે કે વેપારી અથવા યથાસંગ, વ્યકિતએ એવી લેખિત બાંયધરી આપવી કે હિસાબના ચોપડા અને બીજા દસ્તાવેજ આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી માટે કોઇપણ સક્ષમ સત્તાધિકારી જ્યારે પણ મંગાવે ત્યારે રજૂ કરવામાં આવશે.

(૮) આ કલમમાં અન્યથા જોગવાઇ કરેલ હોય તે સિવાય, આ કલમ હેઠળ કરેલ દરેક ઝડતી અને કબજે લેવાની કામગીરી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળની ઝડતી અને કબજે લેવાને લગતી જોગવાઇઓ અનુસાર કરવી જોઇશે.

(૯) આ અધિનિયમના હેતુઓ માટે, કમિશનર

(ક) કોઇ બેંકિંગ કંપની, પોસ્ટ ઓફિસ અથવા તેના કોઇ અધિકારી સહિત કોઇ વ્યકિતને આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહી માટે, તેના અભિાય મુજબ ઉપયોગી અથવા સંબંધિત હોય તેવી બાબતોના સંબંઘમાં માહિતી રજૂ કરવા અથવા તેવા મુદ્દા અથવા બાબતોના સંબંધમાં માહિતી આપતી વખતે, તેણે નિર્દિષ્ટ કરેલી રીતે ચકાસેલ હિસાબ અથવા કામગીરીના નિવેદન રજૂ કરવા ફરમાવી શકશે;

(ખ) (૧) ડિલીવરી કરવા માટે અથવા કોઇ વેપારી વતી માલની હેરફેર કરતી અથવા તેનો કબજો ધરાવતી કોઇ વ્યકિતને માલના સંબંધમાં તેની પાસે હોવાનો સંભવ હોય તેવી કોઇ માહિતી આપવા અથવા યથાસંગ, એવા માલની તપાસ કરવા દેવા ફરમાવી શકશે ;

(૨) વેપારીના ધંધાને લગતા હિસાબના કોઇ ચોપડા, રજિસ્ટર અથવા દસ્તાવેજ જે રાખતું હોય અથવા જેના કબજામાં હોય તેવી કોઇ વ્યકિતને તેના હિસાબના

ચોપડા, રજિસ્ટર અથવા દસ્તાવેજ તપાસ માટે રજૂ કરવા ફરમાવી શકશે.

(૧૦) કોઇ વેપારીને ડિલીવરી (સોંપણી) કરવા માટે અથવા તેના વતી કોઇ માલની હેરફેર કરતી અથવા તેનો કબજો ધરાવતી કોઇ વ્યકિત, પેટાકલમ (૯)ના ખંડ (ખ)ના પેટાખંડ (૧) હેઠળ કમિશનર તેમ કરવા ફરમાવે, ત્યારે તેવા માલના સંબંધમાં તેની પાસે હોવા સંભવ હોય તેવી માહિતી આપવામાં કસૂર કરે અથવા તેવો માલ તપાસવા દેવામાં કસૂર કરે, તો કમિશનર જેના સંબંધમાં કસૂર કરવામાં આવી હોય તેવા તેની કસ્ટડી અથવા કબજામાંના માલને અટકાવવા અથવા કબજે લેવા માટે હુકમ કરી શકશે.

(૧૧) પેટાકલમ (૯)ના ખંડ (ખ)ના પેટાખંડ (૧) હેઠળ, સંબંધિત વ્યકિતને લાગુ પડે છે તેટલે સુધી, ફરમાવેલ માહિતી પૂરી પાડી નથી અથવા સદરહુ પેટાકલમ હેઠળ માલની તપાસ માટેની યોગ્ય ગોઠવણ કરેલ ન હોય તો, પેટાકલમ (૧૦) હેઠળ કરેલ અટકાયત અથવા જપ્તીનો હુકમ ચાલુ રહેશે.

(૧૨) કોઇ વેપારીને કોઇપણ માલની ડિલીવરી માટે હેરફેર કરતી હોય અથવા તેના વતી કોઇ માલ હેરફેર કરતી હોય અથવા કબજામાં રાખતી હોય તેવી વ્યકિત પેટા કલમ (૯)ના ખંડ (ખ)ના પેટાખંડ (૧) હેઠળ કમિશનરે ફરમાવ્યા માણે એવા માલના સંબંધમાં તેના કબજામાં હોવાની સંભાવના હોય તેવી કોઇ માહિતી આપવામાં ચૂક કરે અથવા એવી વ્યકિત સામે લેવામાં આવે એવા કોઇ પગલાંને બાધ આવ્યા સિવાય, તેની તપાસની પરવાનગી આપવાની ચૂક કરે તો જે માલના સંબંધમાં તે માહિતી પૂરી પાડવા અથવા તપાસની પરવાનગી આપવા ચૂક કરી રહ્યો છે તે માલ વેચવાનો તે ઇરાદો ધરાવતો હતો તેવી ધારણા કરી શકશે અને તે વેપારી આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને પાત્ર થશે અને તદ્નુસાર, આ અધિનિયમની જોગવાઇઓ લાગુ પડશે. **સન ૧૯૮૮નો ૪થો.**

(૧૩) પેટાકલમ (૯)ના ખંડ (ક)ના અથવા ખંડ (ખ)ના પેટાખંડ (૨) હેઠળ કોઇ વ્યકિત કસૂર કરે તો, કમિશનર, આ અધિનિયમની બીજી કોઇ જોગવાઇ હેઠળ એવી વ્યકિત સામે લેવાના બીજા કોઇ પગલાંને બાધ આવ્યા સિવાય, એવી વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તે એવી વ્યકિતને રૂપિયા પચાસ હજારથી વધુ નહિ એટલી દંડની રકમ ચૂકવવા આદેશ કરી શકશે.

(૧૪) કમિશનરને ખાતરી થઇ હોય કે તેણે ફરમાવેલ હોય તેવી કોઇ વ્યકિતએ કોઇ વેપારીને અથવા કોઇ વેપારી વતી ડિલીવરી માટેનો માલ તેના કબજામાં હોય તે સંબંધમાં માહિતી પૂરી પાડવા અથવા પેટાકલમ (૯)ના ખંડ (ખ)ના પેટાખંડ (૧) હેઠળની તેની તપાસની પરવાનગી આપવા ચૂક કરી હોય તો, કમિશનર, લેખિતમાં, હુકમથી, અને એવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, જે માલના સંબંધમાં, કસૂર કરવામાં આવી હોય તે માલ ઉપર, આ અધિનિયમ હેઠળ લેવાપાત્ર વેરાથી વધુ નહિ હોય તેટલી રકમ, દંડના સ્વરૂપે નાખી શકશે.

**રાજ્યમાંથી માર્ગ દ્વારા માલવાહન માટેના પરિવહન પાસ બાબત.**

(૧૫) આ કલમની જોગવાઇઓ હેઠળ માલની અટકાયત અથવા જપ્તીનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે, કમિશનર અથવા આ અર્થે અધિકૃત કરેલ અધિકારી આદેશ કરે એવી આ અધિનિયમ હેઠળ એવા માલ ઉપર લેવાપાત્ર વેરાની રકમ અઢી ગણાથી વધુ ન હોય તેટલી રકમ દંડ સ્વરૂપે ચૂકવવાનો વિકલ્પ વાપરતી એવી વ્યકિતનો માલ મુકત કરી શકશે.

(૧૬) પેટાકલમ (૩) હેઠળ, ઓફીસ (કચેરી), દુકાન, ગોડાઉન, પેટી, લોકર, તિજોરી અથવા અન્ય પાત્ર સહિતની કોઇ જગ્યાને સીલ કરવામાં આવી હોય ત્યારે, કમિશનર, એવી દુકાન, ગોડાઉન, પેટી, લોકર, તિજોરી, અથવા અન્ય પાત્રની માલિક અથવા તેનો કબજો અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિતએ કરેલ અરજી ઉપરથી, એવી રકમ માટે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને રીતે જામીનગીરી પૂરી પાડવા સહિતની,

એવી બોલીઓ અને શરતોએ સીલ દૂર કરવાનો હુકમ કરી શકશે.

(૧૭) આ કલમ હેઠળ, માલની અટકાયત અથવા જપ્તી કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે, એવા હુકમની તારીખથી ત્રણ મહીનાની મુદતની અંદર, એવા માલના સંબંધમાં કોઇ વ્યકિતએ દાવો કર્યો ન હોય ત્યારે, કમિશનર, લેખિતમાં, હુકમથી, એવા માલની હરાજી કરવાનો આદેશ કરી શકશે :

પરંતુ બગડી જાય તેવા કારનો કુદરતી અથવા ઝડપથી બગડે તેવા માલના સંબંધમાં, અટકાયત અથવા જપ્તીનો હુકમ કરવામાં આવ્યો હોય તો, અથવા તેને રાખવાનું ખર્ચ, તેની કિંમત કરતાં વધી જવાનો સંભવ હોય ત્યારે, એવા માલની અટકાયત અથવા જપ્તીના હુકમ પછી, વ્યવહાર્ય હોય તેટલું જલદી, તે માલની હરાજી કરવાના હુકમ કરી શકશે અને માલની હરાજીથી એવી રીતે વસૂલ કરેલી રકમ સરકારી તિજોરીમાં મોકલી આપવી જોઇશે.

(૧૮) પેટાકલમ (૧૪) હેઠળ દંડ નાખતો હુકમ કરેલ હોય અથવા પેટાકલમ (૧૫) હેઠળ દંડ ચૂકવવાનો વિકલ્પ વાપર્યો હોય ત્યારે અને જવાબદાર વ્યકિત ઠરાવેલ મુદતની અંદર દંડ ચૂકવવા ચૂક કરે ત્યારે, અટકાયત કરેલ અથવા જપ્ત કરેલ માલ જાહેર હરાજીથી વેચી શકાશે અને વેચાણની આવક સરકારી તિજોરીમાં જમા થશે.

(૧૯) પેટાકલમ (૧૭) અથવા પેટાકલમ (૧૮) હેઠળ કરવાની માલની હરાજી ઠરાવવામાં આવે એવી રીતે કરવી જોઇશે.

(૨૦) આ કલમની જોગવાઇઓ હેઠળ હરાજી કરેલ માલની આવકને પાત્ર કોઇપણ વ્યકિત કમિશનરને અરજી કર્યે અને પૂરતી સાબિતી પરથી, આ અધિનિયમ હેઠળ વેચાણના ખર્ચા, અને બીજા ાસંગિક ચાર્જો અને વેરાની રકમ, વ્યાજ અને લેવીપાત્ર દંડની રકમની કપાત કર્યા પછી, હરાજી કરેલ માલના વેચાણની આવક ચૂકવવી જોઇશે.

**કોલ્ડ સ્ટોરેજ, વખાર, ગોદામ વિ. ના માલિકોએ માહિતી પૂરી પાડવા બાબત.**

**આંકડા એકઠા કરવાની સત્તા.**

**૬૮.** (૧) રાજ્ય સરકારને એમ લાગે કે રાજ્યમાંના કોઇ સ્થળે કે સ્થળોમાં વેરો ભરવાનું ટાળવાનું અટકાવવા માટે તેમ કરવું જરૂરી છે, તો તે, રાજપત્રમાં જાહેરનામા દ્વારા ફરમાવી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે સ્થળોએ, તેટલી સંખ્યામાં તપાસનાકા રાખવાં જોઇશે અથવા તેટલી સંખ્યામાં આડશો ઉભી કરવી જોઇશે.

(૨) પેટાકલમ (૧) હેઠળ રાખવામાં આવેલ અથવા, ઉભા કરવામાં આવેલ દરેક તપાસનાકાએ અથવા આડશો કોઇ વાહન, નૌકા કે પશુના હાંકનારે કે હવાલો ધરાવતી કોઇ વ્યકિતએ તે ઉભું રાખવું જોઇશે અને વાજબી રીતે આવશ્યક હોય ત્યાં સુધી, તે થોભાવવું જોઇશે અને તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારીને વાહન કે નૌકામાંનો કે પશુ ઉપરનો માલ તપાસવા દેવો જોઇશે અને એવા હાંકનાર કે હવાલો ધરાવતી અન્ય વ્યકિતના કબજામાં હોય તેવા વાહન કે નૌકામાં કે પશુ ઉપર લઇ જવાતા માલને લગતાં તમામ રેકર્ડ તપાસવાં દેવાં જોઇએ અને એવા હાંકનાર કે હવાલો ધરાવતી અન્ય વ્યકિતએ, તેને તેમ કહેવામાં આવે, તો પોતાનું નામ અને સરનામું અને વાહન, નૌકા કે પશુના માલિકના તેમજ આવો માલ મોકલનારાઓની અને માલ સ્વીકારનારાઓનાં નામો અને સરનામાં આપવા જોઇશે અને માલ મોકલનાર કે માલ સ્વીકારનાર આ અધિનિયમ અથવા કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ અથવા બીજા કોઇપણ રાજ્યમાંના સંબંધિત અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલ વેપારી હોય, ત્યારે વાહન, નૌકા કે પશુના હાંકનાર કે તેનો હવાલો ધરાવતી વ્યકિતઓ, આવા વેપારીનું રજિસ્ટ્રેશન માણપત્ર હોય, તો તેનો નંબર અને તે કાઢી આપ્યાનું સ્થળ જણાવવાં જોઇશે.

**અમુક સંજોગોમાં રેકર્ડ ફરી બનાવવા ખાસ સત્તા.**

(૩) માલ લઇ જતાં વાહન, નૌકા કે પશુના હાંકનાર કે તેનો હવાલો ધરાવતી અન્ય વ્યકિતએ,

(ક) પોતાની સાથે લોગબુક, વેચાણનું બિલ અથવા ડિલીવરી નોટ અને વાહન

અથવા નૌકામાં અથવા પશુ ઉપર લઇ જવાતાં માલને લગતા ઠરાવવામાં આવે તેવી વિગતોવાળા અન્ય દસ્તાવેજો રાખવા જોઇશે અને તદુપરાંત, ટ્રાન્સપોર્ટ વાહનના હાંકનારે અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિતએ, માલવાહનનોંધ અને ફેરાપત્રક (ટ્રિપશીટ) રાખવાં જોઇશે;

(ખ) તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારી તે રજૂ કરવાની માંગણી કરે, ત્યારે રજૂ કરવું જોઇશે;

(ગ) તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારીને, વાહન કે નૌકામાં અથવા પશુ ઉપર લઇ જવાતા માલની વિગતોને લગતો એકરાર ઠરાવવામાં આવે તેવા નમૂનામાં આપવો જોઇશે અને એકરારનામાની એક નકલ પોતાની પાસે રાખવી જોઇશે.

(૪) તપાસનાકા અથવા આડશના હવાલો ધરાવતા અધિકારીનો એવો અભિાય હોય કે,

(૧) હેરફેર હેઠળના માલને માલવાહન નોંધ, ફેરાપત્રક (ટ્રિપશીટ) અથવા લોગબુક હેઠળ આવરી લેવામાં આવ્યો નથી; અથવા

(૨) હેરફેર હેઠળનો માલ, પેટાકલમ (૩)ના ખંડ (ક) હેઠળ ઠરાવેલા દસ્તાવેજો અનુસારનો નથી; અથવા

(૩) પેટાકલમ (૩) ના ખંડ (ગ) હેઠળ કરેલું માલની વિગતોને લગતું કબૂલાતનામું ખોટું છે,

તો કારણોની નોંધ કર્યા પછી, તે આવો માલ જપ્ત કરી શકશે અને જેના કબજામાંથી અથવા નિયંત્રણમાંથી માલ જપ્ત કર્યો હોય તે વ્યકિતને તેની પહોંચ આપી શકશે.

(૫) (ક) તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારી, માલના માલિકને, ડ્રાઇવરને અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, અને પોતાને યોગ્ય લાગે તેવી વધુ તપાસ કર્યા પછી, આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર વેરા ઉપરાંત એ રીતે જપ્ત કરેલા માલના કબજા માટે વેરાના દોઢ ગણા કરતાં વધુ ન હોય તેટલો દંડ તેના ઉપર નાખી શકશે.

**અપીલ.**

(ખ) તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારી, એ રીતે પેટાકલમ (૪) હેઠળ જપ્ત કરેલ માલ, વાહન અથવા દસ્તાવેજો પૈકી કોઇપણ માલ, વાહન અથવા દસ્તાવેજ, વેરો અને ચૂકવ્યેથી અથવા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી જમીનગીરી પૂરી પાડ્યેથી છૂટો કરી શકશે.

(૬) તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારી, તેને લગતા દસ્તાવેજો અને રેકર્ડ સહિત હેરફેર હેઠળ માલની તપાસ અને ખરાઇ દરમિયાન, વહન કરનારને એવો આદેશ કરી શકશે, કે માલ, રેકર્ડ અને દસ્તાવેજોની ખરાઇ કરવામાં ન આવે અથવા કોઇ તપાસ હોય તો તે પૂરી ન થાય ત્યાં સુધી, પુનઃ વહન અથવા પુનઃ બૂકિંગ સહિત માલ છૂટો કરી શકશે નહિ.

સ્પષ્ટીકરણ : આ કલમમાં

(ક) 'માલ વાહનનોંધ' એટલે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ટ્રાન્સપોર્ટ વાહનના વેપારીએ પોતાની પાસે રાખવા જરૂરી હોય તેવા દસ્તાવેજો;

(ખ) 'લોગ બુક' એટલે હેરફેર હેઠળના માલની વિગતોવાળું રજિસ્ટર, પત્રક અથવા અન્ય રેકર્ડ;

(ગ) 'ફેરા પત્રક (ટ્રિપશીટ)' એટલે ખંડ (ક)માં ઉલ્લેખેલ અધિનિયમ હેઠળ હાંકનારે પોતાની પાસે રાખવું જરૂરી હોય તેવું, ટ્રાન્સપોર્ટ વાહનના ફેરા માણેના ઉપયોગને લગતી વિગતોવાળું પત્રક અથવા બીજો દસ્તાવેજ;

(ઘ) 'હેરફેર હેઠળનો માલ' એટલે વહન કરનારને સુપરત કર્યો હોય અને તેનો પૂરેપૂરો હવાલો એવા વહન કરનાર પાસેથી લીધો ન હોય તેવો માલ;

(ચ) 'વહન કરનાર' એટલે એક સ્થળેથી બીજા સ્થળે માલ લઇ જવાનું અથવા હેરફેર કરવાનું કામ હાથ ધરનાર કોઇપણ વ્યકિત અથવા એજન્સી.

**૬૯.** (૧) રાજ્ય બહારના કોઇપણ સ્થળેથી માલ લઇને આવતા વાહન, નૌકા અથવા પશુ, રાજ્ય બહારના કોઇપણ સ્થળે જવા માટે બંધાયેલ હોય ત્યારે, ડ્રાઇવર અથવા એવા વાહનો, નૌકા, કે પશુનો હવાલો ધરાવતી બીજી કોઇપણ વ્યકિતએ, રાજ્યમાં તેના દાખલ થયા પછીના થમ તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારી પાસેથી આવા વાહન, નૌકા અથવા પશુ માટેનો પરિવહન પાસ ઠરાવેલી રીતે મેળવવો જોઇશે અને રાજ્યમાંથી પોતે બહાર નીકળી જાય તે પહેલાં, છેલ્લા તપાસનાકા અથવા આડશનો હવાલો ધરાવતા અધિકારીને તે આપી દેવો જોઇશે.

**જેના ઉપર અપીલ થઈ શકે નહિ તેવા હુકમો.**

(૨) ડ્રાઇવર અથવા આવા વાહન, નૌકા અથવા પશુનો હવાલો ધરાવતી વ્યકિત, આવો પરિવહન પાસ આપે નહિ અથવા વાહન, નૌકા અથવા પશુ દ્વારા લઇ જવાતો માલ પરિવહન પાસ અનુસારનો જણાય નહિ, તો રાજ્યમાંથી બહાર જતી વખતે, એવું માની લેવામાં આવશે કે તેના દ્વારા લઇ જવાતો માલ પરિવહન, રાજ્યની અંદર વેચી દીધો છે અને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર આવા વેચાણ ઉપર વેરાની અને નક્કી કરવામાં આવે તેટલી પરંતુ વેરાની રકમના દોઢગણાં કરતાં વધુ ન હોય તેટલી દંડની રકમ ભરવાને પાત્ર થશે.

**૭૦.** (૧) તત્સમયે અમલમાં હોય તેવા ગમે તે કાયદામાં વિરૂધ્ધનો કોઇપણ મજકૂર હોય તેમ છતાં, ભાડેથી અથવા બદલાથી પોતાના કોલ્ડ સ્ટોરેજ, વખાર, ગોદામ અથવા આવા કોઇ સ્થળે વેરાપાત્ર માલનો સંગ્રહ કરતા હોય તેવા દરેક માલિકે અથવા પટેદારે, આવા સ્થળે જેનો માલ સંગ્રહ કરવામાં આવેલ હોય તે વ્યકિતની પૂરેપૂરી વિગતો અને આવા માલના જથ્થાની કિંમત અને સોંપણીની તારીખની વિગતો દર્શાવતો સાચો અને સંપૂર્ણ હિસાબ રાખવો અથવા રખાવવો જોઇશે.

**ફેરતપાસ (Revision)**

(૨) આવા હિસાબો, કમિશનરે અથવા હિસાબોમાંથી આવા ઉતારા લઇ શકે અથવા લેવરાવી શકે અથવા પોતે જરૂરી ગણે તે મુજબ આવા ઉતારા રજૂ કરવા માટે ફરમાવી શકે તેવા આ અર્થે અધિકૃત કરવામાં આવેલ કોઇ અધિકારીએ માગણી કર્યે રજૂ કરવા જોઇશે.

(૩) ભાડા અથવા બદલા માટે માલનો સંગ્રહ કરતા હોય તેવા કોલ્ડ સ્ટોરેજ, વખાર, ગોદામ અથવા બીજા કોઇ સ્થળના કોઇ માલિક અથવા પટેદાર, આ અધિનિયમ હેઠળ ભરવાપાત્ર કોઇ વેરો ટાળવામાં સંભવતઃ પરીણમે તે રીતે પેટાકલમ (૧) અથવા પેટા કલમ (૨)ની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે, ત્યારે કમિશનર, આવા માલિક અથવા પટેદાર સામે આ અધિનિયમની બીજી કોઇપણ જોગવાઇ હેઠળ લેવામાં આવે તેવા કોઇપણ પગલાંને બાધ આવ્યા સિવાય, આવા વેપારીને કહી સંભળાવવાની વાજબી તક આપ્યા પછી એવો આદેશ કરી શકશે કે આવા માલિક અથવા પટેદારે, પેટાકલમો (૧) અથવા (૨) હેઠળ જેના સંબંધમાં કસૂર કરી હોય તે માલ પર લેવાપાત્ર વેરાની રકમથી તેટલી રકમ શિક્ષાના રૂપમાં ભરવી.

**૭૧.** (૧) આ અધિનિયમના વધુ અમલ માટે તે અધિનિયમમાં તથા તેની હેઠળની બાબતો અંગે આંકડા એકઠા કરવાનું જરૂરી છે એવું રાજ્ય સરકારને લાગે તો, તે રાજપત્રમાં જાહેરનામું સિદ્ધ કરીને, તે માણે આદેશ આપી શકશે.

**અપીલ અને ફેરતપાસ માટેની અરજી ઉપર કોર્ટ ફી. અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪ અને ૧૨ લાગુ પડવા બાબત.**

**સન ૧૯૫૯નો મુંબઈનો ૩૬મો.**

**સન ૧૯૬૩નો ૬૩મો.**

(૨) એવો આદેશ કરવામાં આવે એટલે, કમિશનર, કોઈ વર્તમાનપત્રમાં નોટિસ આપીને અથવા વેપારીઓના ધ્યાન પર લાવવા માટે પોતે યોગ્ય ગણે તે રીતે, આંકડા એકઠા કરવાના હોય તેવી કોઇ બાબત અંગે જણાવવામાં આવે તેવી માહિતી અથવા પત્રકો પૂરા પાડવાનું, તમામ વેપારીઓને અથવા વેપારીઓના વર્ગને ફરમાવી શકશે; કયા નમૂનામાં કઈ વ્યક્તિઓને કે સત્તાધિકારીઓને એવી માહિતી અથવા પત્રકો પૂરાં પાડવા જોઈએ તથા કઈ વિગતો તેમાં હોવી જોઇએ અને કયા સમયાંતરે એવી માહિતી કે પત્રકો પૂરાં પાડવા જોઈએ તે ઠરાવવામાં આવે તેવાં રહેશે.

(૩) આ અધિનિયમની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સરકાર, નિયમોથી એવી જોગવાઈ કરી શકશે કે રજિસ્ટર થયેલ દરેક વેપારીએ અથવા રજિસ્ટર થયેલ વેપારીના કોઈ વર્ગે ઠરાવવામાં આવે તેવા પત્રકો પૂરા પાડવા.

**હાઈકોર્ટને કેસની હકીકત મોકલવા બાબત.**

**૭૨.** (૧) કમિશનરને એવી ખાતરી થાય કે વેપારીને લગતું કોઈ રેકર્ડ આગ અથવા કોઈ કુદરતી કે બીજી આફત કે ઘટનાના પરિણામે નાશ પામ્યું છે, તો તે, લેખિત નોટિસ દ્વારા, તે વેપારીને, તે નોટિસમાં નિર્દિષ્ટ કરેલ તારીખે અને સ્થળે, પોતાની સમક્ષ હાજર થવાની અથવા તે અંગેના કોઇ હિસાબો કે રજિસ્ટર કે દસ્તાવેજ કે તેની નકલો પોતાની સમક્ષ રજૂ કરવાની અથવા તે નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત માટે, તે તારીખો સુધીમાં અને તે સત્તાધિકારીને આ અધિનિયમ કે અગાઉના કોઈ કાયદા હેઠળ (જે મુદત માટે વેપારીની હજુ પણ આકારણીમાં કરવામાં આવી ન હોય તે મુદત માટેના પત્રકો હોય તેવાં) નવાં પત્રકો સાદર કરવાની અથવા કમિશનરને સાદર કરી દીધેલા કોઈ દસ્તાવેજની ખરી નકલો અથવા તેમાંથી કરેલા ઉતારા તે નોટિસમાં નિર્દિષ્ટ કરેલ તારીખે કે તે પહેલાં સાદર કરવાની અથવા તે નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વેપારીના ધંધાને લગતી બીજી જે કોઈ માહિતી, આકારણીનું અથવા ફેર આકારણી અથવા આ અધિનિયમ અથવા અગાઉના કોઈ કાયદા હેઠળ એવા વેપારી પાસેથી વેરાની વસૂલાતનું કાર્ય સુગમ બનાવવા માટે કમિશનરને જરૂરી લાગે તેવી માહિતી સાદર કરાવવાની ફરજ પાડી શકશે.

(૨) પેટા કલમ (૧)થી મળેલ સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, કમિશનર, વેપારીને નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત તપાસણી માટે રજૂ કરવાનું અથવા તેની નકલો અથવા તેમાંથી ઉતારા સાદર કરવાનું ફરમાવી શકશે :

(ક) આ અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન માણપત્ર કાઢી આપવા માટેની અરજી;

(ખ) વેપારીને આપવામાં આવેલ રજિસ્ટ્રેશન માણપત્ર;

(ગ) વેપારીએ સાદર કરેલ પત્રકો;

(ઘ) વેપારીએ વેરો અને દંડ ભર્યાની સાબિતી;

(ચ) વેપારીને આપવામાં આવેલ આકારણીહુકમની માણિત નકલ;

(છ) વેપારી ઉપર બજાવેલી માંગણીની કોઈ નોટિસ;

(જ) વેપારીએ સાદર કરેલ નમૂનારૂપ સહી;

(ઝ) વેપારીએ કરેલ કોઈ નામ નિયુક્તિ;

(૩) આ કલમ હેઠળ આપેલી કોઈ નોટિસનું પાલન સુનિશ્ચિત કરવા માટે, કમિશનરને, કલમ ૬૭માં નિર્દિષ્ટ કરેલી તમામ સત્તા રહેશે.

(૪) આ કલમ હેઠળ કોઈ વ્યક્તિ માટે ફરમાવેલ કોઈ આવશ્યકતાનું પાલન કરવાની ચૂક બદલ, તેની ઉપર ફરિયાદ કરવામાં આવે ત્યારે, આવી ચૂક માટે તેને વાજબી કારણ હતું એવું સાબિત કરવાનો બોજો તેની ઉપર રહેશે.

**ભૂલો સુધારવા બાબત.**

## પ્રકરણ ૯

## અપીલ, ફેરતપાસ, રેફરન્સ, અને સુધારણા

૭૩. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા, નિયમ હેઠળ પસાર કરેલા, કલમ ૭૪માં જણાવેલ હુકમ ન હોય તેવા અસલ હુકમ ઉપરની અપીલ

(ક) એવો હુકમ મદદનીશ કમિશનરે અથવા વાણિજ્યિક વેરા અધિકારીએ અથવા તેના તાબાના બીજા કોઈ અધિકારીએ કર્યો હોય તો, નાયબ કમિશનરને કરવી;

(ખ) એવો હુકમ નાયબ કમિશનરે કર્યો હોય, તો, સંયુક્ત કમિશનરને કરવી;

(ગ) એવો કોઈ હુકમ સંયુક્ત કમિશનરે, અધિક કમિશનરે અથવા કમિશનરે કર્યો, હોય તો, ટ્રિબ્યુનલને કરવી.

(૨) નાયબ કમિશનરે અથવા યથાસંગ, સંયુક્ત કમિશનરે અપીલમાં કરેલ હુકમની બાબત બીજી અપીલ ટ્રિબ્યુનલને થઈ શકશે.

**વિવાદાસ્પદ પ્રશ્નો નક્કી કરવા બાબત.**

(૩) કલમ ૮૪ની જોગવાઈઓને અધીન રહીને, જે હુકમની વિરૂદ્ધ અપીલ કરવામાં આવી હોય તે હુકમ જણાવ્યાની તારીખથી સાઠ દિવસની અંદર કોઈ અપીલ ફાઈલ કરવામાં આવી ન હોય, તો કરનારની તેવી અપીલ દાખલ કરવામાં આવશે નહિ.

(૪) આકારણીના હુકમ વિરૂદ્ધની કોઈ અપીલ, અપીલ અધિકારીએ, એવી અપીલ સાથે, જેના સંબંધમાં અપીલ કરવામાં આવી હોય, તેના સંબંધમાં વેરો ભર્યાની સંતોષકારક સાબિતી ન હોય, તો સામાન્ય રીતે દાખલ કરી શકાશે નહિ :

પરંતુ અપીલ અધિકારી, પોતાને યોગ્ય લાગે, તો લેખિતમાં કારણોની આ નોંધ કરીને, આવા હુકમ હેઠળ ભરવાપાત્ર વેરાની વીસ ટકા રકમની ચૂકવણીની સાબિતી રજૂ કર્યે એવા હૂકમ વિરૂદ્ધની અપીલ દાખલ કરી શકશે.

(૫) નાયબ કમિશનરે અથવા યથાસંગ સંયુક્ત કમિશનરે અપીલમાં કરેલા હુકમ વિરૂદ્ધની અપીલ, બીજા પક્ષકારે ટ્રિબ્યુનલને કરી છે એવી મતલબની નોટિસ મળ્યેથી, કમિશનર, તે નોટિસ મળ્યાના ત્રીસ દિવસની અંદર મદદનીશ કમિશનરે અથવા યથાસંગ, સંયુક્ત કમિશનરે અપીલમાં કરેલાં હુકમના કોઈ ભાગ વિરૂદ્ધ સામા વાંધા રજૂ કરતી યાદી દાખલ કરી શકશે અને આવી યાદી અપીલ હોય તે રીતે તેનો ટ્રિબ્યુનલે નિકાલ કરવો પડશે.

(૬) ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોને અધીન રહીને, અપીલ અધિકારી અપીલ અંગે પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૭) આ કલમ હેઠળ અપીલમાં કરેલો દરેક હુકમ, કલમો ૭૫, ૭૮ અને ૭૯ની જોગવાઈઓને અધીન રહીને, આખરી ગણાશે.

**૭૪.** (ક) વેપારીને આકારણી માટે અથવા આ અધિનિયમ હેઠળ ગુના બદલ તેના પર શા માટે ફરિયાદ ન માંડવી જોઈએ તેનું કારણ દર્શાવવાનું ફરમાવતી આ અધિનિયમ હેઠળ કાઢેલી નોટિસ વિરૂદ્ધ, અથવા

**કાર્યવાહીમાં કોઈ સત્તાધિકારી સમક્ષ હાજર થવા બાબત.**

(ખ) કલમ ૧૭ની પેટાકલમ (૧)ના કમિશનરના હુકમ વિરૂદ્ધ, અથવા

(ગ) હિસાબના ચોપડા, રજિસ્ટર અને અન્ય દસ્તાવેજો જપ્ત કરવા અથવા રાખવાને લગતા હુકમ વિરૂદ્ધ;

(ઘ) આ અધિનિયમ હેઠળ ફરિયાદ માંડવાનું મંજૂર કરતા હુકમ વિરૂદ્ધ, અથવા

(ચ) આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીના સંબંધમાં વચગાળાના હુકમ વિરુદ્ધ ફેરતપાસ માટે કોઇ અપીલ અથવા અરજી થઇ શકશે નહિ.

**૭૫.** (૧) કલમ ૭૪ની જોગવાઈઓને અને આ અર્થે કરવામાં આવેલ કોઈ નિયમોને અધીન રહીને

(ક) કમિશનર, પોતે, કલમ ૧૬ હેઠળ તેને મદદ કરવાને નીમેલા કોઈ અધિકારીએ કરેલા કોઈ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર, અથવા તેને કરેલ અરજી ઉપરથી, એક વર્ષની અંદર એવા કોઈ હુકમનું રેકર્ડ મંગાવી અને તે તપાસી શકશે અને ફેરતપાસ માટેની નોટિસની બજવણીની તારીખથી બે વર્ષની અંદર તે અંગે પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે;

(ખ) ટ્રિબ્યુનલ, કમિશનરના (બીજી અપીલમાં કલમ ૭૩ની પેટાકલમ (૨) અથવા અરજી ઉપર ફેરતપાસમાં ખંડ (ક) હેઠળ પસાર કરેલો હુકમ ન હોય તેવા) હુકમની વિરૂદ્ધ, હુકમ જણાવ્યાની તારીખથી ચાર મહિનાની અંદર, તેને કરવામાં આવેલી અરજી ઉપરથી, એવા કોઈ હુકમનું રેકર્ડ મંગાવી તે તપાસી શકશે અને તે અંગે પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૨) કલમ ૭૩ હેઠળ અપીલ થઈ શકે તેમ હોય અને કોઈ અપીલ દાખલ કરવામાં આવી ન હોય ત્યારે એવી અરજી ઉપરથી આ કલમ હેઠળ ફેરતપાસમાંની કોઈ કાર્યવાહી દાખલ થઈ શકશે નહિઃ

પરંતુ જો અરજદાર કમિશનરને એવી ખાતરી આપે કે જેના સંબંધમાં ફેરતપાસ માટે અરજી કરી હોય તે હુકમ સામે અપીલ ન કરવા માટે તેને પૂરતું કારણ હતું, તો અરજી ઉપર ફેરતપાસની કાર્યવાહી સ્વીકારી શકાશે.

(૩) આ કલમ હેઠળ કોઈ વ્યક્તિને તિકૂળ અસર કરતો કોઈ હુકમ, એ વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, કરી શકાશે નહિ.

(૪) કમિશનર અથવા ટ્રિબ્યુનલ, આ કલમ હેઠળ ફેરતપાસ માટેની કોઇ અરજી નામંજૂર કરે ત્યારે, કમિશનર અથવા યથાસંગ, ટ્રિબ્યુનલે આવી નામંજૂરી માટેનાં કારણો નોંધવા જોઈશે.

**૭૬.** મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯માં ગમે તે મજકૂર હોય તે છતા, કલમ ૭૩ હેઠળ દાખલ કરેલી અપીલ અને કલમ ૭૪ હેઠળ કરેલી ફેરતપાસ માટેની અરજી ઉપર ઠરાવવામાં આવે તેટલી કિંમતનો કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવો જોઈશે.

**૭૭.** કલમો ૭૩, ૭૫ અને ૭૮ હેઠળ જણાવેલી મુદત ગણવામાં, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪ અને ૧૨ની જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી લાગુ પડશે.

**સોગંદ પર પુરાવો મેળવવાની કમિશનરની અને બીજા સત્તાધિકારીઓની સત્તા.**

**સન ૧૯૦૮નો ૫મો.**

**૭૮.** (૧) કલમ ૪૪ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડ ભરવાની કોઈ વ્યક્તિની જવાબદારીને અસર કરતો અથવા કોઈ રકમ એવી વ્યકિત પાસેથી વસૂલ કરવાને અસર કરતો હુકમ હોય તેવા અપીલ અથવા ફેરતપાસમાં ટ્રિબ્યુનલના કરેલા હુકમની જાણ કર્યાની તારીખથી નેવુ દિવસની અંદર, કોઇ વ્યક્તિ અથવા કમિશનર લેખિત અરજી દ્વારા (તે વ્યક્તિ અરજી કરતી હોય તો એકસો રૂપિયાની ફી સાથે મોકલીને) એવા હુકમમાંથી ઊભો થતો કાયદાનો કોઇ પ્રશ્ન, હાઈકોર્ટના પૂછાણ માટે મોકલવા માટે ટ્રિબ્યુનલને ફરમાવી શકશે, અને ટ્રિબ્યુનલ સંમત થાય તો, ટ્રિબ્યુનલે, એવી અરજી મળ્યા પછી, શક્ય હોય તેટલું જલદી કેસની હકીકત તૈયાર કરી તે હાઈકોર્ટને લખી મોકલવી પડશે: **સન ૧૮૬૦નો ૪૫મો.**

પરંતુ આ પેટાકલમ હેઠળ તેને મળેલી સત્તાની રૂએ, ટ્રિબ્યુનલ, કાયદાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એ કારણે તેને જે કેસની હકીકત હાઈકોર્ટને લખી મોકલવા જણાવવામાં આવ્યું હોય તે કેસની હકીક્ત લખી મોકલવાની ના પાડે તો, યથાસંગ, તે વ્યક્તિ અથવા કમિશનર, એવી રીતે ના પાડયાના ત્રીસ દિવસની અંદર પોતાની અરજી પાછી ખેંચી લઈ શકશે અથવા એવા અરજીના અસ્વીકાર સામે હાઈકોર્ટને અરજી કરી શકશે.

(૨) પેટાકલમ (૧) હેઠળ કરેલી અરજી મળ્યેથી, હાઈકોર્ટને ટ્રિબ્યુનલના નિર્ણયના ખરાપણાં સંબંધી ખાતરી ન થાય તો, તે, હાઈકોર્ટ, કેસની હકીક્ત લખી મોકલવા ટ્રિબ્યુનલને ફરમાવી શકશે, અને તદ્‌નુસાર, એવું કોઈ ફરમાન મળ્યેથી, ટ્રિબ્યુનલે તે કેસની હકીકત હાઈકોર્ટને લખી મોકલવી પડશે.

(૩) આ કલમ હેઠળ મોકલેલા કેસની હકીકતો, તેમાં, ઉપસ્થિત થયેલા પ્રશ્નનો નિર્ણય પોતે કરી શકે તે માટે પૂરતી છે એવી ખાતરી હાઈકોર્ટને ન થાય તો હાઈકોર્ટ, તેમાં, પોતે તે અર્થે આદેશ કરે તેવા સુધારાવધારા કરવા માટે તે કેસ ટ્રિબ્યુનલને પાછો મોકલી શકાશે. **હોદ્દાના પદધારીમાં ફેરફાર બાબત.**

(૪) હાઈકોર્ટે, એવો કોઈ કેસ સાંભળ્યા પછી, તેમાં ઉપસ્થિત થયેલા કાયદાના પ્રશ્નનો નિર્ણય કરવો જોઈશે અને એ નિર્ણય જેને આધારે કરવામાં આવ્યો હોય તે કારણો દર્શાવતો તેની ઉપર ફેંસલો આપવો જોઈશે અને એવા ફેંસલાની કોર્ટના સીલવાળી અને રજિસ્ટ્રારની સહીવાળી નકલ ટ્રિબ્યુનલને મોકલી આપવી જોઈશે અને ટ્રિબ્યુનલે, તદ્‌નુસાર કેસનો નિકાલ કરવો જોઈશે.

(૫) આ કલમ હેઠળ હાઈકોર્ટને કોઈ હકીકત લખી મોકલવામાં આવી હોય ત્યારે, પેટાકલમ (૧)માં ઉલ્લેખેલી ફીનો નિકાલ કરવા સહિત ખર્ચ આપવાનું કોર્ટની વિવેક બુદ્ધિ પર રહેશે. **અમુક કિસ્સામાં મુદતનો સમય વધારવા બાબત.**

(૬) જેના સંબંધમાં પેટાકલમ (૧) હેઠળ અરજી કરવામાં આવી હોય તેવા ટ્રિબ્યુનલના હુકમ અનુસાર વેરાની કોઈ રકમ લેણી નીકળતી હોય, તો તેની ચૂકવણી, એવી અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી અથવા તે અંગે મોકલેલી બાબતોનો નિકાલ ન થાય ત્યાં સુધી, મોકૂફ રાખી શકાશે નહિ, પણ એવી લખી મોકલેલી બાબતને લીધે તેવી રકમ ઘટાડવામાં આવી હોય, તો કલમ ૩૬ની જોગવાઈઓ અનુસાર ભરેલા વધારાના વેરાનું રિફંડ આપવું જોઈશે.

**૭૯.** (૧) કમિશનર, પોતે કરેલા કોઈ હુકમની તેનાથી અસર થતી હોય તેવી વ્યકિતને જાણ કર્યાની તારીખથી બે વર્ષની અંદર કોઈ પણ સમયે રેકર્ડમાંથી દેખાતી કોઈ હકીકતની ભૂલ પોતાની મેળે સુધારી શકશે, અને એવા હુકમથી જેને અસર થતી હોય તેવી કોઈ વ્યકિતએ પોતાના ધ્યાન ઉપર લાવવામાં આવી હોય, તેવી કોઇ ભૂલો તેવી મુદત દરમિયાન તેણે સુધારવી પડશે: **ગુના અને શિક્ષા.**

પરંતુ જેને પરિણામે વેરામાં, વધારો થતો હોય અથવા રિફંડની રકમમાં ઘટાડો

થતો હોય, એવી કોઈ ભૂલ સુધારી શકાશે નહિ, સિવાય કે કમિશનરે પોતાના એમ કરવાના ઈરાદાની લેખિત નોટિસ એવી વ્યકિતને આપી હોય અને તેને સુનાવણીની વાજબી તક આપી હોય:

(૨) પેટાકલમ (૧) ની જોગવાઈઓ, જે રીતે કમિશનર ભૂલ સુધારે તેને લાગુ પડે છે તે જ રીતે ટ્રિબ્યુનલ અથવા અપીલ અધિકારી કલમ ૭૩ હેઠળ ભૂલ સુધારે તેને લાગુ પડશે.

(૩) એવી કોઈ ભૂલ સુધારવાને પરિણામે વેરા, વ્યાજ અથવા દંડની રકમમાં ઘટાડો થતો હોય, ત્યારે કમિશનરે, ઠરાવેલી રીતે એવી વ્યકિતની લેણી નીકળતી કોઇ રકમ રિફંડ કરવી જોઇશે.

(૪) એવી કોઈ ભૂલ સુધારવાને પરિણામે વેરાની રકમમાં અથવા દંડમાં વધારો થતો હોય, અથવા રિફંડની રકમમાં ઘટાડો થતો હોય, ત્યારે કમિશનરે, અધિનિયમની જોગવાઈઓ અનુસાર એવી વ્યકિત પાસેથી લેણી રકમ વસૂલ કરવી જોઈશે.

**૮૦.** (૧) કોર્ટ સમક્ષની કાર્યવાહીમાં અથવા કલમ ૩૩, ૩૪ અથવા કલમ ૩૫ હેઠળની કાર્યવાહીમાં હોય તે સિવાય બીજી રીતે, આ અધિનિયમના હેતુઓ સારૂ

(ક) કોઈ વ્યક્તિ, મંડળી, કલબ અથવા એસોસિયેશન અથવા કોઈ પેઢી અથવા કોઈ પેઢીની કોઈ શાખા અથવા વિભાગ વેપારી છે કે કેમ તે વિશે, અથવા

(ખ) કોઈ માલ ઉપર કરેલી કંઈ ખાસ ક્રિયાથી માલ ''બનાવવા'' શબ્દના અર્થમાં બન્યો કહેવાય કે માલ બને છે કે કેમ તે વિશે, અથવા

(ગ) વેચાણ અથવા ખરીદીનો કોઈ વ્યવહાર છે, અથવા

(ઘ) કોઈ ખાસ વેપારીને રજિસ્ટર કરવાનું જરૂરી છે કે કેમ તે વિશે, અથવા

(ચ) કોઈ વેરો, અમુક વેચાણ, નિર્દિષ્ટ વેચાણ, અથવા ખરીદીના સંબંધમાં ભરવાનો છે કેમ તે વિશે અથવા વેરો ભરવાનો હોય તો તેના દર વિશે,

(છ) કલમ ૧૧ અથવા ૧૨ હેઠળ કોઇ જમાવેરો ગ્રાહ્ય રાખવામાં, કોઈપણ શ્ન ઉપસ્થિત થાય તો

કમિશનરે એવા શ્નનો નિર્ણય કરતો હુકમ કરવો જોઈશે.

(૨) તે નિર્ણય પહેલાં કરેલ કોઈ વેચાણ નિર્દિષ્ટ વેચાણ અથવા ખરીદીના સંબંધમાં આ અધિનિયમ હેઠળ ઊભી થતી કોઈ વ્યક્તિની જવાબદારીને નિર્ણયથી કોઈ અસર થશે નહિ એમ કમિશનર આદેશ કરી શકશે.

(૩) આ અધિનિયમ અથવા અગાઉના કોઈ કાયદા હેઠળ અગાઉ કરેલ કોઈ હુકમમાંથી તેવો કોઈ શ્ન ઉપસ્થિત થાય તો, તેવો શ્ન આ કલમ હેઠળ નિર્ણય માટે સ્વીકારી શકાશે નહિ; પરંતુ તેવો શ્ન એવા હુકમ વિરૂદ્ધની કોઈ અપીલમાં અથવા એવા હુકમની ફેરતપાસ માટે ઉપસ્થિત કરી શકાશે.

## પ્રકરણ ૧૦

## કાર્યવાહી

**૮૧.** (૧) આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીના સંબંધમાં, કોઈ સત્તાધિકારી સમક્ષ હાજર રહેવાને હકદાર હોય અથવા જેને હાજર રહેવાનું ફરમાવાયું હોય તેવી કોઈ

વ્યક્તિ, નીચે જણાવેલી વ્યક્તિ મારફત હાજર રહી શકશે.

(ક) આ અર્થે તેણે લેખિતમાં અધિકૃત કરેલી, તેના સગામાં હોય તેવી વ્યક્તિ અથવા તેણે નિયમિત નોકરીમાં રાખી હોય તેવી કોઈ વ્યક્તિ મારફત; અથવા

(ખ) પેટાકલમ (૨) થી અથવા તે હેઠળ ગેરલાયક થયેલ ન હોય તેવા કાયદા વ્યવસાયી અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ મારફત; અથવા

(ગ) જે વેચાણવેરા વ્યવસાયી, ઠરાવેલી લાયકાતો ધરાવતો હોય અને જેનું નામ, કમિશનર, તે અર્થે જાળવશે તેવી યાદીમાં દાખલ કર્યું હોય અને પેટાકલમ (૨)થી અથવા તે હેઠળ ગેરલાયક ઠર્યો ન હોય તેવા વેચાણ વેરા વ્યવસાયી મારફત.

(૨) જે કોઈ કાયદા વ્યવસાયી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ અથવા વેચાણવેરા વ્યવસાયીને,

(ક) સરકારી નોકરીમાંથી દૂર કરવામાં આવ્યો હોય અથવા બરતરફ કરવામાં આવ્યો હોય; અથવા

કંપની વગેરેએ કરેલા ગુના બાબત.

(ખ) જે કાયદા વ્યવસાયી અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ હોઈને, આ અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહીના સંબંધમાં પોતે જે વ્યવસાયનો સભ્ય હોય તે વ્યવસાયના સભ્યો સામે શિસ્તના પગલાં લેવાને સત્તા આપેલ કોઈ સત્તાધિકારીએ તેને ગેરવર્તણૂક માટે દોષિત ગણેલ હોય; અથવા

(ગ) જે વેચાણવેરા વ્યવસાયી હોઈને, કમિશનરે એવી ગેરવર્તણૂક માટે દોષિત ઠરાવ્યો હોય,

તેવા કાયદા વ્યવસાયી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ અથવા વેચાણવેરા વ્યવસાયીને કમિશનર, લેખિત હુકમથી અને તેમાં કારણોની નોંધ કરીને, તે હુકમમાં જણાવવામાં આવે તેટલી મુદત સુધી એવા કોઈ સત્તાધિકારી સમક્ષ હાજર થવા માટે ગેરલાયક ઠરાવી શકશે.

(૩) કોઈ ખાસ વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય તેની સામે ગેરલાયકાત માટેનો કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૪) આ કલમ હેઠળ એવો ગેરલાયકાત માટેનો કોઈ હુકમ જેની સામે કરવામાં આવ્યો હોય તેવી કોઈ વ્યકિત, એવો હુકમ જણાવ્યાની તારીખના એક મહિનાની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે, અને રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તે રીતે અપીલમાં એવો હુકમ કરી શકશે.

(૫) કમિશનરનો હુકમ તેને જણાવ્યાની તારીખથી એક મહિના સુધી અથવા અપીલ કરવામાં આવી હોય ત્યારે, અપીલનો નિર્ણય થાય ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

(૬) કમિશનર, આપમેળે અથવા આ અર્થે પોતાને કરેલી અરજી ઉપરથી, પેટા કલમ (૨) હેઠળ કોઈ વ્યકિત વિરૂદ્ધ કરેલો કોઈ હુકમ રદ કરી શકશે અને તેમ થયે, એવી વ્યકિત ગેરલાયક ગણાતી બંધ થશે.

**૮૨.** (૧) કમિશનરને અથવા પોતાને સહાય કરવા માટે કલમ ૧૬ની પેટાકલમ (૨) હેઠળ નીમાયેલ કોઇ વ્યકિતને, આ અધિનિયમના હેતુઓ માટે, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવો ચલાવતી વખતે દીવાની કોર્ટમાં જે સત્તાઓ નિહિત થયેલ છે, તે જ સત્તાઓ રહેશે:

(ક) કોઈ વ્યકિતને હાજર રહેવાની ફરજ પાડવાની અને સોગંદ અથવા

તિજ્ઞાપૂર્વકની રજૂઆત ઉપર તપાસ કરવા બાબત; અને

(ખ) હિસાબો અને દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવા બાબત; અને

(ગ) સાક્ષીઓની તપાસ માટે કમિશન કાઢવાની બાબત.

ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.

સન ૧૯૭૪નો ૨જો.

(૨) કમિશનર અથવા તેને મદદ કરવા માટે કલમ ૧૬ની પેટાકલમ (૨) હેઠળ નીમાયેલ કોઈ વ્યક્તિ, સમક્ષની, આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહી ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુઓ માટે ન્યાયિક કાર્યવાહી ગણાશે.

ગુનાની તપાસ.

(૩) પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ કોઇ સત્તાધિકારી, આ અર્થે કરેલ કોઇ નિયમોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળની કાર્યવાહીમાં, તેની સમક્ષ રજૂ કરેલ હિસાબોના કોઈ ચોપડા અથવા અન્ય દસ્તાવેજો, પોતાને યોગ્ય લાગે તેવી મુદત માટે કબજે લઈ શકશે અથવા પોતાની કસ્ટડીમાં રાખી શકશેઃ

સન ૧૯૭૪નો ૨જો.

પરંતુ કમિશનરને મદદ કરવા કલમ ૧૬ની પેટાકલમ (૨) હેઠળ નીમાયેલ વ્યકિત એવું કરતી વખતે તેના કારણો નોંધ્યા સિવાય હિસાબોના કોઈ ચોપડા અથવા અન્ય દસ્તાવેજો કબજે લઈ શકશે નહિ અને તે માટે કમિશનરની મંજૂરી મેળવ્યા સિવાય, ત્રીસ દિવસથી વધુ મુદત સુધી એવા કોઈ ચોપડા અથવા દસ્તાવેજને પોતાની કસ્ટડીમાં રાખી શકશે નહિ.

ગુનાની માંડવાળ કરવા બાબત.

**૮૩.** આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીના સંબંધમાં, કમિશનર અથવા કલમ ૧૬ની પેટાકલમ (૨) હેઠળ તેને મદદ કરવા માટે નીમાયેલ કોઈ વ્યકિત હકૂમત વાપરતી બંધ થાય અને પોતાની હકૂમત હોય અને હકૂમત વાપરતી હોય તેવી બીજી વ્યકિત તેના અનુગામી તરીકે આવે ત્યારે, તેવી અનુગામી વ્યકિત, પોતાના પુરોગામીએ આવી કાર્યવાહી જે તબક્કેથી છોડી દીધેલ હોય તે તબક્કેથી ચાલુ રાખી શકશેઃ

પરંતુ સંબંધિત વેપારી, એવી રીતે કાર્યવાહી ચાલુ કરવામાં આવે અથવા તેની સામે આકારણીનો કોઇ હુકમ કરવામાં આવે તે પહેલા અગાઉની કાર્યવાહી અથવા તેનો કોઇ ભાગ ફરીથી ચાલુ કરવાની અને પોતાને ફરીથી સાંભળવાની માંગણી મૂકી શકશે.

ક્ષતિપૂર્તિ.

**૮૪.** અપીલ કરનાર અથવા અરજદાર, અપીલ સત્તાધિકારીને અથવા યથાસંગ, ટ્રિબ્યુનલને એવી ખાતરી આપે કે કલમ ૭૩ અને ૭૫ અથવા ૭૮માં ઠરાવેલી મુદતની અંદર અપીલ દાખલ ન કરવા અથવા સામા વાંધાની યાદી ફાઈલ ન કરવા અથવા અરજી ન કરવા માટે તેને પૂરતું કારણ હતું તો, સદરહુ કલમોમાં ઠરાવેલી મુદતના સમય પછી, અપીલ સત્તાધિકારી, કલમ ૭૩ હેઠળ કોઈ પણ અપીલ દાખલ કરી શકશે અથવા સામા વાંધાની યાદી દાખલ કરવાની પરવાનગી આપી શકશે અને ટ્રિબ્યુનલ કલમ ૭૫ અથવા ૭૮ હેઠળ અરજી સ્વીકારી શકશે.

## કરણ ૧૧

રાજ્ય સેવકો.

## ગુના અને શિક્ષા

સન ૧૮૬૦નો ૪૫મો.

**૮૫.** (૧) જે કોઈ વ્યક્તિ,

(ક) રજિસ્ટર થયેલ વેપારી ન હોઈને, ખોટી રીતે એવું જણાવે કે માલ વેચતી અથવા ખરીદતી વખતે પોતે રજિસ્ટર થયેલ વેપારી છે અથવા હતી;

સરકારી નોકરે માહિતી ગટ કરવા બાબત.

(ખ) જો ખોટા પત્રકને સાચા તરીકે સ્વીકારી લીધેલ હોત તો ટાળવામાં આવી હોત તેવી વેરાની રકમ રૂા. ૧,૦૦૦ થી વધી જાય ત્યારે જાણીબૂઝીને ખોટું પત્રક પૂરૂં પાડે;

(ગ) જેની કિંમત રૂા. ૧,૦૦૦ થી વધી જતી હોય તેવી કપાત અથવા વેરા શાખના દાવા માટે કમિશનર સમક્ષ, જાણીબૂઝીને, ખોટું વેરાનું ભરતિયું, બિલ, વાઉચર, કેશમેમોરેન્ડમ, એકરાર, માણપત્ર અથવા બીજો દસ્તાવેજ રજૂ કરે;

(ઘ) પોતે ફાઈલ કરેલ પત્રકો મુજબ વેરો ચૂકવવામાં કસૂર કરે;

(ચ) જાણીબૂઝીને ખોટો હિસાબ રાખે અથવા રજૂ કરે;

(છ) પોતે ખોટું હોવાનું જાણતી હોય અથવા ખોટું માનવાને કારણ હોય તેવું માણપત્ર અથવા એકરાર અથવા ભરતિયું, બિલ, કેશ મેમોરેન્ડમ, વાઉચર અથવા બીજો દસ્તાવેજ આ અધિનિયમ હેઠળ કોઈ વ્યક્તિને કાઢી આપે; સન ૧૮૬૦નો ૪૫મો.

(જ) આ અધિનિયમ હેઠળ લેવાપાત્ર વેરો, ટાળવા માટે કોઈપણ રીતે જાણીબૂઝીને યત્ન કરે; સન ૧૯૮૮નો ૪૯મો.

તેને, દોષિત ઠર્યે, છ મહિનાથી ઓછી નહિ તેટલી પણ ત્રણ વર્ષ સુધીની કેદની અને વીસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

(૨) જે કોઈ વ્યક્તિ,

(ક) કલમ ૨૧નું ઉલ્લંઘન કરીને રજિસ્ટર થયા વગર વેપારી તરીકે ધંધો ચાલુ રાખે; અથવા

(ખ) કલમ્ ૨૬થી ફરમાવ્યા મુજબની કોઈ માહિતી પૂરતા કારણ વગર પૂરી ન પાડે; અથવા

(ગ) કલમ ૨૭ની પેટાકલમ (૯)માં જોગવાઈ કર્યા મુજબ પોતાના રજિસ્ટ્રેશનનું માણપત્ર પરત ન કરે; અથવા

(ઘ) કલમ ૨૯થી ફરમાવ્યા મુજબ ઠરાવેલી તારીખ સુધીમાં અને ઠરાવેલી રીતે કોઈ પત્રક પૂરતા કારણ વગર પૂરૂં ન પાડે; અથવા

(ચ) કલમ ૩૧ની કોઈપણ જોગવાઈનું પૂરતા કારણ સિવાય ઉલ્લંઘન કરે; અથવા

(છ) કોઈ હિસાબો અથવા રેકર્ડ રાખવા માટે કલમ ૬૨ હેઠળ આદેશ કરવામાં આવ્યે, હિસાબો અથવા રેકર્ડ, પૂરતા કારણ સિવાય આદેશો અનુસાર ન રાખે; અથવા

(જ) કલમ ૬૭ હેઠળ પોતાને ફરમાવેલી કોઈ જરૂરિયાતોનું પૂરતા કારણ સિવાય પાલન ન કરે અથવા તે કલમ હેઠળ કોઈ અધિકારીને નિરીક્ષણ, ઝડતી, અથવા જપ્તી કરવામાં અડચણ ઊભી કરે; અથવા

(ઝ) આ અધિનિયમ હેઠળ પોતાનું કાર્ય બજાવવામાં કોઈ અધિકારીને અડચણ ઊભી કરે અથવા અટકાવે; અથવા

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો. સન ૧૮૯૯નો ૨જો.

(ટ) માલવાહનના માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત તરીકે કલમ ૬૭ અથવા ૬૮માંની કોઈ જરૂરિયાતોનું પાલન ન કરે અથવા તેમ કરવામાં બેદરકારી દાખવે અથવા ઈન્કાર કરે, અથવા

(ઠ) સરકારી મહેસૂલમાં કપટ કરવાના ઈરાદાથી અથવા સરકારને તેના મહેસૂલમાં છેતરવાના ઈરાદાથી વેરાનું ભરતિયું, છૂટક ભરતિયું, બિલ અથવા કેશ મેમોરેન્ડમ રજિસ્ટર થયેલ બીજા કોઈ વેપારીને કાઢી આપે,

તો, તેને, દોષિત ઠર્યે એક વર્ષ સુધીની કેદની અને વીસ હજાર રૂપિયા દંડની શિક્ષા થશે.

(૩) કલમ ૯૭ની જોગવાઈઓને અધીન રહીને, જો કોઈ સરકારી કર્મચારી, કલમ ૯૨ની પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ કોઈ વિગત જાહેર કરે, તો, તેને, દોષિત ઠર્યે,

છ માસની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

(૪) જે કોઈ વ્યકિત, પેટાકલમો (૧) અથવા (૨)માં નિર્દિષ્ટ કરેલ કોઈ કૃત્ય આચરવામાં કોઈ વ્યક્તિને સહાય અથવા દુષ્પ્રેરણ કરે તે વ્યકિતને, દોષિત ઠર્યે, ત્રણ માસથી ઓછી નહી તેટલી પણ એક વર્ષ સુધીની કેદની અને વીસ હજાર રૂપિયાની દંડની શિક્ષા થશે.

**અમુક કારણોસર આકારણી કાર્યવાહી વગેરે અમાન્ય ન ગણવા બાબત.**

(૫) જે કોઈ વ્યકિત પેટાકલમો (૧) થી (૩)માં નિર્દિષ્ટ કરેલ કોઈ કૃત્ય આચરે અને ગુનો, આ પેટાકલમોની જોગવાઈઓ હેઠળ ચાલુ રહે તો, તેને, દોષિત ઠર્યે, ગુનો ચાલુ રહે તે મુદત દરમિયાન આ કલમ હેઠળ જોગવાઈ કરેલ સજાઓ ઉપરાંત દિવસ દીઠ ઓછામાં ઓછા પાંચસો રૂપિયા સુધીના દંડની સજા થશે.

(૬) જ્યારે કોઈ વેપારી, પેટા કલમો (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલ ગુના બદલ દોષિત ઠરેલ હોય ત્યારે કલમ ૬૫ હેઠળ આવા વેપારીના ધંધાના મેનેજર તરીકે હોય તેવી વ્યક્તિને પણ આવા ગુના બદલ દોષિત ગણવામાં આવશે, સિવાય કે તે એવું સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તેવો ગુનો થતો અટકાવવા માટે તેણે પૂરતી કાળજી દાખવી હતી.

**૮૬.** (૧) કોઈ કંપનીએ આ અધિનિયમ, અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ગુનો કર્યો હોય ત્યારે, ગુનો કરવામાં આવ્યો હોય તે વખતે કંપનીના કાર્ય સંચાલન માટે કંપનીનો હવાલો ધરાવતી હોય તથા કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ તેમજ કંપની તે ગુના બદલ દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદ્નુસાર તેમને શિક્ષા કરી શકાશેઃ

**દીવાની કોર્ટની હકૂમતને બાધ.**

પરંતુ આવી કોઈ વ્યકિત એમ સાબિત કરે કે તે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો અટકાવવા માટે તેણે ઘટતી તમામ કાળજી રાખી હતી તો, આ પેટા કલમમાંના કોઈ મજકૂરથી આ અધિનિયમમાં ઠરાવેલી કોઈ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટાકલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને તે ગુનો કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા મૂકસંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે કોઈ બેદરકારીને કારણે થયો છે, એમ સાબિત થાય ત્યારે, એવો ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજો અધિકારી પણ તે ગુના બદલ દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકશે અને તદ્નુસાર તેમને શિક્ષા કરી શકાશે.

**સ્પષ્ટીકરણ** : આ કલમના હેતુ માટે

(ક) ''કંપની'' એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિયેશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં ''ડિરેકટર'' એટલે પેઢીનો ભાગીદાર.

**કલમ ૭૧ હેઠળ ફરમાવેલ માહિતી ગટ કરવા બાબત.**

(૩) હિન્દુ અવિભક્ત કુટુંબે આ અધિનિયમ મુજબ ગુનો કર્યો હોય ત્યારે, તેના કર્તા તે ગુના બદલ દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદ્નુસાર તેને શિક્ષા કરી શકાશેઃ

પરંતુ કર્તા એમ સાબિત કરે કે તે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો અટકાવવા માટે તેણે ઘટતી તમામ કાળજી રાખી હતી તો, આ પેટાકલમમાંના કોઈ મજકૂરથી કોઈ શિક્ષાને પાત્ર થશે નહિઃ **સન ૧૮૬૦નો ૪૫મો.**

વધુમાં આ અધિનિયમ મુજબનો ગુનો હિન્દુ અવિભક્ત કુટુંબે કર્યો હોય અને હિન્દુ અવિભક્ત કુટુંબના કોઈ પુખ્ત સભ્યની સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેની મૂકસંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમને પક્ષે કોઈ બેદરકારીને કારણે થયો છે, એમ સાબિત થાય ત્યારે, આવા સભ્ય પણ તે ગુના બદલ દોષિત છે એમ ગણાશે અને

તેમની સામે કામ ચલાવી શકશે અને તદ્‌નુસાર તેમને શિક્ષા કરી શકાશે.

**૮૭.** (૧) કમિશનરની પૂર્વમંજૂરીથી હોય તે સિવાય, કોઈપણ કોર્ટથી, આ અધિનિયમ અથવા નિયમો હેઠળના કોઈ ગુનાની ન્યાયિક નોંધ લઈ શકાશે નહિ, અને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાની કોઈપણ કોર્ટથી આવા કોઈ પણ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે નહિ.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર તમામ ગુના પોલીસ અધિકારના અને જામીનપાત્ર ગણાશે. **સન ૧૮૬૦નો ૪૫મો.**

**૮૮.** (૧) ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, પોતાના તાબા હેઠળના કોઈ અધિકારી અથવા વ્યકિતને, કમિશનર સામાન્ય રીતે અથવા કોઈ ખાસ કેસ અથવા કેસોના વર્ગના સંબંધમાં આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર તમામ ગુનાની અથવા તે પૈકી કોઈ ગુનાની તપાસ કરવા માટે અધિકૃત કરી શકશે.

**ફી લેવા બાબત.** (૨) એવી રીતે અધિકૃત કરેલા દરેક અધિકારી અથવા વ્યકિત એવી તપાસ ચલાવતી વખતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩થી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને પોલીસ અધિકારના ગુનાની તપાસ કરવા માટે મળેલી ફોજદારી સત્તા વાપરશે.

**૮૯.** (૧) કલમ ૮૫ અથવા આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની કાર્યવાહી ચલાવતા પહેલા અથવા તે પછી, કમિશનર, પાંચ હજાર રૂપિયાની રકમ અથવા જ્યારે આવા ગુનાનો આરોપ કલમ ૮૫ હેઠળનો હોય ત્યારે, સદરહુ ગુના સંબંધે વેચાણના કે ખરીદીના ટર્નઓવર પર ભરવાપાત્ર થતા હોય તે વેરાની રકમથી બમણી ન હોય તેટલી પરંતુ વેરાની રકમથી ઓછી ન હોયતે બેમાંથી જે વધુ હોય તે રકમ, ગુનાની માંડવાળના રૂપમાં સ્વીકારી શકશે.

**વેપારીઓ અને અન્ય વ્યકિતઓ સંબંધી માહિતી જાહેર હિતમાં સિદ્ધ કરવા બાબત.**

(૨) પેટાકલમ (૧) હેઠળ કમિશનર દ્વારા નકકી કરવામાં આવે તેટલી રકમની ચૂકવણી કરવામાં આવ્યે, આરોપી વ્યકિતની સામે તે જ ગુનાના સંબંધમાં વધુ કાર્યવાહી થઈ શકશે નહિ અને અગાઉ એવી કાર્યવાહી હાથ ધરેલ હોય તો તેને રદ થયેલી ગણવામાં આવશે.

## પ્રકરણ ૧૨
## પ્રકીર્ણ

**૯૦.** (૧) આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કૃત્ય બદલ, કમિશનર અથવા સરકારના કોઈ અધિકારી સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

(૨) આ અધિનિયમ હેઠળની પોતાની ફરજો બજાવતી વખતે, શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલ કોઈ કૃત્ય બદલ કમિશનર અથવા સરકારના કોઈ અધિકારી વિરૂદ્ધ, કોઈપણ નુકસાન અથવા કોઈ વ્યકિતના બીજા કોઈ દાવા માટે કોઈ પગલાં લઇ શકાશે નહિ.

**૯૧.** કલમ ૧૬ હેઠળ નીમાયેલ કમિશનર અને તમામ અધિકારીઓ અને વ્યકિતઓ અને કલમ ૧૯ હેઠળ નીમાયેલા ટ્રિબ્યુનલના તમામ સભ્યો, ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦, ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે. **નિયમો કરવાની સત્તા.**

**૯૨.** (૧) આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરેલ કોઈ નિવેદન, પૂરા પાડેલા એકરાર અથવા પત્રક અથવા રજૂ કરેલા હિસાબો અથવા દસ્તાવેજો અથવા આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહી (ફોજદારી કોર્ટ સમક્ષની કાર્યવાહી સિવાયની) દરમિયાન આપેલા પુરાવાના કોઈ રેકર્ડમાં જણાવેલી તમામ વિગતો પેટાકલમ (૩)માં ઠરાવ્યું હોય તે સિવાય, ખાનગી ગણવામાં આવશે અને ઉપર્યુક્ત માણે હોય તે સિવાય કોઈ કોર્ટને આવું કોઈ નિવેદન, એકરાર, પત્રક, હિસાબ, દસ્તાવેજ અથવા રેકર્ડ અથવા તેનો કોઈ ભાગ પોતાની સમક્ષ રજૂ કરવાનું અથવા તેના સંબંધમાં પોતાની સમક્ષ પુરાવા આપવાનું સરકારના કોઈ નોકરને ફરમાવવાનો હક નથી.

(૨) આ કલમમાંનો કોઈ પણ મજકૂર

(ક) ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ અથવા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ અથવા આ અધિનિયમ હેઠળ કોઈ ફરિયાદના હેતુ સારૂ એવા કોઈ નિવેદન, એકરાર, પત્રક, હિસાબો, દસ્તાવેજો, પુરાવા, સોગંદનામા અથવા સાક્ષી કથનના સંબંધમાની એવી કોઈ વિગતો; અથવા

(ખ) આ અધિનિયમનો ઉદ્દેશ પાર પાડવા માટે રાજ્ય સરકાર સમક્ષની અથવા આ અધિનિયમનો અમલ કરવા માટે કામ કરતી કોઈ વ્યકિત સમક્ષની એવી કોઈપણ વિગતો; અથવા

(ગ) કોઈ નોટિસ બજાવવા માટે અથવા કોઈ માંગણાની વસૂલાત માટેની કોઈ કામગીરીથી આ અધિનિયમ હેઠળ કાયદેસર અમલ કરવાને કારણે વિગતો જાહેર થાય ત્યારે એવી કોઈ વિગતો; અથવા

(ઘ) આ અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહીમાંથી ઉપસ્થિત થતી કોઈ બાબતને લગતા સરકાર પક્ષકાર હોય તેવા દાવામાં દીવાની કોર્ટ સમક્ષની એવી કોઈ વિગતો, અથવા

**મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

(ચ) આ અધિનિયમથી નાખેલા વેરાની આવક અથવા તેના રિફંડનું ઓડિટ કરવા માટે નીમેલા કોઈ અધિકારી સમક્ષની એવી કોઈ વિગતો, અથવા

(છ) એવી વિગતો વેચાણવેરા ખાતાના કોઈ અધિકારીની વર્તણૂકના સંબંધમાં કરવાની કોઈ તપાસને લગતી હોય ત્યારે, આવી તપાસ કરવા માટે નીમાયેલ કોઈ વ્યકિત અથવા વ્યકિતઓ સમક્ષની વિગતો; અથવા

(જ) કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે નાખેલો કોઈ વેરો અથવા જકાતને તે સરકાર લઈ શકે કે વસૂલ કરી શકે તે હેતુ સારૂ આવશ્યક લાગે તેવી, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના અધિકારી સમક્ષની કોઈ હકીકતો; અથવા

**રદ કરવા બાબત અને અપવાદ.**

(ઝ) પૂરતા સ્ટેમ્પ ચોંટાડયા ન હોય તેવા દસ્તાવેજ અટકાવવાને મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ના અથવા ભારતનો સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ મુજબ રાજ્ય સેવક પોતાની સત્તા કાયદેસર વાપરવાને લીધે કોઇ વિગતો ખુલ્લી પડી હોય ત્યારે એવી કોઈ વિગતો; અથવા

**સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો. સન ૧૯૮૯નો ગુજરાતનો ૧૧મો.**

(ટ) એવી વિગતો કાયદા વ્યવસાયી, વેચાણવેરા વ્યવસાયી અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ વિરૂદ્ધની વેચાણવેરાની કાર્યવાહીના સંબંધમાં ગેરવર્તણૂકના આરોપ માટેની કોઈ તપાસને લગતી હોય ત્યારે, કાયદા વ્યવસાયીનો, વેચાણવેરા વ્યવસાયીનો અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અથવા યથાસંગ કોસ્ટ એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતાં સભ્યો વિરૂદ્ધ શિસ્તના પગલાં લેવાની સત્તા અધિકાર આપેલા અધિકારી સમક્ષની એવી કોઈ વિગતો; અથવા

(ઠ) અર્થશાસ્ત્ર અને આંકડા કચેરીના નિયામક અથવા કલમ ૭૧ની પેટાકલમ (૨) હેઠળ અધિકૃત કરાયેલ કોઈ વ્યકિત અથવા વ્યકિતઓ કોઇ ચીજવસ્તુ ઉપરના વેરાનું ભારણ નકકી કરવા સક્ષમ બનાવવા માટે જરૂરી હોય તેવી વિગતો તે નિયામક સમક્ષ અથવા એવી વ્યક્તિ અથવા એવી વ્યકિતઓ સમક્ષ એવી કોઈ વિગતો, અથવા સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

(ડ) રાજ્ય સરકાર કોઇ વિશિષ્ટ કેસમાં આદેશ કરે તે માણે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ તપાસ કે ફોજદારી કાર્યવાહીના હેતુ માટે કેન્દ્ર સરકારના કોઈ અધિકારી સમક્ષની એવી કોઈ વિગતો; સન ૧૯૮૯નો ગુજરાતનો ૧૧મો.

ગટ કરવાની બાબતને લાગુ પડશે નહિ.

**૯૩.** (૧) આ અધિનિયમ અથવા અગાઉના કાયદાની કોઈપણ જોગવાઈ અનુસાર કરેલ, કાઢેલ અથવા લીધેલ અથવા કરવા, કાઢવા કે લેવા ધારેલ કોઈપણ આકારણી (ફેરઆકારણી, પુનર્વિલોકન, અને સુધારા સહિતની), નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહીઓ, આવી આકારણી, નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહીઓ, આ અધિનિયમ અથવા અગાઉના કોઈ કાયદાના ઈરાદા અથવા હેતુઓ અનુસાર અથવા તે માણે મહત્વના અને અસર કરતા હોય તો આવી આકારણી, નોટિસ, સમન્સ અથવા બીજી કાર્યવાહીઓમાંની કોઈ ભૂલ, ખામી અથવા ચૂકના કારણમાત્રથી જ અમાન્ય ઠરશે નહિ.

(૨) સદરહુ નોટિસ, હુકમ અથવા યથાસંગ, જાણ જે વેપારી અથવા વ્યકિતને કરવામાં આવેલ હોય તેણે અગાઉથી જ તેની પર કામગીરી કરેલ હોય અથવા તેણે બજવણી અંગે વાંધો ઉઠાવેલ ન હોય અથવા આવી નોટિસ, હુકમ અથવા જાણ અનુસાર શરૂ કરેલ, ચાલુ રાખેલ અથવા આખરી કરેલ અગાઉની કાર્યવાહીઓમાં કામગીરી કરેલ હોય તો આવી નોટિસ, હુકમની બજવણી અથવા જાણ અંગે વાંધો ઉઠાવી શકશે નહિ.

(૩) આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈ હેઠળ બીજા કોઈ સત્તાધિકારી દ્વારા પણ કાર્યવાહી કરી શકાઈ હોત તેવા કારણમાત્રથી જ આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ પસાર કરેલ આકારણી, ફેરઆકારણી, પુનર્વિલોકન, ફેરતપાસ અથવા સુધારાનો કોઈપણ હુકમ, અમાન્ય ઠરશે નહિ.

**૯૪.** કલમ ૭૮થી જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય

(૧) ટ્રિબ્યુનલ, કમિશનર અથવા તેને સહાય કરવા માટે નીમેલ કોઈ અધિકારીને, આ અધિનિયમથી અથવા તેની હેઠળ તજવીજ કરવાનો અથવા નિર્ણય કરવાની સત્તા સન ૧૯૦૪નો મુંબઈનો ૧લો. મળેલ હોય તેવા કોઈ શ્નની તજવીજ કરવાની અથવા નિર્ણય કરવાની હકૂમત કોઈ દીવાની કોર્ટને રહેશે નહિ અને આ અધિનિયમથી અથવા તે હેઠળની કોઈ સત્તા અનુસાર લીધેલ અથવા લેવાના કોઈ પગલાના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટથી કોઈ મનાઈહુકમ આપી શકાશે નહિ;

(૨) ટ્રિબ્યુનલ, કમિશનર અથવા તેને સહાય કરવા માટે નીમેલ કોઈ અધિકારીએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમો હેઠળ કરેલ કોઈ આકારણી અને કોઈ હુકમ વિરૂદ્ધ કોઈ દીવાની કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

**૯૫.** (૧) કલમ ૭૧ના હેતુઓ માટે આપેલ કોઈ બાબતના સંબંધમાં કોઈ વ્યકિતગત પત્રક અથવા તેના કોઈ ભાગની કોઈપણ માહિતી, તત્સમયે તેના માલિક અથવા તેના અધિકૃત એજન્ટની લેખિતમાં પૂર્વસંમતિ વગર, કોઈ ખાસ વેપારીને ઉલ્લેખીને ઓળખાવી શકાય તે રીતે કોઈ વિગતો સિદ્ધ કરી શકાશે નહિ અને આ અધિનિયમની જોગવાઈઓ હેઠળની કોઈ કાર્યવાહીના હેતુ માટે આવી કોઈપણ માહિતીનો ઉપયોગ કરી શકાશે નહિ.

## અનુસૂચિ ૧

(જુઓ કલમ ૫ની પેટાકલમ (૧) )

જે માલનું વેચાણ અથવા ખરીદી, વેરામાંથી મુકત હોય તે માલ.

| અનુ ક્રમાંક | માલનું વર્ણન | જેને આધીન રહીને માફી આપવામાં આવી હોય તે શરતો અને આપવાદો. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અકીકના પથ્થરો અને તેમાંથી બનાવેલી ચીજવસ્તુઓ. | |
| ૨. | (૧) ખેતીવિષયક કામોમાં સંપૂર્ણપણે વપરાતા માણસ અથવા પશુ દ્વારા સંપૂર્ણપણે ચાલતા અથવા ચલાવાતાં ખેતીના સાધનો અને તેના ભાગો જે એવા ભાગ હોય તે સિવાય બીજી રીતે પણ સામાન્યતઃ વપરાતા ન હોય.<br>(૨) ખેતીના ઉપયોગ માટે ઓપનર (હલર) અને થ્રેસર. | |
| ૩. | અપંગ વ્યકિતઓ દ્વારા વપરાતા સાધનો અને ઉપકરણો. | |
| | (૧) અંધલિપી શૈક્ષણિક સાધનો, અંધલિપી ટાઈપરાઈટર, અંધલિપી લેખન પાટી અને અંધલિપી ઘડિયાળ. | |
| | (૨) ગ્રુપ હીયરીંગ એઈડઝ (સમૂહશ્રવણ સાધનો) અને હીયરીંગ એઈડઝ (શ્રવણ સાધનો) | |
| | (૩) ઈન્ડકશન ગ્રુપ એઈડઝ. | |
| | (૪) સ્પીચ ટ્રેઈનર. (ઉચ્ચારણ તાલીમ યંત્ર) | |
| | (૫) લેંગ્વેજ માસ્ટર. | |
| | (૬) શ્રવણ યંત્ર. | |
| | (૭) વોઈસ કોર્ડ. | |
| | (૮) વોકર. | |
| | (૯) વ્હીલચેર. | |
| | (૧૦) તમામ પ્રકારના કેલિપર. | |
| | (૧૧) કુત્રિમ અવયવો. | |
| | (૧૨) ઘોડીઓ. | |
| | (૧૩) ઓર્થોપેડિક ફૂટવેર અને ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટસ. | |
| | (૧૪) અપંગ વ્યકિતઓ માટેની ટ્રાયસિકલ અને ઓટો ટ્રાયસિકલ. | |
| | (૧૫) તમામ પ્રકારની ચીપ. (સ્પ્લીન્ટસ) | |
| | (૧૬) હ્રદયના વાલ્વ. | |
| | (૧૭) કુષ્ઠ રોગવાળાઓ માટે પ્રોસ્થેટીક એઈડસ. | |

| અનુ ક્રમાંક | માલનું વર્ણન | જેને આધીન રહીને માફી આપવામાં આવી હોય તે શરતો અને આપવાદો. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | (૧૮) મોતિયોને લગતા ઓપરેશનમાં વપરાતા ઇન્ટ્રા ઓક્યુલર લેન્સ. | |
| ૪. | કૃત્રિમ દાંત. | |
| ૫. | કાચમાંથી બનાવેલી બંગડીઓ અથવા પ્લાસ્ટીકની બંગડીઓ. | |
| ૬. | નાગરવેલના પાન અને નાગરવેલના પાનમાંથી બનાવેલ પાન, તાંબુલ, બીડાં અથવા પટ્ટી. | |
| ૭. | બિંદી, કુમકુમ અથવા સિંદુર. | |
| ૮. | રેલવે અને ઉતારુ વાહન વ્યવહાર સેવા માટેના પુસ્તકો, સામાયિકો અને જર્નલ ટાઇમટેબલ. | અનુસૂચિ ૨ની નોંધ ૫૬માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાય |
| ૯. | (૧) બ્રેડ. | |
| | (૨) ખાખરા, પાપડ, ગોળ ભૂંગળીવાળા પાપડ. | |
| | (૩) ઘઉંના લોટ અથવા મેંદામાંથી બનાવેલી સેવ. | |
| | (૪) તળ્યા વગરની બટાકાની કાતરી. | |
| ૧૦. | ઢોર, ઘેટાં અને બકરાં. | |
| ૧૧. | ચારો, ઘાસ, ખડ અને તણખલા અને સત્વવાળા પદાર્થો સહિત ઢોરનું ખાણ (કપાસિયા, તેલ સહિતના ખોળ અને તેલ રહિત ખોળ સિવાય). | |
| ૧૨. | (૧) અનાજ અને કઠોળ.<br>(૨) મકાઇના લોટ સિવાય અનાજ અને કઠોળનો લોટ.<br>(૩) ઘઉંનો લોટ, ઘઉંમાંથી બનાવેલ રવો, સોજી અથવા મેંદો. | બ્રાન્ડ હેઠળ સિલ કરેલા પેકેટમાં વેચવામાં આવે તે સિવાય |
| ૧૩. | ચરખો અને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા હાથે કાંતેલા સુતરના ઉત્પાદનમાં વપરાતા બીજા સાધનો અને તેના છૂટા ભાગો. | |
| ૧૪. | ચિકકી અને રેવડી. | |
| ૧૫. | આખા કે દળેલા મરચાં, આંબલી અને હળદર. | બ્રાન્ડ હેઠળ સિલ કરેલા પેકેટમાં વેચવામાં આવે તે સિવાય |
| ૧૬. | (કોપરા સિવાયનું) કાચલી સાથેનું નાળિયેર. | |
| ૧૭. | કોન્ડોમ, આંકડી અને કોન્ટ્રાસેપ્ટીવ ડીવાઇસ. (ગર્ભ નિરોધક સાધનો) | |
| ૧૮. | દેશી નળિયા. | |
| ૧૯. | ટપકસિંચાઇના સાધનો. | |
| ૨૦. | ઇંડા. | |

| અનુ ક્રમાંક | માલનું વર્ણન | જેને આધીન રહીને માફી આપવામાં આવી હોય તે શરતો અને આપવાદો. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨૧. | વિદ્યુત ઉર્જા. | |
| ૨૨. | રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આ નોંધના હેતુ માટે નિર્દિષ્ટ કરે તેવી ફરસાણ અને (મીઠી બનાવટો સિવાયની) ખાદ્ય ચીજો. | બ્રાન્ડ હેઠળ સિલ કરેલા પેકેટમાં વેચવામાં આવે તે સિવાય |
| ૨૩. | (૧) ઈંધણ અને કોલસો.<br>(૨) ઈંધણ સિવાય બીજા સ્વરૂપમાં વેચાતું લીમડા, પીપડા, બાવળ અને વડનું લાકડું. | |
| ૨૪. | માછલી, દરિયાઇ ખોરાક અને બીજી દરિયાઇ બનાવટ. | બ્રાન્ડ હેઠળ સિલ કરેલ કન્ટેઈનરમાં વેચવામાં આવે તે સિવાય |
| ૨૫. | ફીશીંગ નેટ. | |
| ૨૬. | (૧) તાજા ફૂલ. (બનાવટી ફૂલ સિવાય)<br>(૨) તાજા ફૂલમાંથી બનાવેલા વેણી, ગજરા, હાર અને એવી બીજી ચીજવસ્તુઓ. (બનાવટી ફૂલમાંથી બનાવેલી ચીજવસ્તુઓ સિવાય) | |
| ૨૭. | ફૂલ, ફળ અને શાકભાજીના બી, રજકો અને શણહેમ્પના બી, ઓરચીડ સિવાયના કંદ, કંદમૂળ અને છોડ. | |
| ૨૮. | તાજા ફળો, તાજા શાકબાજી, ખાદ્ય કંદમૂળ અને લસણ. | |
| ૨૯. | ગોળ પણ તેમાં કાકવી અથવા કાકબ કે ગોળની રસીનો સમાવેશ થતો નથી. | |
| ૩૦. | કૃત્રિમ રેશમયાર્ન અને કૃત્રિમ રેશમયાર્ન વેસ્ટમાંથી બનાવેલ હાર, પવિત્રા, કલગી, મુગટ, મોઢ વગેરે. | |
| ૩૧. | હાથલારી અથવા પશુઓથી ચલાવાતા ગાડા. | |
| ૩૨. | હાથસાળ અને તેના ભાગો. | |
| ૩૩. | (૧) હાથશાળનું કાપડ.<br>(૨) હાથશાળ પર વણેલી પટોળા સાડીઓ અથવા બીજી વસ્તુઓ.<br>(૩) રેશમી કિનખાબનું કાપડ એટલે કે રેશમી સુતર અને જરીના તારના આંતરવણાટનું હાથશાળનું કાપડ. | |
| ૩૪. | હીના પાવડર. (મહેંદી) | |
| ૩૫. | મનુષ્ય લોહી અને મનુષ્ય લોહી પ્લાઝમા. | |
| ૩૬. | તમામ પ્રકારના હરિકેન તથા હરિકેન લેમ્પ અને તેના છૂટા ભાગો અને ઉપસાધનો. | |
| ૩૭. | ખાખરાના પાન. | |
| ૩૮. | પતંગો. | |

(સન ૧૯૫૮નો મુંબઇનો ૬૬મો)

| અનુ ક્રમાંક | માલનું વર્ણન | જેને આધીન રહીને માફી આપવામાં આવી હોય તે શરતો અને આપવાદો. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૩૯. | ખાતર એટલે કે સેન્દ્રીય ખાતર (રાસાયણિક ખાતરો, તેલ સહિતના ખોળ અથવા તેલ રહિત ખોળ સિવાયનું) | |
| ૪૦. | માંસ. | સિલ કરેલ કન્ટેઇનરમાં વેચવામાં આવે તે સિવાય |
| ૪૧. | (૧) શુધ્ધ અથવા મલાઇ કાઢેલું ફરી બનાવેલું દૂધ. (દૂધના પાવડર સિવાય)<br>(૨) છાશ, દહીં, લસ્સી અને ચક્કો | |
| ૪૨. | મુંબઇ મોટર સ્પિરિટ વેચાણ વેરા અધિનિયમ, ૧૯૫૮માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મોટર સ્પિરિટ | |
| ૪૩. | (ઇલેક્ટ્રોનિક સંગીતના વાદ્યો સિવાયના) સંગીતના વાદ્યો અને હારમોનિયમના સૂર. | |
| ૪૪. | પડિયા અને પતરાળા. | |
| ૪૫. | પાવડા અને ત્રિકમ. | |
| ૪૬. | કેળના પાન. | |
| ૪૭. | પોલ્ટ્રી મરઘાંબતકાં. | |
| ૪૮. | મરઘાંની ચણ. | |
| ૪૯. | રાખડી. | |
| ૫૦. | મીઠું. | |
| ૫૧. | (૧) સરકારી તિજોરી અથવા વેન્ડર દ્વારા વેચાતા પેપર.<br>(૨) સરકાર દ્વારા વેચાતી પરબિડીયું, પોસ્ટ કાર્ડ વગેરે જેવી પોસ્ટલ આઇટમ. | |
| ૫૨. | રસી, ટોક્સાઇડ અથવા સીરા. | |
| ૫૩. | પાણી (એરેટેડ, મિનરલ, શુધ્ધ કરેલ પાણી, ઔષધીય, આયોનિક, ડિસ્ટીલ્ડ, બેટરી, ડીમિનરલાઇઝ્ડ પાણી અને સીલબંધ કન્ટેઇનરમાં વેચાતું પાણી સિવાયનું) | |
| ૫૪. | (૧) ઘરવપરાશના હેતુ માટેના લાકડાના બ્રશ.<br>(૨) લાકડામાંથી બનાવેલી ચીજવસ્તુઓ એટલે કે ધોકા, વેલણ, બાજોઠ, પાટલાપાટલી અને ઘોડિયા. | |
| | (૩) નગારા, ઢોલક, તબલા, કોંગા અથવા બોંગાની લાકડાની ફ્રેમો. | |

# અનુસૂચિ ૨

## [જુઓ કલમ ૭ અને ૯]

## જેના વેચાણો અને ખરીદી વેરાપાત્ર હોય તે માલ અને વેરાના દર

| અનુ. ક્રમાંક | માલનું વર્ણન | વેરાનો દર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | જેને અનુસૂચિ ૧ની નોંધ ૧ લાગુ પડતી ન હોય તેવા ખેતી વિષયક સાધનો અને ખેતી વિષયક યંત્રો. | રૂપિયે ચાર પૈસા |
| ૨. | વાંસ, આખો અથવા ફાડેલો અને વાંસમાંથી બનાવેલ ચીજવસ્તુઓ. | રૂપિયે ચાર પૈસા |
| ૩. | બોલ બેરીંગ, રોલર બેરીંગ, ટેપર બેરીંગ અને નીડલ રોલર બેરીંગ સહિત તમામ કારના બેરીંગ્સ અને તેના છૂટા ભાગો અને અંગભૂત ભાગો. | રૂપિયે ચાર પૈસા |
| ૪. | બેલ્ટીંગ્સ (પટા). | રૂપિયે ચાર પૈસા |
| ૫. | સોપારી અને સોપારીનો ચૂરો. | રૂપિયે ચાર પૈસા |
| ૬. | બાઈસિકલો, ટ્રાયસિકલો, સાઈકલ, રીક્ષા, પેડલ રીક્ષા અને સાઈકલ કોમ્બીનેશનો અને તેનાં ઉપસાધનો તથા ભાગો. | રૂપિયે ચાર પૈસા |
| ૭. | બોલ્ટ અને નટ. | રૂપિયે ચાર પૈસા |
| ૮. | હાડકાનો ભૂકો. | રૂપિયે ચાર પૈસા |
| ૯. | પિત્તળના ભાગો. | રૂપિયે ચાર પૈસા |
| ૧૦. | (૧) ફલાય એશ બ્રિક્સ, રિફ્રેક્ટરી બ્રિક્સ સહિતની તમામ જાતની ઈંટો. | |
| | (૨) મેંગ્લોરી નળીયા તરીકે ઓળખાતા છતના ટાઈલ્સ. | રૂપિયે ચાર પૈસા |
| ૧૧. | જીપી શીટસ અને સી.આર. શીટસના ડોલ, પીપ અને ટ્રન્ક, ધમેલા અને તગારા. | રૂપિયે ચાર પૈસા |
| ૧૨. | જથ્થાબંધ દવાઓ (બલ્ક ડ્રગ). | રૂપિયે ચાર પૈસા |
| ૧૩. | (૧) સોના ચાંદી અને બીજી કિંમતી ધાતુઓના લગડી અને સિક્કા. | રૂપિયે એક પૈસો |
| | (૨) સોના અથવા ચાંદી અથવા બંને અથવા બીજી કિંમતી ધાતુમાંથી બનાવેલી ચીજો અથવા ઝવેરાત (કિંમતી નંગ અથવા ખરા કે બનાવટી કે કલ્ચર્ડ મોતી લગાવેલ હોય કે ન હોય). | |
| | (૩) કિંમતી નંગ, અર્ધ કિંમતી નંગ અને તમામ કારના મોતી. | |
| ૧૪. | મીણમાંથી બનાવેલ મીણબત્તી. | રૂપિયે ચાર પૈસા |
| ૧૫. | (૧) કલમ ૨ના ખંડ (૫) હેઠળ રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેર કરે તેવો કેપિટલ ગુડ્સ. | |
| | (૨) પ્લાન્ટ અને મશીનરી. | રૂપિયે ચાર પૈસા |
| ૧૬. | કાસ્ટીંગ અથવા કાસ્ટ આયર્ન કાસ્ટીંગ. | રૂપિયે ચાર પૈસા |
| ૧૭. | કોસ્ટિકસોડા અને સિલિકેટ ઓફ સોડા. | રૂપિયે ચાર પૈસા |
| ૧૮. | રસાયણો. | રૂપિયે ચાર પૈસા |
| ૧૯. | તમામ કારના રાસાયણિક ખાતરો. | રૂપિયે ચાર પૈસા |

| | |
|---|---|
| ૨૦. (૧) ચારકોલ સિવાયના તેના તમામ સ્વરૂપમાં કોક સહિતનો કોલસો. | |
| (૨) કોલસાની ભૂકી (ફલાય એશ). | |
| (૩) કોલ ગેસ. | રૂપિયે ચાર પૈસા |
| ૨૧. કોયર મેટ્રેસીસ સિવાયના કોયર અને કોયર ઉત્પાદનો. | રૂપિયે ચાર પૈસા |
| ૨૨. કોફીના દાણા અને બી, કોકો પોડસ અને કાપેલા અથવા સૂકવેલા અથવા ક્રિયા કરેલ હોય કે ન હોય તેવી ચિકોરીની ગાંઠો અથવા મૂળ. | રૂપિયે ચાર પૈસા |
| ૨૩. ાઈવેટ બ્રાન્ચ એક્સચેન્જ (ભ.ા.૯.) અને ઈલેકટ્રોનિક ાઈવેટ ઓટોમેટિક બ્રાન્ચ એકસચેન્જ (૨.ભ.ખ.ા.૯.) વગેરે જેવા સંદેશાવ્યવહારના સાધનો. | રૂપિયે ચાર પૈસા |
| ૨૪. (૧) રૂ એટલે કે તેની અનિર્ણિત સ્થિતિ (દેશી અથવા આયાત કરેલા) રૂની બધી જાતો પછી તે લોઢેલું હોય અથવા લોઢ્યા વિનાનું હોય, ગાંસડીમાં બાંધેલું કે બીજી રીતે બાંધેલું હોય પણ તેમાં કોટન વેસ્ટનો સમાવેશ થતો નથી. | |
| (૨) કોટન વેસ્ટ. | રૂપિયે ચાર પૈસા |
| ૨૫. દેશી દારૂ અટલે કે ભારતમાં બનાવેલા વિદેશી દારૂ સિવાયના બધા દારૂ અને વિદેશી દારૂ એટલે, સ્પિરિટ, વાઈન અને ખમીર ચડાવેલા દારૂ સહિત ભારતમાં આણેલો અથવા બનાવેલો પીવા યોગ્ય વિદેશી દારૂ. | રૂપિયે સાઠ પૈસા |
| ૨૬. ક્રુસિબલ્સ. | રૂપિયે ચાર પૈસા |
| ૨૭. ક્રુડ ઓઈલ એટલે કે શેલ, કાલ્કેરસ રોક સેન્ડ જેવા જ્વાલાગ્રાહી પદાર્થોમાંથી મેળવાયેલ, ગમે તે સંરચના (કમ્પોઝીશન) ધરાવતા, સામાન્ય અથવા ઘનીભૂત ભૂગર્ભ તેલમાંથી અથવા જ્વાલાગ્રાહી ખનિજોના ડિસ્ટ્રક્ટીવ ડિસ્ટીલેશનથી મેળવેલ હોય તેવા અને નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ ક્રિયાને અધીન હોય કે ન હોય તેવું ક્રુડ પેટ્રોલિયમ ઓઈલ અને ક્રુડ ઓઈલ : | રૂપિયે ચાર પૈસા |

(૧) નિતારક્રિયા (ડિકેન્ટેશન);
(૨) ક્ષાર રહિત કરવાની ક્રિયા (ડીસોલ્ટિંગ);
(૩) આનાદ્રીકરણક્રિયા (ડીહાઈડ્રેશન);
(૪) વરાળદબાણ સરખું જાળવવા માટે સ્થાયીકરણ ક્રિયા
(૫) વહન સુધારવા અને દબાણ જાળવવા માટે બહુ હળવાં તત્વો ભૂગર્ભ ભંડારમાં પાછા જાય તે માટે તેમનું નિષ્કાસન;
(૬) ઉપર્યુક્ત ક્રિયાઓ દરમિયાન ભૌતિક પધ્ધતિથી અગાઉ મેળવેલ હાઈડ્રોકાર્બનોનો જ ઉમેરો;
(૭) દ્રવ્યના આવશ્યક ગુણધર્મમાં ફેરફાર ન કરે તેવી અન્ય કોઈ ગૌણ પ્રક્રિયા (પોર પોઈન્ટ દબાણકારક દ્રવ્યો અથવા પ્રવાહસુધારક દ્રવ્યો ઉમેરવા સહિત);

| | |
|---|---|
| ૨૮. તમામ પ્રકારની ડ્રીલીંગ રીગ્સ અને તેના છૂટા ભાગો અને ઉપસાધનો. | રૂપિયે ચાર પૈસા |
| ૨૯. ડાઈઝ (રંગકો). | રૂપિયે ચાર પૈસા |
| ૩૦. (૧) ખાદ્ય તેલ. | રૂપિયે ચાર પૈસા |

(૨) વોશ્ડ કપાસીયા તેલ,
(૩) અનાવશ્યક વનસ્પતિ તેલો,
(૪) ''વનસ્પતિ ઘી'' સહિત થીજાવેલ (હાઈડ્રોજીનેટેડ) વનસ્પતિ તેલો.

૩૧.ઈલેકટ્રોડસ. રૂપિયે ચાર પૈસા

૩૨.વધારાની આબકારી જકાતને પાત્ર ન હોય તેવા તમામ પ્રકારના કેબ્રિકસ. રૂપિયે ચાર પૈસા

૩૩.સામાન્ય રીતે ''જડીબુટ્ટી'' તરીકે ઓળખાતા ઔષધિ, છાલ, સૂકા છોડ, સૂકા મૂળ. રૂપિયે ચાર પૈસા

૩૪.સાદા અથવા સુશોભિત હોય કે ન હોય તેવા હાઈડસ અને સ્કિન. રૂપિયે ચાર પૈસા

૩૫.હોસ પાઈપ. રૂપિયે ચાર પૈસા

૩૬.હોઝિયરી માલ રૂપિયે ચાર પૈસા

૩૭.મગફળીની ફોતરી સહિત ફોતરા. રૂપિયે ચાર પૈસા

૩૮.બરફ. રૂપિયે ચાર પૈસા

૩૯.બનાવટી ઝવેરાત. રૂપિયે ચાર પૈસા

૪૦.અગરબત્તી, ૫ડી, ધૂપ અથવા ધૂપબત્તી અને લોબાન તરીકે સામાન્ય રીતે રૂપિયે ચાર પૈસા
ઓળખાતી અગરબત્તી

૪૧.નિરાકાર અથવા અમૂર્ત પ્રકારનો માલ, એટલે કે રૂપિયે ચાર પૈસા
(૧) પેટન્ટ, (૨) ટ્રેડમાર્ક (૩) બ્રાન્ડ નેમ, અને (૪) આયાત લાઈસન્સ.

૪૨.ઈન્ડસ્ટ્રીયલ કેબલ્સ (હાઈવોલ્ટેજ કેબલ, ક્લ્ચ કેબલ્સ, જેલી ફિલ્ડ કેબલ્સ, રૂપિયે ચાર પૈસા
ઓપ્ટિકલ ફાઈબર કેબલ્સ અને સ્પેશ્યાલિટિ કોમ્યુનિકેશન કેબલ્સ.

૪૩.લોખંડ અને પોલાદ એટલે કે રૂપિયે ચાર પૈસા

(૧) પોલાદના ગઠ્ઠા, બીબા, બોટમ પ્લેટો, લોખંડનો ભંગાર, ઢાળેલા લોખંડનો ભંગાર, રનર ભંગાર સહિતનું કાચું લોખંડ અને ઢાળેલું લોખંડ.

(૨) સ્ટીલ સેમીસ (તમામ જાતનાં, આકારના અને કદના ગઠ્ઠા, સ્લેબ, બ્લૂમ્સ અને બિલેટસ),

(૩) સ્કેલ્પ બાર, ટીન બાર, શીટબાર, હોબાર અને સ્લીપર બાર,

(૪) સ્ટીલ બાર (ગોળ સળિયા, ચોરસ, સપાટ, અષ્ટકોણ અને ષટકોણ, સાદા અને કિનારીવાળા અથવા વળવાળા, કોઈલરૂપે તેમજ સીધી લંબાઈના),

(૫) પોલાદના ચોકઠા (એન્ગલ્સ, જોઈન્ટસ, સાંકળો, ટીઝ, શીટ પીલ્ટીંગ સેકશનો ક (ઝેડ) સેકશનો અથવા અન્ય કોઈ રોલ્ડ સેકશનો),

(૬) પતરા, હુપ્સ, સ્ટ્રિપ અને સ્કેલ્પ, કાળાં અને ગેલ્વેનાઈઝ કરેલાં, એ બંને, ગરમ અને ઠંડા, વાળેલા, સપાટ અને વળિયાવાળા એ બધી જાતોમાં સીધી લંબાઈમાં અને કોઈલ સ્વરૂપ રોલ્ડ અને રિવેટ કરેલા,

(૭) બધી જાતની સપાટ અને ચેકર્ડ પ્લેટો, એ બંને,

(૮) ડીસ્ક, રિંગ, ફોર્જિંગ અને સ્ટીલ કાસ્ટિંગસ,

(૯) ઓજારો, મિશ્રધાતુ અને ઉપરના કોઈપણ વર્ગના ખાસ પ્રકારના સ્ટીલ,

(૧૦) સ્ટીલસ્કલ, ટર્નિંગ્સ અને બોરીંગ્સ સહિતના દરેક પ્રકારના સ્ટીલ. મેલ્ટિંગ સ્ક્રેપ,

(૧૧) ટયુબના જોડકામવાળી બધી જ વ્યાસ અને લંબાઈની ઝારેલી અને સાંધા વિનાની, એ બંને સ્ટીલટયુબો,

| | |
|---|---|
| (૧૨) હોટડિપ્ટ અને ઈલેકટ્રોલેટિક, એ બંને ટિન પ્લેટસ અને ટિન સિવાયની પ્લેટો. | |
| (૧૩) ફિશ પ્લેટ બાર્સ, બેરિંગ્સ પ્લેટ બાર્સ, ક્રોસિંગ સ્લીપર બાર્સ, ફિશ પ્લેટ, બેરિંગ પ્લેટો, ક્રોસિંગ સ્લીપર્સ અને દબાવેલા સ્ટીલ, | |
| (૧૪) સ્લીપર્સ, ભારે રેલો અને હળવી કેઈન રેલો, | |
| (૧૫) પૈડા, ટાયર, ધરીઓ અને પૈડાની સીટો, | |
| (૧૬) વાયર રોડસ અને વિંટિલા, ખેંચીને લાંબા કરેલા, ગેલ્વેનાઈઝ કરેલા, એલ્યુમિનિયમની કલાઈનો ઢોળ ચડાવેલા અથવા તાંબાના પડવાળા વાયરો, | |
| (૧૭) ઉપરના કોઈપણ વર્ગના ખામીવાળા, અસ્વીકાર્ય, ક્તરણ અથવા છેવટના ભાગો. (ૈંહ્વ ષ્ઠટ્ઠજ્ઞૂણૂફ્રઙ્ઘ). | |
| ૪૪. લોખંડનો ભૂકો. | રૂપિયે ચાર પૈસા |
| ૪૫. ઈન્ફોર્મેશન ટેકનોલોજીને લગતા ઉત્પાદનો જેવા કે કોમ્પ્યુટર પેરિફેરલ્સ, ડિજિટલ ઈલેકટ્રોનિક સાધનસામગ્રી, સંદેશાવ્યવહારની સાધન સામગ્રી અને તેના અંગભૂત ભાગો. | રૂપિયે ચાર પૈસા |
| ૪૬. શણ એટલે છૂંછા (કોરકોરસ કેપસ્યુલરિસ) અને સુતળી (કોરકોરસ ઓલિટોરસ) એ જાતની વનસ્પતિમાંથી ખેંચી કાઢેલા તંતુ અને ભીંડી (હિબિસ્કસ કેનાપિનસ) અને લાલ ખાટી અંબાડી (હિબિસ્કસ સબ્દરી ફાવર આલ્ટિસમા) એ જાતની વનસ્પતિમાંથી કાઢેલ મેસ્ટા અથવા બીમલીના નામે જાણીતો તંતુ, અને કોટોલેરીઆ જૂનસીઆએ જાતની વનસ્પતિમાંથી ખેંચી કાઢેલો સન અથવા હેમ્પના નામે જાણીતો તંતુ પછી તેની ગાંસડી બાંધી હોય કે બીજી રીતે રાખેલ હોય. | રૂપિયે ચાર પૈસા |
| ૪૭. કેરોસીન સ્ટવ અને તેના છૂટા ભાગો અને ઉપસાધનો. | રૂપિયે ચાર પૈસા |
| ૪૮. (૧) આમચૂર, અજમા (આજમ) અસાળિયો, નાળિયેર કોપરા, સૂકા મેવા, ઈસબગુલ, કાલીંગડાના બી, ખસખસ (રેડ પોપી સિડ્સ) જીરા (કયુમિન સિડ્સ), સુવા, ધાણા, ધાણાદાળ અને મરી અને મસાલા સહિતના, જાહેરનામાથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કરિયાણા અને તમામ પ્રકારના અને સ્વરૂપના મસાલા, | રૂપિયે ચાર પૈસા |
| (૨) બ્રાન્ડ હેઠળ સિલબંધ પેકેજમાં વેચવામાં આવે તેવા નીચેના માલ : | |
| (ક) ઘઉંના લોટ સિવાયનો તમામ સ્વરૂપના અનાજ અને કઠોળનો લોટ | |
| (ખ) મરચાં, દળેલા મરચાં, આંબલી અથવા દળેલી હળદર અથવા કોઈપણ બીજા મસાલા. | |
| (ગ) ફરસાણ એટલે કે (મીઠી બનાવટો સિવાયની) ખાદ્ય ચીજો | |
| (ઘ) માંસ, માછલી અને દરિયાઈ ખોરાક | |
| (ચ) પ્રક્રિયા કરેલ શાકભાજી. | |
| ૪૯. લિનિયર આલ્કાઈલબેન્ઝીન (ન.ૃ.ૅ.) | રૂપિયે ચાર પૈસા |
| ૫૦. (હોલ અથવા સ્કીમ્ડ) મિલક પાવડર. | રૂપિયે ચાર પૈસા |

| | |
|---|---|
| ૫૧. ખનીજ અને તેની કાચી ધાતુ | રૂપિયે ચાર પૈસા |
| ૫૨. (૧) બિનલોહ ધાતુ અને મિશ્રધાતુ | |
| (૨) (બિનલોહ ધાતુ અને મિશ્રધાતુમાંથી બનાવેલ) પતરાં, રોડ, સળિયા, સ્લેબ, બ્લોક, ગઠ્ઠા, સર્કલ અને ભંગાર, ઢોળ ચઢાવેલ અને એકસ્ટ્રુઝન માલની બનાવટો. | રૂપિયે ચાર પૈસા |
| ૫૩. કપાસિયાના ખોળ સહિત તમામ પ્રકારના તેલ સહિતના અથવા તેલ રહિતના ખોળ | રૂપિયે ચાર પૈસા |
| ૫૪. (૧) તમામ પ્રકારના તેલીબીયાં. | |
| (૨) સીંગદાણા | રૂપિયે ચાર પૈસા |
| (૩) અનુસૂચિ ૧ માં નિર્દિષ્ટ કરેલ ન હોય તેવા બીજા બીયાં | |
| ૫૫. સરકાર નિર્દિષ્ટ કરે તેવી પેકીંગની સામગ્રી | રૂપિયે ચાર પૈસા |
| ૫૬. (૧) તમામ પ્રકારના પેપર; | |
| (૨) એકસાઈઝ બુકર, ગ્રાફ બુક, લેબોરેટરી નોટબુક, ડ્રોઈંગ બુક, પરીક્ષા ઉત્તરવહી, કેટલોગ અને અનુસૂચિ ૧ની નોંધ ૬ લાગુ પડતી ન હોય તેવા પ્રકાશનો, પ્રિપ્રિન્ટેડ અથવા પ્રિન્ટેડ સામગ્રી, કેલેન્ડર અથવા કેલેન્ડરના ડટ્ટા, શૈક્ષણિક ઉપયોગ માટેના ચાર્ટ, નકશા અને ગ્લોબ, ફાઉન્ટન પેન, સ્ટાઈલોગ્રાફ પેન, બોલ પોઈંટ પેન, લેડ પેન્સિલ અને તમામ પ્રકારની પેન્સિલ જેવી લેખનસામગ્રી અને પેન અને પેન્સિલના છૂટા ભાગો અને ઉપસાધનો, સ્લેટ અને સ્લેટ પેન્સિલ અને ચોક, ક્રેયોન્સ, ફુટપટ્ટી, સ્લાઈડ રૂલ, ભૌમિતિક સાધનો, ગાણિતિક સાધનો અથવા તેના ભાગો અથવા ગાણિતિક સાધનોના બોક્ષ, સ્કૂલ કલર બોક્ષ, બ્લેડ બોર્ડ, રબર ઈરેઝર, પેન્સિલ શાર્પનર, ડિસેકશન બોક્ષ, ઓડિયો પિકચર કાર્ડસ, પ્રિન્ટીંગ ઈન્ક, કાટ્રીઝ અને ટોનર, ડ્રોઈંગ પીન, ડ્રોઈંગ બ્રશ, રબર રીંગ જેવી સ્ટેશનરીની ચીજવસ્તુઓ. | રૂપિયે ચાર પૈસા |
| ૫૭. જંતુનાશક દવાઓ (પેસ્ટીસાઈડસ, વીડીસાઈડસ અને ઈનસેકટીસાઈડસ). | રૂપિયે ચાર પૈસા |
| ૫૮. જી.આઈ.પાઈપ્સ, સી.આઈ.પાઈપ્સ, ડકટાઈલ પાઈપ્સ અને પીવીસી પાઈપ સહિતની તમામ પ્રકારની પાઈપ્સ. | રૂપિયે ચાર પૈસા |
| ૫૯. પ્લાસ્ટિક પગરખાં. | રૂપિયે ચાર પૈસા |
| ૬૦. તૈયાર પોષાકો અને કોઈપણ કાપડમાંથી તૈયાર કરેલ ચીજવસ્તુઓ. | રૂપિયે ચાર પૈસા |
| ૬૧. રિન્યુએબલ એનર્જી ડિવાઈસ અને તેના છૂટા ભાગો. | રૂપિયે ચાર પૈસા |
| ૬૨. રો વૂલ અને વૂલ ટોપ્સ. | રૂપિયે ચાર પૈસા |
| ૬૩. દીવાસળી. | રૂપિયે ચાર પૈસા |
| ૬૪. ફેબ્રિકસ પ્રિન્ટીંગમાં વાપરવા માટેના સ્ક્રીન પ્રિન્ટીંગ બ્લોકસ. | રૂપિયે ચાર પૈસા |
| ૬૫. સીવવાના સંચા. | રૂપિયે ચાર પૈસા |
| ૬૬. સીલ્ક ફેબ્રિકસ. | રૂપિયે ચાર પૈસા |
| ૬૭. સીમ કાર્ડ. | રૂપિયે ચાર પૈસા |
| ૬૮. સોફટવેર. | રૂપિયે ચાર પૈસા |
| ૬૯. સોડા એશ. | રૂપિયે ચાર પૈસા |

| | |
|---|---|
| ૭૦.(૧) પગરખાં સિવાયના રમતગમતના સાધનો. | રૂપિયે ચાર પૈસા |
| (૨) શારીરિક કસરતની સાધનસામગ્રી. | |
| ૭૧.સ્ટાર્ચ અને મકાઈનો લોટ અને ટોપીઓકાનો લોટ. | રૂપિયે ચાર પૈસા |
| ૭૨.વરાળ. | રૂપિયે ચાર પૈસા |
| ૭૩.ખાંડ. | રૂપિયે ચાર પૈસા |
| ૭૪.શેરડી. | રૂપિયે ચાર પૈસા |
| ૭૫.(૧) કોઈપણ સામગ્રી અથવા કોઈપણ માલ અથવા તેના વેસ્ટમાંથી બનાવેલા દોરા, દોરી, દોરડી અથવા દોરડાં. | રૂપિયે ચાર પૈસા |
| (૨) સીવવાના દોરા. | |
| (૩) વરત અને વરતડી. | |
| ૭૬.''ટીમરૂ'' ના પાન અથવા ''બીડી'' ના પાન. | રૂપિયે ચાર પૈસા |
| ૭૭.(૧) તમામ પ્રકારના ટ્રેકટર, પાવર ટીલર્સ અને ટ્રેકટરના ટ્રેઈલર. | |
| (૨) ટ્રેકટરટ્રેઈલર્સ. | રૂપિયે ચાર પૈસા |
| ૭૮.(૧) ટ્રાન્સફોર્મર, સ્વિચ ગિયર સ્વિચ બોર્ડ અને તેના છૂટા ભાગો અને ઉપસાધનો. | રૂપિયે ચાર પૈસા |
| (૨) ટ્રાન્સફોર્મર અને તેના ભાગો. | |
| ૭૯.તમામ પ્રકારની છત્રીઓ. | રૂપિયે ચાર પૈસા |
| ૮૦.તમામ પ્રકારના વાસણો. | રૂપિયે ચાર પૈસા |
| ૮૧.પાણીમાં ચલાવવા માટે ઉપયોગમાં લેવાના દરેક પ્રકારના વહાણો. | રૂપિયે ચાર પૈસા |
| ૮૨.(૧) પાણીના પંપ અને સેન્ટ્રીફ્યુગલ, મોનોબ્લોક અથવા સબમર્સિબલ સહિતના પાણી માટેના પમ્પીંગ સેટ અને તેના ભાગો. | રૂપિયે ચાર પૈસા |
| (૨) હેન્ડ પંપ અને તેના ભાગો અને ફિટીંગ્સ. | |
| ૮૩.ખજૂર તરીકે ઓળખાતી લીલી ખજૂર. | રૂપિયે ચાર પૈસા |
| ૮૪.સુપર એનેમ્લડ કોપર વાઈન્ડીગ વાયર અને પ્લાસ્ટિક કોટેડ વાઈન્ડીંગ વાયર સહિતના વાઈન્ડીંગ વાયર. | રૂપિયે ચાર પૈસા |
| ૮૫.તારની ચૂંકો અને બ્લ્યુ ટેકસ. | રૂપિયે ચાર પૈસા |
| ૮૬.(૧) યાર્ન અથવા (કોટન યાર્ન સહિત) તમામ પ્રકારના યાર્ન વેસ્ટ | |
| (૨) ફાઈબર અથવા તમામ પ્રકારનું ફાઈબર વેસ્ટ. | રૂપિયે ચાર પૈસા |
| ૮૭.અનુસૂચિ ૧ અને આ અનુસૂચિની આગળની નોંધોમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયનો તમામ માલ. | રૂપિયે સાડા બાર પૈસા |